અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

29 DECEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 178 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ઇઝરાયલ વિરુદ્ધ એકજૂટ થયા 21 મુસ્લિમ દેશો સોમાલીલેન્ડને માન્યતા આપવા પર વિરોધ

4

બાંગ્લાદેશમાં આઝાદી ઝંખી રહેલા હિન્દુઓને ભારત હુંફ આપે

6

ગૌતમ ગંભીરને હટાવી VVS લક્ષ્મણને ટેસ્ટ ટીમનો કોચ બનાવાશે? અટકળો બાદ BCCIનું મોટું નિવેદન

7

સોનામાં આ વર્ષે 1 લાખ પર 80 હજારનો નફો: 2026માં ગોલ્ડ, શેર, પ્રોપર્ટીમાં 15% સુધી રિટર્નની આશા

### વડાપ્રધાન મોદીએ 'મન કી બાદ'માં વર્ષ 2025ની ઉપલબ્ધિઓ ગણાવી

# ભારત નવી આશાઓ અને નવા સંકલ્પો સાથે આગળ વધવા તૈયાર

### વડાપ્રધાને રવિવારે 'મન કી બાદ'ના 129માં એપિસોડ દ્વારા દેશને સંબોધિત કર્યો હતો : આ એપિસોડ વર્ષ 2025નો છેલ્લો મન કી બાત કાર્યક્રમ હતો

નવી દિલ્હી, તા.28

મન કી બાતના 129મા એપિસોડમાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2025માં દેશની સિદ્ધિઓની ચર્ચા કરી. 2025ના છેલ્લા એપિસોડમાં, તેમણે નવા વર્ષ 2026ના પડકારો, શક્યતાઓ અને વિકાસની પણ ચર્ચા કરી.

PMએ કહ્યું, '2025 ભારત માટે ગૌરવપૂર્ણ સીમાચિહ્નોનું વર્ષ હતું. રાષ્ટ્રીય સુરક્ષા હોય, રમતગમત હોય, વૈજ્ઞાનિક નવીનતા હોય કે વિશ્વના સૌથી મોટા પ્લેટફોર્મ હોય, ભારતનો પ્રભાવ દરેક જગ્યાએ દેખાતો હતો.' આ ઉપરાંત, પીએમ મોદીએ રમતગમત, વંદે માતરમ, અવકાશ, મહાકુંભ, રામ મંદિર અને 77મા પ્રજાસત્તાક દિવસ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા.

આ પહેલા 20 નવેમ્બરે મન કી બાતનો 128મો એપિસોડ ટેલિકાસ્ટ કરવામાં આવ્યો હતો. પીએમએ તેમાં ભારતમાં રમતોની પ્રગતિ, વિન્ટર ટુરિઝમ, વોકલ ફોર લોકલની સાથે જ વારાણસીમાં યોજાનાર કાશી-તમિલ સંગમમનો ઉલ્લેખ કર્યો હતો.

PMએ કહ્યું કે ICMRએ હાલમાં અહેવાલ આપ્યો છે કે



ન્યુમોનિયા અને UTI જેવા રોગોની સારવારમાં દવાઓ બિનઅસરકારક સાબિત થઈ રહી છે. આ દવાઓના આડેધડ ઉપયોગને કારણે છે.

આજકાલ, લોકો એન્ટિબાયોટિક દવાઓનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ માને છે કે ફક્ત એક ગોળી લેવાથી તેમની બીમારી મટી જશે. હું તમને વિનંતી કરું છું કે તમે જાતે દવાઓ લેવાનું ટાળો. ડૉક્ટરની સલાહ લઈને જ તેનો ઉપયોગ કરો. થોડા જ દિવસોમાં વર્ષ 2026 શરુ થવા જઈ રહ્યું છે, અને આજે, જ્યારે હું તમારી સાથે વાત કરી રહ્યો છું, ત્યારે મનમાં આખા એક વર્ષની યાદો ફરી રહી છે - ઘણી તસવીરો, ઘણી ચર્ચાઓ, ઘણી સિદ્ધિઓ, જેમણે દેશને એકસાથે જોડી દીધો. 2025 એ આપણને એવી ઘણી પળો આપી જેના પર દરેક ભારતીયને ગર્વ થયો. દેશની સુરક્ષાથી લઈને રમતના મેદાન સુધી, વિજ્ઞાનની પ્રયોગશાળાઓથી લઈને વિશ્વના મોટા મંચો સુધી. ભારતે દરેક જગ્યાએ પોતાની મજબૂત છાપ છોડી. આ વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરેક ભારતીય માટે ગર્વનું પ્રતીક બની ગયું. દુનિયાએ સ્પષ્ટ જોયું કે આજનું ભારત પોતાની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરતું નથી. સ્વદેશીને લઈને પણ લોકોનો ઉત્સાહ ખૂબ જોવા મળ્યો. લોકો એ જ સામાન ખરીદી રહ્યા છે, જેમાં કોઈ ભારતીયનો પરસેવો લાગ્યો હોય અને જેમાં ભારતની માટીની સુગંધ હોય. આજે આપણે ગર્વથી કહી શકીએ છીએ કે 2025એ ભારતને વધુ આત્મવિશ્વાસ આપ્યો છે. એ વાત પણ સાચી છે કે આ વર્ષે આપણે કુદરતી આફતોનો સામનો કરવો પડ્યો, અનેક ક્ષેત્રોમાં સામનો કરવો પડ્યો. હવે દેશ 2026માં નવી આશાઓ, નવા સંકલ્પો સાથે આગળ વધવા તૈયાર છે.

મન કી બાત 22 ભારતીય ભાષાઓ અને 29 બોલીઓ ઉપરાંત 11 વિદેશી ભાષાઓમાં પણ પ્રસારિત કરવામાં આવે છે. તેમાં ફ્રેન્ચ, ચાઈનીઝ, ઈન્ડોનેશિયન, તિબેટીયન, બર્મીઝ, બલુચી, અરબી, પશ્તો, ફારસી, દારી અને સ્વાહિલીનો સમાવેશ થાય છે.

મન કી બાતનું પ્રસારણ આકાશવાણીના 500થી વધુ પ્રસારણ કેન્દ્રો પરથી થાય છે. પહેલા એપિસોડની સમય મર્યાદા 14 મિનિટ હતી. જૂન 2015માં તેને વધારીને 30 મિનિટ કરવામાં આવી હતી. 127મા એપિસોડમાં કહ્યું- તહેવારોમાં સ્વદેશી વસ્તુઓની જબરદસ્ત ખરીદી થઈ: વડાપ્રધાનના રેડિયો શો મન કી બાતના 127મા એપિસોડમાં પીએમએ છઠ પૂજાની શુભેચ્છાઓ પાઠવી અને લોકોને આ ઉત્સવમાં જોડાવા અપીલ કરી. પીએમ મોદીએ મન કી બાતમાં GST બચત ઉત્સવ, સરદાર પટેલની 150મી જયંતિ, રન ફોર યુનિટી જેવા વિષયો પર વાત કરી.

126મા એપિસોડની શરૂઆત લતા મંગેશકરને શ્રદ્ધાંજલિ આપવાથી કરી: પીએમએ કહ્યું- આજે લતા મંગેશકરની જયંતિ છે. ભારતીય સંસ્કૃતિ અને સંગીતમાં રુચિ ધરાવનાર કોઈ પણ તેમના ગીતો સાંભળીને અભિભૂત થયા વિના રહી શકતું નથી. તેમના ગીતોમાં તે બધું જ છે જે માનવીય સંવેદનાઓને જગાડે છે.

125મા એપિસોડમાં ચોમાસા પર વાત કરી, પ્રતિભા સેતુ એપ વિશે જણાવ્યું: પીએમએ છેલ્લી વાર ચોમાસાથી થઈ રહેલી તબાહી પર કહ્યું હતું કે કુદરતી આફતો આપણા દેશની પરીક્ષા લઈ રહી છે. આગળ તેમણે પ્રતિભા એપ અને સપ્ટેમ્બરમાં લિબરેશન ડે મનાવવાની જાણકારી પણ આપી હતી.

## હિમાલય સુધી રસ્તાઓ, સુરંગો અને એરસ્ટ્રિપ્સ બનાવી રહ્યું છે ભારત : અમેરિકી મીડિયાનો દાવો

નવી દિલ્હી, તા.28

ભારત હિમાલયી વિસ્તારમાં ચીન સાથે થનારી કોઈપણ સંભવિત અથડામણનો સામનો કરવા માટે રસ્તાઓ, સુરંગો અને હવાઈ પટ્ટીઓ બનાવવા પર કરોડો રૂપિયા ખર્ચ કરી રહ્યું છે. આ માહિતી અમેરિકી મીડિયા વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં સામે આવી છે.

રિપોર્ટ અનુસાર, 2020માં ચીન સાથે ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ પછી આ પગલાની શરૂઆત થઈ હતી. તે અથડામણે 2200 માઈલ લાંબી સરહદ પર ભારતની સામાન પહોંચાડવાની વ્યવસ્થા (લોજિસ્ટિક્સ)ની મોટી ખામીઓને ઉજાગર કરી હતી.

દાયકાઓથી ચીને પોતાની સરહદ પર રેલ અને રસ્તાઓનું વિશાળ નેટવર્ક બનાવ્યું છે. જ્યારે ભારત પોતાના પહાડી સરહદી વિસ્તારોમાં સૈનિકોને ઝડપથી પહોંચાડવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં પાછળ રહી ગયું. 2020ની અથડામણ દરમિયાન, 14,000 ફૂટની ઊંચાઈ પર ભારતીય અને ચીની સૈનિકો લાકડીઓ અને કાંટાળા તારથી વીંટળાયેલા ક્લબ વડે મારામારી કરી રહ્યા હતા.

નિષ્ણાતોનું કહેવું છે કે ચીન મજબૂત કનેક્ટિવિટીને કારણે થોડા જ કલાકોમાં મદદ પહોંચાડી શકતું હતું. જ્યારે ભારતને તે વિસ્તારના ખરાબ અથવા નહિવત રસ્તાઓથી વધારાના સૈનિકોને પહોંચાડવામાં એક



અઠવાડિયાનો સમય લાગતો.

લદ્દાખના ઉત્તરીય ક્ષેત્રમાં પૂર્વ ઓપરેશનલ લોજિસ્ટિક્સ પ્રમુખ મેજર જનરલ અમૃત પાલ સિંહે WSJને કહ્યું- આ ઘટના પછી અમને અમારી સંપૂર્ણ રણનીતિ બદલવાની જરૂરિયાત અનુભવાઈ.

ભારતના નોર્ધન કમાન્ડના પૂર્વ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ WSJને જણાવ્યું કે આ પ્રોજેક્ટનો હેતુ ઊંચાઈવાળી સૈન્ય ચોકીઓને અલગ પડેલી નાગરિક વસાહતો સાથે જોડવાનો છે.

ખાસ કરીને તે જગ્યાઓ કે જે કડકડતી ઠંડીમાં કપાઈ જાય છે. સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાંથી એક ઝોજિલા ટનલ છે, જેને ઉત્તર ભારતના પર્વતોમાં લગભગ 11,500 ફૂટની ઊંચાઈ પર બનાવવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટ 2020ના સંઘર્ષના થોડા મહિના પછી શરૂ થયો. તેને 750 મિલિયન ડોલર (6,734 કરોડ રૂપિયા)થી વધુના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે. તેને 2028 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

જનરલ દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું કે લગભગ 9 માઈલ (15 કિમી) લાંબો આ પ્રોજેક્ટ લદ્દાખમાં બોર્ડર ચોકીઓ સુધી સામાન પહોંચાડવાના મુશ્કેલ કાર્યને સરળ બનાવશે. લદ્દાખમાં ભારે હિમવર્ષાને કારણે આ ચોકીઓ વર્ષમાં 6 મહિના સુધી સપ્લાય લાઈનથી કપાયેલી રહે છે. હાલમાં સામાન ટ્રકો કે ટ્રેનો દ્વારા જમ્મુ અને કાશ્મીરના પડોશી ડેપો સુધી પહોંચાડવામાં આવે છે. ત્યાંથી સેનાના કાફલા તેમને લદ્દાખની રાજધાની લેહ સુધી લઈ જાય છે.

લેહથી નાની ગાડીઓ ખરાબ રસ્તાઓ પરથી પસાર થાય છે અને પછી પોર્ટર (સામાન ઉંચકનારા લોકો) અને ખચ્ચર સમુદ્ર સપાટીથી 20,000 ફૂટ ઉપર સુધી જરૂરી સામાન પહોંચાડે છે. દરેક સૈનિકને દર મહિને લગભગ 220 પાઉન્ડ પુરવઠાની જરૂર હોય છે, જેમાં ભોજન, કપડાં અને ટૂથપેસ્ટ જેવી જરૂરી ચીજો શામેલ છે.

30 સૈનિકોવાળી એક ચોકીમાં દરરોજ લગભગ 13 ગેલન ઈંધણનો વપરાશ થાય છે, જે કોઈના ખભા પર ચઢાવીને ઉપર પહોંચાડવામાં આવે છે.

ઝોઝિલા સુરંગ સામાનની અવરજવર સરળ બનાવશે. તેના નિર્માણથી શ્રીનગર અને લદ્દાખ વચ્ચેનો પ્રવાસ સમય કેટલાક વિસ્તારોમાં 3 કલાકથી ઘટીને 20 મિનિટ થઈ જશે. અહીં એક મોટો એન્જિનિયરિંગ પડકાર કામદારો અને પછીથી ડીઝલથી ચાલતી સેનાની ટ્રકો માટે પર્યાપ્ત વેન્ટિલેશન (હવાની અવરજવર) જાળવી રાખવાનો છે.

## શિવરાજે કહ્યું-દરેકે એક દક્ષિણ ભારતીય ભાષા શીખવી જોઈએ હું પણ એક શીખી રહ્યો છું, તેનાથી રાષ્ટ્રીય એકતા મજબૂત થશે

ચેન્નઈ, તા.28

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે શનિવારે જણાવ્યું હતું કે દરેક ભારતીયે ઓછામાં ઓછી એક દક્ષિણ ભારતીય ભાષા શીખવી જોઈએ. તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેઓ પોતે પણ કોઈ એક દક્ષિણ ભારતીય ભાષા શીખવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ચૌહાણ શનિવારે તમિલનાડુના હોસુર ખાતે આયોજિત મેગા કિસાન પરિસંવાદમાં સામેલ થયા હતા. આ કાર્યક્રમ સદગુરુ જગ્ગી વાસુદેવના ઈશા ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન શિવરાજે કહ્યું કે ભારતની ભાષાઈ વિવિધતા આપણી તાકાત છે અને એકબીજાની ભાષાઓ શીખવાથી રાષ્ટ્રીય એકતા અને પરસ્પર સમજણ મજબૂત બને છે. ચૌહાણે કહ્યું કે સદગુરુ જગ્ગી વાસુદેવના અનુભવોથી પ્રેરિત



થઈને સરકાર વૃક્ષ આધારિત કૃષિને લઈને એક નવી નીતિ બનાવવાનું કામ કરશે. ઈશા ફાઉન્ડેશન પહેલાથી જ આ દિશામાં કામ કરી રહ્યું છે, જેનાથી પર્યાવરણ સંરક્ષણની સાથે-સાથે ખેડૂતોની આવક વધારવામાં મદદ મળી શકે છે.

ઈશા ફાઉન્ડેશન ખેડૂતો વચ્ચે વૃક્ષ આધારિત ખેતીને પ્રોત્સાહન આપી રહ્યું છે, જેમાં પર્યાવરણ સુધારણા અને ખેડૂત સમૃદ્ધિની મોટી સંભાવના છે. સદગુરુના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને પ્રકૃતિ સંરક્ષણમાં ભાગીદાર બનાવવાના પ્રયાસો ચાલુ રહેશે.

'સેવ સોઈલ' અભિયાન સંદેશ આપે છે કે સ્વસ્થ માટી જીવન, ખાદ્ય સુરક્ષા અને આબોહવા સંતુલન માટે અત્યંત જરૂરી છે. પુનર્જીવિત ખેતી એટલે કે જમીનને નુકસાન પહોંચાડવાને બદલે તેને ફરીથી સ્વસ્થ અને ફળદ્રુપ બનાવવાથી મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેનું બગડેલું સંતુલન ફરીથી સ્થાપિત કરી શકાય છે.

કાર્યક્રમમાં સદગુરુ જગ્ગી વાસુદેવે કહ્યું કે ખેતીને બિનજરૂરી નિયમો અને પ્રતિબંધોથી આઝાદ કરવી જોઈએ. સદગુરુએ કહ્યું કે ખેડૂત પોતાની જમીન પર જે કંઈ પણ વાવે છે, તેના પર પૂરો અધિકાર ખેડૂતનો હોવો જોઈએ.

સાથે જ તેમણે મંત્રીને કૃષિ ભૂમિ પર વાવવામાં આવેલો પાક અને જંગલોમાં ઉગતી પેદાશો વચ્ચે સ્પષ્ટ અંતર કરવાની માંગ કરી.

## રાષ્ટ્રપતિ મુર્મુએ સબમરીન INS વાઘશીરમાં યાત્રા કરી : આવું કરનાર બીજા રાષ્ટ્રપતિ, આ પહેલા એપીજે અબ્દુલ કલામે પણ સબમરીનમાં યાત્રા કરી હતી

કારવાર, તા.28

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે કર્ણાટકના કારવાડ નેવલ બેઝ પર સબમરીનમાં યાત્રા કરી. કલવરી ક્લાસની સબમરીન INS વાઘશીરમાં નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠી પણ રાષ્ટ્રપતિ સાથે હતા.

નોંધનીય છે કે રાષ્ટ્રપતિ મુર્મુની કલવરી ક્લાસ સબમરીનમાં આ પ્રથમ અને કોઈ પણ રાષ્ટ્રપતિની બીજી યાત્રા છે. એપીજે અબ્દુલ કલામ પ્રથમ રાષ્ટ્રપતિ હતા જેમણે સબમરીન યાત્રા કરી હતી.

દ્રૌપદી મુર્મુ ભારતીય વાયુસેનાના બે ફાઈટર પ્લેનમાં ઉડાન ભરનારા ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ પણ છે. તેમણે આ વર્ષે 29 ઓક્ટોબરે રાફેલમાં ઉડાન ભરી અને 2023માં સુખોઈ 30 MKIમાં



ઉડાન ભરી હતી.

સ્કૉર્પિન એટલે કે કલવરી ક્લાસની સબમરીન INS વાઘશીરને 4 વર્ષ પહેલાં મુંબઈના મઝગાંવ ડોક્સમાંથી પ્રોજેક્ટ-75 હેઠળ લોન્ચ કરવામાં આવી હતી. અત્યંત આધુનિક નેવિગેશન અને ટ્રેકિંગ સિસ્ટમ્સથી સજ્જ આ એક ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીન છે. તેમાં ઘણા ઘાતક હથિયારો લાગેલા છે. આ સબમરીનને સાયલન્ટ કિલર પણ કહેવામાં આવે છે.

પ્રોજેક્ટ-75 હેઠળ 5 આધુનિક સબમરીનને દેશના સમુદ્રની સુરક્ષામાં તહેનાત કરવામાં આવી છે. INS વાઘશીર આ પ્રોજેક્ટની છેલ્લી સબમરીન હતી.

પાણીની સપાટી પર તેની ઝડપ 20 કિલોમીટર પ્રતિ કલાક હોય છે, જ્યારે પાણીની અંદર તે 37 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલે છે.

તેની રેન્જ ગતિ મુજબ નક્કી થાય છે. જો તે સપાટી પર 15 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચાલી રહી હોય, તો તે 12 હજાર કિલોમીટર સુધી ચાલી શકે છે.

પાણીની અંદર તે 1020 કિલોમીટરની રેન્જ સુધી જઈ શકે છે પરંતુ ગતિ 7.4 કિલોમીટર પ્રતિ કલાક હોવી જોઈએ.

આ કલવરી ક્લાસ સબમરીન છે. આ ક્લાસની સબમરીનની લંબાઈ લગભગ 221 ફૂટ, બીમ 20 ફૂટ અને ઊંચાઈ 40 ફૂટ હોય છે. આ સપાટી-વિરોધી યુદ્ધ (anti-surface warfare), સબમરીન વિરોધી યુદ્ધ (anti-submarine warfare), ગુપ્ત માહિતી એકત્ર કરવી, સમુદ્રમાં બારૂદી સુરંગ બનાવવી અને સમુદ્રની અંદરથી દેખરેખનું કામ કરી શકે છે.

તે 50 દિવસ સુધી પાણીની અંદર રહી શકે છે. મહત્તમ 350 ફૂટની ઊંડાઈ સુધી જઈ શકાય છે. તેમાં 8 સૈન્ય અધિકારીઓ અને 35 સેલર્સ તહેનાત કરી શકાય છે. તેની અંદર એન્ટી-ટોર્પીડો કાઉન્ટર મેઝર સિસ્ટમ લાગેલી છે. આ ઉપરાંત, તેમાં 533 મિમીની 6 ટોર્પીડો ટ્યુબ્સ હોય છે, જેમાંથી 18 SUT ટોર્પીડોઝ અથવા SM 39 એક્સોસેટ એન્ટી-શિપ મિસાઈલ લોન્ચ કરી શકાય છે. આ ઉપરાંત, તે પાણીની અંદર 30 દરિયાઈ બારૂદી સુરંગો બનાવી શકે છે.



# દારૂ-બાઈટિંગથી લઈને પીવા સુધીની તમામ વ્યવસ્થા! : પતરાના શેડમાં પડદા પાછળ ધમધમતા બારનો વીડિયો સામે આવ્યો....

**સુરત, તા.28**

ગુજરાતમાં કાગળ પર દારૂબંધી છે, પરંતુ સુરતની વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. સુરતમાં છેલ્લા ત્રણ દિવસમાં જે રીતે લોકોએ કાયદો હાથમાં લઈને દારૂના બે અડ્ડાઓ પર 'જનતા રેડ' કરી છે, તેણે પોલીસની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યા છે. હાલમાં જ મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે, પતરાના શેડમાં ચારેતરફ પડદા બાંધીને રીતસરનું દારૂનું બાર બનાવવામાં આવ્યું છે. અહીં દારૂ, પાણી-શોડા, બાઈટિંગથી લઈને લોકોને પીવા માટેની સુવિધા આપવામાં આવી રહી છે. એક તરફ સુરત પોલીસ ડ્રોન ઉડાવીને કાયદો-વ્યવસ્થાને જાળવવાના તાયફાવો કરે છે, પરંતુ શહેરનું ધમધમતા દારૂનો અડ્ડાઓ નજરે નથી પડતાં!

મહીધરપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ એન. એચ. બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, આ વીડિયો હાલ જ મારા સુધી પહોંચ્યો છે અને આ અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ પ્રકારના જુના વીડિયો પણ ફરતા હોય છે, જેથી તપાસ કર્યા બાદ આગળની કાર્યવાહી થશે.

31st પહેલા સુરતમાં પોલીસની રહેમનજર હેઠળ ચાલતા દારૂના વ્યવસાયની પોલ સામાન્ય જનતા ખોલી રહી છે. 23 ડિસેમ્બરના રોજ ભેસ્તાનના ભગવતીનગર વિસ્તારમાં લોકોએ દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે, લોકોએ ગુનો પકડ્યો હોવા છતાં પોલીસ કર્મચારીએ જનતા રેડ કરનારાઓને જ ચોરીનો ગુનો દાખલ કરવાની ધમકી આપી હતી, જે પોલીસ અને બુટલેગર વચ્ચેની મિલીભગત તરફ ઈશારો



કરે છે.

સુરતના પાલનપુર ગામમાં દારૂના દૂષણ અને અસામાજિક તત્ત્વોના ત્રાસથી કંટાળેલી મહિલાઓએ પોલીસની રાહ જોયા વગર જાતે જ મેદાનમાં ઊતરી 'જનતા રેડ' કરી બૂટલેગરોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. મહાદેવ ફળિયામાં ચાલતા દેશી દારૂના અડ્ડાને કારણે યુવતીઓની સુરક્ષા જોખમાતી હોવાથી મહિલાઓ રણચંડી બની ત્રાટકી હતી. બૂટલેગરે જ્યારે 'તમને શું નડે છે?' કહી ઉદ્ધતાઈ કરી ત્યારે ઉશ્કેરાયેલી મહિલાઓએ દારૂની પોટલીઓ રસ્તા પર ફેંકી દઈ અડ્ડાનો સોથ વાળી દીધો હતો. કાખમાં માસૂમ બાળકને તેડીને પણ મહિલા આ સાહસિક અભિયાનમાં જોડાઈ હતી.

પાલ વિસ્તારમાં જનતા રેડ બાદ પોલીસે જ્યારે બુટલેગર યજ્ઞેશની અટકાયત કરી અને તપાસ કરી, ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આ બુટલેગર વિરુદ્ધ અગાઉ 3થી વધુ ગુના નોંધાઈ ચૂક્યા છે. સવાલ એ થાય છે કે રીઢો ગુનેગાર હોવા છતાં તે પોલીસની નાક નીચે કેવી રીતે ખુલ્લેઆમ દારૂ વેચી રહ્યો હતો?

હજુ આ ઘટનાઓ શાંત નથી થઈ ત્યાં મહિધરપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવતા વસ્તા દેવડી રોડનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. આ વીડિયોમાં બુટલેગર કોઈપણ ડર વગર વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યો હોવાનું સ્પષ્ટ નજરે આવી રહ્યું છે. ગ્રાહકો માટે ત્યાં જ બેસીને દારૂ પીવાની (સિટિંગ) સુવિધા પણ પૂરી પાડવામાં આવી રહી છે. જાહેરમાં ચાલતી આ પ્રવૃત્તિ જોઈને લાગે છે કે બુટલેગરોને પોલીસ પ્રશાસનનો કોઈ જ ખોફ રહ્યો નથી.

31 ડિસેમ્બરની ઉજવણી પહેલા જ સુરત પોલીસની આબરૂના લીરા ઉડી રહ્યા છે. જે કામ પોલીસે કરવાનું હોય છે, તે કામ હવે સામાન્ય જનતા અને મહિલાઓએ કરવું પડી રહ્યું છે. શું પોલીસ ખરેખર અજાણ છે કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરી રહી છે? શું ઉચ્ચ અધિકારીઓ આ વિસ્તારના જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે પગલાં લેશે? સ્થાનિક લોકોનો આક્રોશ જણાવી રહ્યો છે કે જો પોલીસ કડક હાથે કામગીરી નહીં કરે, તો આગામી દિવસોમાં જનતા રેડના કિસ્સાઓ હજુ વધી શકે છે.

# રખડતી ગાયનો બે યુવક પર હુમલો : વડોદરામાં ગાય તોફાને ચડતા લોકોમાં નાસભાગ મચી ગઈ

**વડોદરા, તા.28**

વડોદરા શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ અટકવાનું નામ લઈ રહ્યો નથી. આજે ફરી એકવાર ખોડિયારનગર વિસ્તારમાં રખડતી ગાયે બે યુવક પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ગાયે યુવકો પાછળ દોટ મૂકીને ઢીંક અને શિંગડા વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચી છે. ગાયના તોફાનના પગલે લોકોમાં નાચભાગ મચી ગઈ હતી. તો તંત્રની કામગીરી સામે પણ લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

વડોદરા શહેરના ખોડિયારનગર ચાર રસ્તા પાસે આવેલ પંચમ ઈલાઈટ ફ્લેટ પાસે રખડતી ગાયે અચાનક તોફાન મચાવ્યું હતું. ગાયે રસ્તા પરથી પસાર થઈ રહેલા બે નિર્દોષ નાગરિકોને અડફેટે લીધા હતા, જેને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં ભોગ બનેલા બે વ્યક્તિ પૈકી એકને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ



કરવામાં આવી હતી.

વધુ ઈજાગ્રસ્ત વ્યક્તિને એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક રહીશોમાં આ ઘટનાને પગલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર રજૂઆતો છતાં કોર્પોરેશન દ્વારા રખડતા ઢોરના ત્રાસમાંથી મુક્તિ અપાવવામાં નિષ્ફળતા મળી રહી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

સામાજિક કાર્યકર અતુલ ગામેચીએ જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં રખડતી ગાયોના ત્રાસને દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, તેમ છતાં રસ્તાઓ પર ગાયોનો ખતરો યથાવત્ છે. આજે ખોડિયારનગર ચાર રસ્તા પાસે આવેલા પંચમ ઈલિઈટ પાસે એક ગાયની અડફેટે બે વ્યક્તિ ઘાયલ થયા છે, જેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે, જેને કારણે અવારનવાર રખડતા ઢોરને કારણે લોકોના મોત પણ થાય છે. જોકે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરવામાં આવતા વડોદરા વાસીઓમાં રોષ પણ જોવા મળી રહ્યો છે.

# રાજકોટ ડિવિઝનની 125 ટ્રેનના સમયમાં 1 જાન્યુઆરીથી ફેરફાર થશે : 108 ટ્રેન સમય કરતા વહેલા અને 17 ટ્રેન મોડી થશે

**રાજકોટ, તા.28**

રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરો માટે નવા વર્ષથી એટલે કે 1 જાન્યુઆરી 2026થી નવું ટાઈમ-ટેબલ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર 108 જેટલી ટ્રેન નિર્ધારિત સમય કરતા 1થી 42 મિનિટ વહેલા અને 17 ટ્રેનો 2થી 20 મિનિટ મોડી કરવામાં આવી છે. રાજકોટ રેલવે ડિવિઝનની યાદીમાં જણાવ્યા મુજબ મડગાંવ-હાપા એક્સપ્રેસ, દિલ્હી સરાઈ રોહિલ્લા-રાજકોટ એકસપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ-હાપા દુરંતો, તિરુવનંતપુરમ- વેરાવળ એકસપ્રેસ, એર્નાકુલમ- ઓખા એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-જામનગર હમસફર, રાજકોટ-વેરાવળ લોકલ અને દિલ્હી સરાઈ રોહિલ્લા-રાજકોટ એકસપ્રેસ તેના નિર્ધારિત સમય કરતા 5 મિનિટ વહેલા ઉપડશે. જયારે રામેશ્વરમ-



ઓખા એક્સપ્રેસ, પુરી-ઓખા એક્સપ્રેસ, દેહરાદુન-ઓખા, ઉતરાંચલ એક્સપ્રેસ, બિલાસપુર-ઓખા એક્સપ્રેસ, નાથદ્વારા-ઓખા એક્સપ્રેસ, રાજકોટ-પોરબંદર એકસપ્રેસ, વેરાવળ-રાજકોટ લોકલ અને પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ 10 થી 20 મીનિટ વહેલા ઉપડશે. જ્યારે માતા વૈષ્ણોદેવી કટરા-હાપા એકસપ્રેસ અને માતા વૈષ્ણોદેવી કટરા-જામનગર એક્સપ્રેસ 27 મિનિટ વહેલા ઉપડશે. આજ રીતે પોરબંદર-રાજકોટ લોકલ, ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ, ઓખા-શાલીમાર એકસપ્રેસ, પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ, પોરબંદર-સાંતરાગાછી એકસપ્રેસ અને પોરબંદર-રાજકોટ લોકલ નિર્ધારિત સમય કરતા 5-5 મિનિટ મોડી ઉપડશે.

રાજકોટ ડિવિઝનમાં ઓખા, દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, ભક્તિનગર, વાંકાનેર, થાન, સુરેન્દ્રનગર સહિત અન્ય સ્ટેશનોના સમયમાં ફેરફાર થશે, મુસાફરોએ ટાઈમ-ટેબલ મુજબ મુસાફરી કરતી વખતે રેલવે પૂછપરછ 139 નંબર અથવા www.r.indianrailways.gov.in પર વિગતો ચકાસી શકશે.

# કમૂરતાં બાદ ભાવનગર શહેરમાં સિટી બસ દોડતી થશે : 17 રૂટ પર 40 હાઈટેક EV બસ દોડશે, શહેરીજનોને મોંઘા રિક્ષા ભાડામાંથી મુક્તિ મળશે

**ભાવનગર, તા.28**

ભાવનગર શહેરમાં છેલ્લા લાંબા સમયથી સિટી બસ સુવિધા બંધ હાલતમાં હોય શહેરીજનોએ નાછૂટકે રિક્ષામાં મુસાફરી કરવી પડી રહી છે. ત્યારે શહેરીજનો માટે રાહતના અને ખુશીના સમાચાર આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા ભાવનગર શહેરને જે 100 EV બસ ફાળવવામાં આવી છે તે પૈકીની 40 બસ નવા વર્ષથી કમૂરતા બાદ દોડતી કરવાનો નિર્ણય લેવાયો છે. જે પૈકીની 10 બસ ભાવનગરના નવનિર્મિત ડેપો પર આવી પહોંચી છે. શહેરના ટોપ થ્રી સર્કલ પાસે 24 કરોડના ખર્ચે તૈયાર થયેલા અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસ ડેપો ખાતે બસો આવી પહોંચતા મેયર ભરતભાઈ બારડ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુ રાબડીયાએ મુલાકાત લીધી હતી, આ તકે તેમણે જણાવ્યું હતું કે, અન્ય 30 બસો પણ ટૂંક સમયમાં આવી જશે, જેનાથી કુલ 40 બસો નો કાફલો કાર્યરત



થશે. આ નવી ઈલેક્ટ્રિક બસો મુસાફરો માટે આરામદાયક અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ કરાવશે. સંપૂર્ણ એસી અને હાઈટેક તમામ બસો સંપૂર્ણપણે એરકન્ડિશન્ડ છે. બસમાં કેપેસિટી 25 મુસાફરોની બેસવાની ક્ષમતા, સુરક્ષા માટે બસમાં 4 સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે , દિવ્યાંગો માટે ટ્રાયસિકલ સાથે ચડવા માટેની ખાસ વ્યવ સ્થા, ઓટોમેટિક દરવાજા અને મુસાફરો માટે સ્પેશિયલ હેન્ડલ્સ, આ બસ મહત્તમ 75 કિમી/કલાકની ઝડપે દોડી શકશે.

શહેર 13 વોર્ડમાં ના અલગ-અલગ 17 રૂટ પર આ બસો દોડાવવાનું આયોજન છે, અંદાજે 28 કિમીની પેરીફેરીમાં આ સેવાનો લાભ મળશે, મુસાફરોની સુવિધા માટે શહેરમાં 150 જેટલા નવા પીકઅપ બસ સ્ટેન્ડ પણ બનાવવામાં આવશે, અત્યારે ડિસેમ્બર એન્ડ ચાલી રહ્યો છે, RTO પાસિંગનું કામ ઝડપથી પૂર્ણ કરી, કમૂર્તા પૂર્ણ થયા બાદ તુરંત જ મેયર સાથે પરામર્શ કરી લોકો માટે આ સુવિધાનો શુભારંભ કરવામાં આવશે. ભાવનગર મહાનગરપાલિકાના મેયર ભરત બારડએ જણાવ્યું હતું કે, ભાવનગર મહાનગરપાલિકામાં કેન્દ્ર સરકાર દ્વારા PM-eBus સેવા અંતર્ગત મિની ઈલેક્ટ્રિક AC બસો આવી રહી છે આજે 10 બસો આવી ગઈ છે. 30 બસ પણ ટૂંક સમયમાં આવી જશે. ભાવનગરનું અહોભાગ્ય છે કે ઘણા વર્ષો પછી અમને જશ મળશે તેવું કામ થઈ રહ્યું છે આ માટે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાત સરકારનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું, ભાવનગરના લોકોને આ બસ સેવાથી રિક્ષા ભાડામાંથી મુક્તિ મળશે, તેનો મને ખૂબ જ આનંદ છે. ભાવનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઈ રાબડીયાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અને મિશન સાથે સમગ્ર દેશ ગતિશીલ બની રહ્યો છે ત્યારે, દેશની અંદર પર્યાવરણ અને પરિવહનને ધ્યાનમાં રાખીને અનેક રાજ્યોમાં 'PM e-Bus' સેવાઓ શરૂ કરવાના શુભ આશયથી ગુજરાત રાજ્યમાં ભાવનગર મહાનગરપાલિકામાં આજે 40 બસો ભાવનગરને પહેલા તબક્કાની અંદર ડિલિવરી આપી છે, જેમાંથી 10 બસો અત્યારે આપ જોઈ રહ્યા છો તે સ્થળ ઉપર આવી ગઈ છે અને 30 બસો ઓન-વે છે, જે બે-ત્રણ દિવસમાં મળી જશે.

આ સાથે ભાવનગરમાં જે બસ ડેપો બનાવવામાં આવ્યો છે તે 24 કરોડના ખર્ચે ગુજરાતમાં સૌથી પહેલો બસ ડેપો તૈયાર કરી, આજે અમને ગૌરવ છે કે મેયરના નેતૃત્વમાં આ પહેલો ડેપો અને બસ ડિલિવરી મેળવવાની તક મળી છે, સાથે સાથે 14 કરોડના ખર્ચે ઓપરેશન અને મેન્ટેનન્સ માટે, ડ્રાઈવર-કંડક્ટરો માટે પણ મંજૂરી આગામી 31 તારીખની સ્ટેન્ડિંગ કમિટીમાં લેવામાં આવશે, ભાવનગરને 17 રૂટ ઉપર અલગ અલગ જગ્યાએ પ્રાથમિક ધોરણે રૂટો નક્કી કર્યા છે, લોકોને 28 કિલોમીટરની પેરીફેરીમાં આ બસની સુવિધાઓ મળવાની છે.

# બોરતળાવ-સીદસર આઈકોનિક બ્રિજ ક્યારે બનશે?:બે વર્ષ બાદ પણ બ્રિજ કાગળ પર, જો બ્રિજ બની જાય તો 20 ગામના લોકોને ફાયદો થાય








**ભાવનગર, તા.28**

ભાવનગર મહાનગર પાલિકા દ્વારા અંદાજિત 2 વર્ષ પહેલાં શહેરમાં આવેલ બોરતળાવ અને સીદસરને જોડતો 2 કિ.મી. લાંબો આઈકોનીક બ્રિજ અંદાજે રૂા.100 કરોડના ખર્ચે સાકાર થવાની વાતો હતી. પરંતુ આજદિન સુધી આ પ્રોજેકટ માત્ર કાગળ ઉપર છે અને જો આ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હોત તો સીદસર અને આજુબાજુના 20થી વધુ ગામોના લોકોના પરિવહન ને લાભ મળત પરંતુ આ પ્રોજેકટ માત્ર કાગળ પરજ રહેતા શાસક અને વિપક્ષ એકબીજાને પ્રહારો કરી રહ્યા છે.

ભાવનગર શહેરમાં હાલ સુવિધાથી સજ્જ ધજ્જ કરવા માટે ભાવનગર મહાનગરપાલિકા તેમજ પાલિકાના શાસકપક્ષ દ્વારા રોડરસ્તા,પાણી,ડ્રેનેજ જેવા વિકાસના કામો ચાલી રહ્યા છે. ત્યારે સવાલ એ છે કે બે વર્ષ પૂર્વ ઈસ્કોનથી બોરતળાવ સીદસર સુધી આઈકોનીક ઓવરબ્રિજ બનાવવા માટે શાસકપક્ષ દ્વારા આર્કિટેક પાસે આ આઈકોનીક બ્રિજ માટે સ્કેચ તૈયાર કરવા માટે રોકવામાં આવેલ જેમાં મોટી રકમ આ બાબતે ચુકવવામાં આવેલ તેમ છતાં આજદિન સુધી આ બ્રિજ માત્ર કાગળ પર જ રહેતા પાલિકાના વિરોધપક્ષ દ્વારા આકરા પ્રહાર કરવામાં આવી રહ્યા છે. તો બીજી બાજુ શાસકપક્ષ દ્વારા આ બ્રિજ બાબતે નમતું જોખી અને આ બ્રિજ માટે થોડી નાની મોટી મુશ્કેલીઓ જે આવી રહી છે તેને દૂર કરવા માટે પ્રયાસો હાલ ચાલી રહ્યા છે ત્યારે સવાલ એ છે કે આ બ્રિજ જો તૈયાર થઈ ગયો હોત તો ભાવનગરના આજુબાજુના ઘણાખરા ગામોને આ બ્રિજનો સીધો લાભ મળત.

આ અંગે મહાનગરપાલિકાના વિપક્ષ કોર્પોરેટર જયદીપસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ભાવનગર મહાનગરપાલિકામાં બે વર્ષ પહેલા બોરતળાવની અંદર ઈસ્કોન થી સીદસર સુધીનો પુલ બનાવવાની વાત હતી, જેમાં કન્સલ્ટ નિમ્યા. કન્સલ્ટને ફી વસુલ કરાવવવાની એટલે ખરેખર જે વસ્તુ કરવાની છે એ વસ્તુ કરતા નથી, છતાં તેને ઈસ્કોન થી સીદસર સુધી રોડ બનાવવાનું સૂજે છે. ખરેખર થાય તો અમે વિપક્ષ તરીકે એને વધાવશું, પણ આવા ડીપીઆર તૈયાર કરાવીને કન્સલ્ટને મોટી મોટી ફી ચૂકવાઈ છે. અમે સામાન્ય સભામાં કહ્યું કે કન્સલ્ટને ચૂકવવા માટે આ લોકો કંઈ પણ કરી શકે અને આ લોકો કાલ સવારે તખ્તેશ્વર થી સીધાજ ચંદ્રમાં જવાનો ડીપીઆર તૈયાર કરાવશે. કામ કરવું નથી, માત્ર ડીપીઆર તૈયાર કરાવી કન્સલ્ટને મોટી ફી ચુકવવામાં આવે છે. આ બોરતળાવની અંદર પુલ બનાવવાનો છે, પણ મારું એવું માનવું છે કે બોરતળાવની અંદર પ્રથમ બાંધકામની પરમિશન જ ન મળે. ખરેખર આવી પ્રાથમિકતા બધી પૂરી કરી ત્યારબાદ આવા ફતવા અને આયોજન કરવાની જરૂર છે. ન કરવાના કામ ખોટી વાહ વાહ, ચૂંટણી આવે એટલે ભાવનગરના શહેરીજનોને આવી ચોકલેટો આપશે, પછી ક્યારે ક્યાં પૂલ જશે, ક્યાં ભૂલ થશે એ ખબર નથી. એટલે હું નથી માનતો કે ભાવનગર મહાનગરપાલિકા 100 થી 150 કરોડ રૂપિયા ખર્ચી આવા પુલ બનાવી શકે. પગારના ફાફા છે, ક્યાંથી પૈસા કાઢશે. માત્ર વાતો કરી કન્સલ્ટને ચૂકવવાના અને આ ચૂંટણી લક્ષી જાહેરાત હમણાં આવશે એટલે કરશે, એવું ચોક્કસ અમારું માનવું છે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજેશ રાબડીયાએ જણાવ્યું હતું કે ભાવનગર મહાનગરપાલિકાની અંદર બોરતળાવ એ મહારાજા કૃષ્ણકુમારસિંહજીની દેન છે.આ બોરતળાવ વિસ્તારમાં જે જૂનું બોરતળાવથી સીદસર ગામનો કેડો હતો, એના ઉપર આઈકોનિક બ્રિજ બનાવવા માટે અમે છેલ્લા બે વર્ષથી મથામણ કરી રહ્યા છીએ. આની અંદર આર્કિટેક રાખીને એનો કોન્સેપ્ટ તૈયાર કરવામાં આવેલો હતો. તે કોન્સેપ્ટની અંદર મોટાભાગે બોર તળાવમાં પાણીનો પ્રવાહ છે, એ કેનાલ સ્વરૂપે રહે અને વધારાના ભાગનું પોસન છે, એ પુરાતો હોય એવું અમને લાગ્યું. એટલે એ કોન્સેપ્ટની અમે ના પાડી છે. આખો બ્રિજ બને એના માટેનો નવો કોન્સેપ્ટ કરાવવા માટેની અત્યારે કાર્યવાહી શરૂ છે.

આગામી દિવસોમાં નવો કોન્સેપ્ટ સિલેક્શન કરી અને બોર તળાવના પાણીને ક્યાંય પણ અવરોધ ન થાય એ માટેની તૈયારીઓ થઈ રહી છે. આના માટેના જરૂરી NOC લેવાના હોય છે. એની પ્રોસેસ એકવાર કરી ચૂક્યા છીએ અને એમાં પર્યાવરણનું NOC લેવાનું હોય. આ NOC માટે થઈને આગળની ગતિવિધિ શરૂ છે અને આ બ્રિજથી આજુબાજુના 20 ગામડાઓને ફાયદો થવાનો છે. અને અમારો મક્કમ નિર્ધાર છે. આ બ્રિજ અમારે બનાવવો છે, પરંતુ ટેકનિકલ જે પ્રોસેસ કરવાની છે તે પ્રગતિમાં છે અને આગામી દિવસોમાં આ પુલ કરવામાં આવશે. અને અમે બ્રિજ માટે કોન્સેપ્ટ તૈયાર કરી રહ્યા છીએ. એની માટે અલગથી રાજ્ય સરકારમાં બજેટની માંગણી કરી ચૂક્યા છીએ. પરંતુ કોન્સેપ્ટ તૈયાર થયા પછી આખી ડિઝાઈન બને અને ડીપીઆર બને પછી એનું બજેટ નક્કી કરી શકીએ.

અગાઉ જે કન્સલ્ટ ફી ચૂકવવામાં આવી છે તે અંગે જણાવ્યું હતું કે કન્સલ્ટસી ફી ચૂકવવાનું જે કોન્સેપ્ટ તૈયાર કર્યો હોય એની ફી કાયમ માટે કોઈના કોઈ પ્રોજેક્ટ માટે કરવાની થતી હોય છે. ત્યારે જે પ્રોજેક્ટ તૈયાર કર્યો છે, જેની કોસ્ટ હોય, તેની ચુકવણી કરી હશે, પણ મને ખ્યાલ નથી. એ નીચેના વિભાગથી ચૂકવતી હોય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# અમેરિકામાં નવા વર્ષ પહેલા બરફનું તોફાન, હજારો ફ્લાઈટ્સ રદ

## 3 વર્ષની સૌથી ભારે હિમવર્ષા, એરપોર્ટ પર મુસાફરો ફસાયા, એરલાઈન્સે મફતમાં ટિકિટ બદલવાની છૂટ આપી







**વોશિંગ્ટન, તા.28**

અમેરિકાના ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં બર્ફીલા તોફાન 'ડેવિન'ને કારણે શનિવારે અમેરિકામાં 9,000થી વધુ સ્થાનિક ફ્લાઈટ્સ રદ અથવા લેટ પડી. રોઈટર્સ અનુસાર, હિમવર્ષાએ ક્રિસમસ પછીની રજાઓની મુસાફરીને સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત કરી દીધી.

આ તોફાનને કારણે ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં ઈમરજન્સી જાહેર કરવી પડી. ફ્લાઈટ અવેર અનુસાર, શુક્રવારથી શનિવાર સુધી અમેરિકામાં 2700થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ અને હજારો મોડી પડી. જ્યારે, શુક્રવારે 1802 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી અને 22,349 ફ્લાઈટ્સ મોડી પડી.

જેટબ્લુ, ડેલ્ટા, અમેરિકન અને યુનાઈટેડ જેવી મોટી એરલાઈન્સે સેંકડો ફ્લાઈટ્સ રદ કરી અને મુસાફરોને મફતમાં ટિકિટ બદલવાની છૂટ આપી છે. નેશનલ વેધર એજન્સી અનુસાર, બરફના તોફાને ન્યૂયોર્ક શહેરને બરફની સફેદ ચાદરથી ઢાંકી દીધું છે.

ન્યૂયોર્કથી લઈને લોંગ આઈલેન્ડ અને કનેક્ટિકટ સુધી શનિવાર સવાર સુધીમાં લગભગ 6 થી 10 ઈંચ (15 થી 25 સેન્ટિમીટર) બરફ પડ્યો. જ્યારે શનિવારે રાત્રે 2 થી 4 ઈંચ બરફવર્ષા થઈ, જેમાં સેન્ટ્રલ પાર્કમાં 4.3 ઈંચ બરફવર્ષા નોંધાઈ, જે 2022 પછી સૌથી વધુ છે.

કેટલીક જગ્યાએ કરા અને થીજી જતી વરસાદે પરિસ્થિતિ વધુ ખરાબ કરી દીધી હતી. નેશનલ વેધર સર્વિસે વિન્ટર સ્ટોર્મ વોર્નિંગ જારી કરી હતી, જેમાં લપસણા રસ્તા, ઓછી વિઝિબિલિટી અને પાવર આઉટેજની ચેતવણી આપવામાં આવી હતી.

ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલે રાજ્યના અડધાથી વધુ ભાગમાં ઈમરજન્સી જાહેર કરી અને કહ્યું, 'ન્યૂયોર્કવાસીઓની સુરક્ષા મારી પ્રથમ પ્રાથમિકતા છે, આ વાવાઝોડામાં અત્યંત સાવચેતી રાખો.'

રસ્તાઓ પર કોમર્શિયલ વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઘણા હાઈવે બંધ કરી દેવામાં આવ્યા છે અને પેન્સિલવેનિયા, મેસેચ્યુસેટ્સમાં પણ વિન્ટર એડવાઈઝરી જારી કરવામાં આવી છે.

સફાઈ કર્મચારીઓ આખી રાત રસ્તાઓ, ફૂટપાથ અને એરપોર્ટ રનવે સાફ કરતા રહ્યા. ટાઈમ્સ સ્ક્વેરથી લઈને સેન્ટ્રલ પાર્ક સુધી બરફ હટાવવાતા રહ્યા.

કેટલાક પ્રવાસીઓએ બરફવર્ષાને સુંદર ગણાવી, પરંતુ મોટાભાગના પ્રવાસીઓ માટે આ એક મોટો ઝટકો હતો. એક પ્રવાસીએ કહ્યું, 'આ ખૂબ જ ઠંડું હતું, પરંતુ શહેરે રસ્તાઓ સાફ કરવામાં સારું કામ કર્યું.'

વાવાઝોડું 25-26 ડિસેમ્બરના રોજ ઝડપથી આગળ વધ્યું અને શનિવાર સવાર સુધીમાં નબળું પડી ગયું. બપોર સુધીમાં માત્ર હળવો બરફવર્ષા થઈ.

હવામાન નિષ્ણાત બોબ ઓરાવેકે કહ્યું, 'સૌથી ભારે બરફવર્ષા સમાપ્ત થઈ ગઈ છે, હવે માત્ર હળવા ઝાપટાં બાકી છે.' હવે પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે, પરંતુ અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી છે.

# પાકિસ્તાને કહ્યું-નૂરખાન એરબેઝ પર ભારતે 80 ડ્રોન હુમલા કર્યા હતા : તેમાં ઘણા સૈનિકો ઘાયલ થયા હતા

**ઈસ્લામાબાદ, તા.28**

પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડારે શનિવારે જણાવ્યું હતું કે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ તેના નૂરખાન એરબેઝ પર મોટો ડ્રોન હુમલો કર્યો હતો. આ હુમલામાં ઘણા સૈનિકો ઘાયલ થયા હતા અને સૈન્ય ઠેકાણાઓને નુકસાન થયું હતું. ડારે વર્ષની છેલ્લી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભારતે રાવલપિંડીના ચકાલા વિસ્તારમાં આવેલા નૂર ખાન એરબેઝને નિશાન બનાવ્યું હતું. ભારતે 36 કલાકની અંદર પાકિસ્તાન તરફ 80 ડ્રોન હુમલા કર્યા હતા.

ડારના મતે, પાકિસ્તાની સેનાએ તેમાંથી 79 ડ્રોન તોડી પાડ્યા હતા, પરંતુ એક ડ્રોન એરબેઝ સુધી પહોંચી ગયું હતું. ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનના અન્ય ઘણા સૈન્ય ઠેકાણાઓને પણ નિશાન બનાવ્યા હતા, જેના કારણે કુલ 11 એરબેઝને નુકસાન થયું હતું.

ભારતે આ હુમલો 22 એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કર્યો હતો, જેમાં 26 પ્રવાસીઓના મોત થયા હતા.

ઈશાક ડારે આ પહેલા જૂનમાં પણ સ્વીકાર્યું હતું કે ભારતે તેમના બે મોટા એરબેઝ નૂર ખાન અને શોરકોટ એરબેઝ પર હુમલો કર્યો હતો. ડારે જિયો ન્યૂઝ પર ખુલાસો કરતા જણાવ્યું હતું કે 6-7 મેની



રાત્રે પાકિસ્તાન જવાબી હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હતું, ત્યારે જ ભારતે ફરીથી સ્ટ્રાઈક કરી દીધી અને નૂરખાન-શોરકોટ એરબેઝને નિશાન બનાવ્યું.

આ પહેલા પાકિસ્તાન સરકાર અને સેનાએ ભારતના હુમલાની વાતને નકારી હતી. જોકે, થોડા સમય પછી પાકિસ્તાની PM શાહબાઝ શરીફે અને હવે ડેપ્યુટી PM ઈશાક ડારે હુમલાઓની પુષ્ટિ કરી હતી. ભારત પહેલેથી જ કહી ચૂક્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન નૂર ખાન એરબેઝ તે મહત્વના ઠેકાણાઓમાં સામેલ હતું, જ્યાં કાર્યવાહી કરવામાં આવી હતી. ભારતનું કહેવું છે કે આ જવાબી હુમલો પાકિસ્તાન તરફથી ભારતના સરહદી વિસ્તારો પર કરવામાં આવેલા ડ્રોન અને મિસાઈલ હુમલાઓ પછી કરવામાં આવ્યો હતો.

ભારતે એ પણ જણાવ્યું કે તેણે પાકિસ્તાનમાં હાજર આતંકવાદી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) ના ઠેકાણાઓ પર હુમલો કર્યો, જેણે પહેલગામ હુમલાની જવાબદારી લીધી હતી. ભારતના મતે, આ કાર્યવાહીનો હેતુ આતંકવાદને આશ્રય આપતા ઠેકાણાઓને ખતમ કરવાનો હતો. ભારત તરફથી એ પણ કહેવામાં આવ્યું કે નૂર ખાન ઉપરાંત રફીકી, મુરીદ, રહીમ યાર ખાન, સુક્કુર અને ચુનિયન જેવા સૈન્ય અડ્ડાઓ પર હુમલા કરવામાં આવ્યા. આ સાથે જ સ્કરદુ, ભોલારી, જેકોબાબાદ અને સરગોધાના એરબેઝને પણ ભારે નુકસાન થયું. ભારતે પાકિસ્તાન પર હુમલાની શરૂઆત 6 અને 7 મેની રાતથી કરી. ભારતે પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. આ ઠેકાણાઓમાં પાકિસ્તાનના પંજાબ રાજ્યના બહાવલપુર અને મુરીદકે જેવા વિસ્તારો પણ સામેલ હતા. તેના જવાબમાં 8 મેની સાંજે પાકિસ્તાને ભારતના એર ડિફેન્સ સિસ્ટમ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો. તેણે તુર્કીયે અને ચીનના ડ્રોનનો ઉપયોગ કર્યો, પરંતુ તેમાં તેને સફળતા મળી નહીં.

ભારતની એરફોર્સ સંપૂર્ણપણે સક્રિય હતી અને નાના હથિયારોથી લઈને મોટા એર ડિફેન્સ સિસ્ટમ સુધી દરેક હથિયાર તૈયાર હતું. આ હથિયારોએ પાકિસ્તાનના ડ્રોનને ઘણું નુકસાન પહોંચાડ્યું. ભારતીય સેનાએ પણ સરહદની બીજી બાજુ ભારે તોપો અને રોકેટ લોન્ચર્સનો ઉપયોગ કરીને પાકિસ્તાની સેનાને ખરાબ રીતે ફસાવી રાખી અને તેને મોટું નુકસાન પહોંચાડ્યું.

# દાવો-હાદીના હત્યારાઓ મેઘાલય બોર્ડરના રસ્તે ભારત ભાગી ગયા

## બાંગ્લાદેશ પોલીસે કહ્યું- સ્થાનિક સહયોગીઓની મદદથી સરહદ પાર કરી ગયા, આરોપીઓની ધરપકડ થશે

**ઢાકા, તા.28**

ભારત અને શેખ હસીના વિરોધી બાંગ્લાદેશી નેતા ઉસ્માન હાદીની હત્યાના કેસમાં બે મુખ્ય શંકાસ્પદ ભારતમાં છુપાયેલા છે. બાંગ્લાદેશી મીડિયા ધ ડેઈલી સ્ટાર અનુસાર, હાદીના હત્યારાઓ મેઘાલય બોર્ડરના રસ્તે ભારત ભાગી ગયા. ઢાકા મેટ્રોપોલિટન પોલીસ (DMP) એ ડેઈલી સ્ટારને આ માહિતી આપી.

પોલીસ કમિશનર એસએન નઝરુલ ઈસ્લામે મીડિયાને જણાવ્યું કે શંકાસ્પદ ફૈસલ કરીમ મસૂદ અને આલમગીર શેખ મયમનસિંહ જિલ્લાના હલુઆઘાટ બોર્ડરના રસ્તે ભારતના મેઘાલય રાજ્યમાં ઘૂસી ગયા. પોલીસ અધિકારીએ કહ્યું, "અમારી જાણકારી મુજબ, આ બંને સ્થાનિક સહયોગીઓની મદદથી સરહદ પાર કરવામાં સફળ રહ્યા. અમે ભારતીય અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યા છીએ. આરોપીઓની જલ્દી ધરપકડ થશે.'

શંકાસ્પદ લોકો ભારત-બાંગ્લાદેશ સરહદ પર આવેલા હલુઆઘાટ સરહદના રસ્તે ભારતમાં ઘુસ્યા. સરહદ પાર કર્યા પછી, તેમને સૌથી પહેલા પૂર્તિ નામના માણસે રિસીવ કર્યા. બાદમાં, સામી નામના એક ટેક્સી ડ્રાઈવર તેમને મેઘાલયના તુરા શહેરમાં લઈ ગયો.'



અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, ફરાર આરોપીઓને મદદ કરનાર આ બંને વ્યક્તિઓને ભારતીય અધિકારીઓએ કસ્ટડીમાં લીધા છે. બાંગ્લાદેશ સરકાર આ શંકાસ્પદોને પાછા લાવવા માટે પૂરા પ્રયાસો કરી રહી છે. જોકે, ભારત સરકારે હજુ સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, અમે ભારતીય અધિકારીઓ સાથે સંપર્કમાં છીએ. અમે તેમની ધરપકડ વહેલી તકે કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ મામલે પોલીસ તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

બાંગ્લાદેશી સુરક્ષા દળોએ અગાઉ પણ આરોપી ફૈઝલ કરીમના ભારત ભાગી ગયાનો દાવો કર્યો હતો. બાંગ્લાદેશી મીડિયા અનુસાર, હત્યારાઓને પરિવહનમાં મદદ કરનાર આરોપી સિબિયન ડિયુ અને સંજય ચિસિમે કોર્ટમાં તેનો ખુલાસો કર્યો છે.

બાંગ્લાદેશી સુરક્ષા દળો અનુસાર, આરોપી ફૈસલ કરીમ હાદીની હત્યાના એક દિવસ પહેલા તેની ગર્લફ્રેન્ડ સાથે એક રિસોર્ટમાં ગયો હતો. ત્યાં તેણે ગર્લફ્રેન્ડને કહ્યું હતું - કાલે કંઈક એવું થશે, જેનાથી બાંગ્લાદેશ હચમચી જશે. સાથે જ હાદીનો વીડિયો પણ બતાવ્યો હતો.

ઉસ્માન હાદીના સમર્થકો અને વિદ્યાર્થી સંગઠનોના નેતાઓ અને કાર્યકરોએ ઢાકાની અંદર અને બહારના ઘણા જિલ્લાઓમાં રસ્તાઓ પર ઉતરીને પ્રદર્શન કર્યું.

પ્રદર્શનકારીઓએ દેશના સૌથી મોટા અખબાર ડેઈલી સ્ટાર અને પ્રોથોમ આલોની ઓફિસમાં તોડફોડ અને આગચંપી કરી હતી.

આ ઉપરાંત, શેખ હસીનાની અવામી લીગ સરકારના પૂર્વ શિક્ષણ મંત્રી મોહિબુલ હસન ચૌધરીના ઘરમાં તોડફોડ કરવામાં આવી હતી અને તેને આગ લગાડવામાં આવી હતી.

બાંગ્લાદેશના ઈન્કલાબ મંચના સચિવ અબ્દુલ્લાહ અલ જાબેરે યુનુસ સરકારને હાદીના હત્યારાઓને પકડવા માટે 30 દિવસની સમયમર્યાદા આપી છે.

સમયમર્યાદાની અંદર સરકાર પાસેથી હત્યારાઓની ઓળખ અને ધરપકડની માંગ કરવામાં આવી છે. જાબેરે આરોપ લગાવ્યો કે બાંગ્લાદેશની સાર્વભૌમત્વને ખતમ કરવાનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે.

જાબેરે સરકાર સમક્ષ બે મુખ્ય માંગણીઓ મૂકી છે, જેમાં પહેલી, હાદીની હત્યામાં સામેલ તમામ લોકોની ધરપકડ અને બીજી અવામી લીગ સાથે સંકળાયેલા સિવિલ-મિલિટરી ઈન્ટેલિજન્સ એજન્ટોની ધરપકડ.

ઉસ્માન હાદીને રાજધાની ઢાકામાં 12 ડિસેમ્બરે ગોળી મારવામાં આવી હતી, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેઓ રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે બાઈક સવાર હુમલાખોરે તેમને ગોળી મારી હતી.

હાદીને તરત જ ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, બાદમાં સારવાર માટે તેમને સિંગાપોર રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં 18 ડિસેમ્બરે તેમનું મૃત્યુ થયું હતું.

મીડિયા રિપોર્ટ અનુસાર હુમલાના થોડા કલાકો પહેલાં ઉસ્માન હાદીએ ગ્રેટર બાંગ્લાદેશનો એક નકશો શેર કર્યો હતો, જેમાં ભારતીય વિસ્તારો (7 સિસ્ટર્સ) સામેલ હતા.

હાદી ઈસ્લામિક સંગઠન 'ઈન્કલાબ મંચ'ના પ્રવક્તા હતા અને ચૂંટણીમાં ઢાકાથી અપક્ષ ઉમેદવાર હતા. ઈન્કલાબ મંચ ઓગસ્ટ 2024ના વિદ્યાર્થી આંદોલન પછી એક સંગઠન તરીકે ઉભરી આવ્યું. તેણે તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગની સરકારને પાડી દીધી હતી.

આ સંગઠન અવામી લીગને આતંકવાદી જાહેર કરીને તેને સંપૂર્ણપણે ખતમ કરવા અને યુવાનોની સુરક્ષાની માંગને લઈને સક્રિય રહ્યું. આ સંગઠન રાષ્ટ્રીય સ્વતંત્રતા અને સાર્વભૌમત્વના રક્ષણ પર ભાર મૂકે છે. મે 2025માં અવામી લીગને ભંગ કરવામાં અને ચૂંટણીઓમાં ગેરલાયક ઠેરવવામાં આ સંગઠનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી.

# ઈઝરાયલ વિરુદ્ધ એકજૂટ થયા 21 મુસ્લિમ દેશો

## સોમાલીલેન્ડને માન્યતા આપવા પર વિરોધ....

**જેરુસલેમ, તા.28**

ઈઝરાયલે 26 ડિસેમ્બરે સોમાલીલેન્ડને એક સ્વતંત્ર દેશ તરીકે સત્તાવાર રીતે માન્યતા આપી દીધી. ઈઝરાયલ આવું કરનાર પ્રથમ દેશ બન્યો છે.

ઈઝરાયલના નિર્ણય બાદથી મુસ્લિમ દેશોનો ગુસ્સો વધતો જઈ રહ્યો છે. દુનિયાભરના 21 દેશોએ આ નિર્ણય વિરુદ્ધ સંયુક્ત નિવેદન જારી કરીને વિરોધ નોંધાવ્યો છે.

સોમાલીલેન્ડ આફ્રિકાના હોર્ન ક્ષેત્રમાં આવેલ છે. આ દેશે 1991માં સોમાલિયાથી આઝાદીની જાહેરાત કરી હતી અને ત્યારથી આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવાનો પ્રયાસ કરી રહ્યું હતું. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સોમાલીલેન્ડના રાષ્ટ્રપતિ અબ્દિરહમાન મોહમ્મદ અબ્દુલ્લાહી સાથે સંયુક્ત ઘોષણા



પર હસ્તાક્ષર કર્યા.

સોમાલીલેન્ડના રાષ્ટ્રપતિએ તેને ઐતિહાસિક ક્ષણ ગણાવી અને કહ્યું કે આ નિર્ણય મધ્ય પૂર્વ અને આફ્રિકામાં શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપશે.

ઈઝરાયલ વિરુદ્ધ જોર્ડન, ઈજિપ્ત, અલ્જેરિયા, કોમોરોસ, જિબુટી, ગામ્બિયા, ઈરાન, ઈરાક, કુવૈત, લિબિયા, માલદીવ, નાઈજીરીયા, ઓમાન, પાકિસ્તાન, પેલેસ્ટાઈન, કતાર, સાઉદી અરેબિયા, સોમાલિયા, સુદાન, તુર્કીયે, યમન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

આ સાથે જ ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન દ્વારા પણ નિવેદન જારી કરીને વિરોધ નોંધાવવામાં આવ્યો છે. નિવેદનમાં પાંચ મુદ્દામાં વાતો કહેવામાં આવી છે. સોમાલિયા રિપબ્લિકનના સોમાલીલેન્ડ ક્ષેત્રને ઈઝરાયેલ દ્વારા માન્યતા આપવાનો અમે ઈનકાર કરીએ છીએ. આવું પગલું હોર્ન ઓફ આફ્રિકા અને લાલ સમુદ્ર સાથે સમગ્ર વિશ્વની શાંતિ અને સુરક્ષા પર અસર કરશે. ઈઝરાયલ આંતરરાષ્ટ્રીય કાયદાની અવગણના કરી છે. આવી માન્યતાની સખત શબ્દોમાં નિંદા કરીએ છીએ. આ આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના સિદ્ધાંતોનું ગંભીર ઉલ્લંઘન છે, જેમાં રાજ્યોની સાર્વભૌમત્વ અને તેમની પ્રાદેશિક અખંડિતતાના રક્ષણને જરૂરી ગણાવવામાં આવ્યું છે. આ ઈઝરાયલની વિસ્તરણવાદી વિચારસરણી છે.

અમે સોમાલિયા રિપબ્લિકનની સાર્વભૌમત્વને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. સોમાલિયાની એકતા, તેની પ્રાદેશિક અખંડિતતા કે સાર્વભૌમત્વને નબળી પાડતા કોઈપણ પગલાનો અમે ખંડન કરીએ છીએ.

કોઈ દેશના હિસ્સાને અલગ માન્યતા આપવી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ગંભીર જોખમ છે. સાથે જ તે આંતરરાષ્ટ્રીય કાયદા અને યુએન ચાર્ટરના મૂળ સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે.

ઈઝરાયલના આવા પગલાં અને પેલેસ્ટાઈનના લોકોને તેમની જમીન પરથી બળજબરીથી હટાવવાના કોઈપણ પ્રયાસને પણ અમે નકારીએ છીએ.

# ઝરદારીએ કહ્યું- પાકિસ્તાન ફરી યુદ્ધ માટે તૈયાર : મે મહિનામાં ભારતને સમજાવ્યું કે યુદ્ધ બાળકોનો ખેલ નથી

**કરાચી, તા.28**

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ શનિવારે જણાવ્યું હતું કે મે મહિનામાં થયેલા યુદ્ધ દરમિયાન પાકિસ્તાને ભારતના આક્રમણનો મજબૂતીથી જવાબ આપ્યો હતો. આ પછી ભારત સરકારને સમજાયું કે યુદ્ધ 'બાળકોનો ખેલ' નથી.

ઝરદારી શનિવારે પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની પુણ્યતિથિ નિમિત્તે કરાચીમાં એક રેલીમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાનના સંયમ માટે આભારી હોવું જોઈએ, કારણ કે જો પાકિસ્તાન ઈચ્છત તો વધુ ભારતીય ફાઈટર પ્લેનને તોડી શકતું હતું. ઝરદારીએ કહ્યું, આ તરફ, પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) ના ચેરમેન બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ફિલ્ડ માર્શલ આસિમ મુનીરની પ્રશંસા કરી. તેમણે કહ્યું- અમારા ફિલ્ડ માર્શલ (આસિમ મુનીર) નું



નામ સાંભળતા જ મોદી છુપાઈ જાય છે. હવે વિદેશમાં પાકિસ્તાન વિશે કંઈ કહેતા નથી. ભલે ભારત પોતાને મોટી તાકાત માનતું હોય, પરંતુ પાકિસ્તાનના નેતૃત્વ અને સેના જેવી હિંમત અને જુસ્સો તેમાં નથી. મોદીએ સમજવું જોઈએ કે યુદ્ધ માટે હિંમત, સંકલ્પ અને બલિદાન જોઈએ. મે મહિનામાં જ્યારે સંઘર્ષ શરૂ થયો, ત્યારે મને બંકરમાં જવાની સલાહ આપવામાં આવી હતી, પરંતુ મેં સ્પષ્ટ ઈનકાર કરી દીધો. મેં કહ્યું કે નેતાઓ બંકરોમાં નથી મરતા, તેઓ મેદાનમાં મરે છે. ભલે ભારત પોતાને મોટી તાકાત માનતું હોય, પરંતુ પાકિસ્તાનના નેતૃત્વ અને સેના જેવી હિંમત અને જુસ્સો તેમાં નથી. ફિલ્ડ માર્શલ સૈયદ આસિમ મુનીરે ભારત સાથેના યુદ્ધમાં સૌથી મોટી ભૂમિકા ભજવી. મુનીરે દુશ્મનની આંખોમાં આંખો નાખીને જવાબ આપ્યો. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ મુનીરની પ્રશંસા કરી છે. આજે આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનના વલણને સ્વીકારી રહ્યું છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP) ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ દાવો કર્યો હતો કે મે મહિનામાં થયેલા ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પાકિસ્તાનનો વિજય થયો હતો. આ 2025ની પાકિસ્તાનની સૌથી મોટી ઉપલબ્ધિ છે. તેમણે કહ્યું કે બેનઝીર ભુટ્ટોની શહાદતનાં 18 વર્ષ પછી પણ દેશના ચારેય પ્રાંતોમાંથી લોકોનું એકઠા થવું એ આતંકવાદ વિરુદ્ધ એક મજબૂત સંદેશ છે.

તંત્રી લેખ

# 2025માં નક્સલવાદનો સફાયો ભારત હવે લગભગ નક્સલમુક્ત

દેશની આંતરિક સલામતી સામે જોખમરૂપ બનેલા નક્સલવાદનો સફાયો બોલાવવામાં ૨૦૨૫નું વર્ષ મહત્ત્વનું સાબિત થયું છે. નક્સલવાદીઓને આર્થિક અને રાજકીય પોષણ આપનારાં તત્ત્વો પર ત્રાટકીને ગૃહ મંત્રાલયે નક્સલવાદનો સફાયો બોલાવી દીધો છે. ૨૦૨૫માં ૩૧૭ નક્લવાદીઓના ઢીમ ઢાળી દેવાયા હતા, ૮૦૦થી વધુની ધરપકડ કરાઈ હતી તેમજ ૨૦૦૦ નક્સલીઓ કે તેમના સાગરીતો શરણે આવ્યા હતા. ૧.૧ કરોડ રૂપિયાનું જેના માથે ઈનામ હતું તે શંકર અને તેના છ સાથીઓને ગઈકાલે ઓરિસ્સાના જંગલોમાં ઢાળી દઈને સુરક્ષા દળોએ તેમના આખા નેટવર્કને ખોરવી નાખ્યું છે.

સરકાર માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશને નક્સલમુક્ત બનાવવા માગે છે, અને તે દિશામાં સરકારે બહુ મોટી સફળતા મેળવી હોય એમ લાગી રહ્યું છે. ગૃહ મંત્રાલયે એવો ચક્રવ્યૂહ તૈયાર કર્યો હતો કે જેમાં નક્સલવાદને મદદ કરનારા પણ ફસાઈ ગયા હતા. પહેલાં તેમની પાસે પહોંચતાં શસ્ત્રો બંધ કરાવ્યાં, પછી તેમને મળતી આર્થિક મદદ બંધ કરાવી હતી. ચારે બાજુથી ફસાયેલા નક્સલવાદીઓને શરણે આવ્યા સિવાય છૂટકો નહોતો. ઓપરેશન બ્લેક ફોરેસ્ટમાં તો બહુ માથાભારે એવા ૨૭ નક્સલવાદીઓને ફૂંકી મરાયા હતા.

નક્સલવાદ ભારતમાં ઊધઈની જેમ પ્રસરવા લાગ્યો હતો. ઓરિસ્સા અને ઝારખંડના જંગલ વિસ્તારોમાં તેમનું રાજ ચાલતું હતું. ચૂંટણીના ઉમેદવારો નક્સલવાદીઓનો ટેકો મેળવવા પ્રયાસ કરતા હતા. ગામડાંના લોકો ડરના માર્યા નક્સલવાદીઓ કહે ત્યાં વોટ આપતા હતા. સ્થાનિક રાજકારણીઓ પણ તેમનાથી ડરતા હતા. બંદૂકની અણીએ રાજ કરતા નક્સલવાદીઓ ભારતની લોકશાહીના શરમકથા સમાન હતા. સુરક્ષા દળોને તેઓ પોતાના દુશ્મન ગણતા હતા. સુરક્ષા દળો ગામલોકોને પરેશાન કરે છે એમ કહીને તેઓ ગ્રામ્ય નાગરિકોને ભડકાવીને પોતાના સમર્થક બનાવતા હતા. દેશવિરોધી તત્ત્વો તેમના ટેકેદાર બની ગયા હોવાથી તેમને પૈસા તેમજ શસ્ત્રો મળી રહેતાં હતાં. સત્તાધારીઓએ એક દરોડા દરમ્યાન નક્સલવાદીઓ પાસેથી રોકેટ લોંચર્સ પકડયા ત્યારે તેમની તાકાતનો અસલી અંદાજ આવ્યો હતો.

આખું તંત્ર ફૂટેલું હતું. રોકેટ લોંચર્સ જંગલોમાં કેવી રીતે પહોંચ્યાં અને તેને ચલાવવાની તાલીમ કોણે આપી એ મોટા પ્રશ્નો હતા. દેશના દુશ્મનોએ તેમને હાથો બનાવ્યા હતા. કેન્દ્રના ગૃહપ્રધાને એવો સપાટો બોલાવ્યો હતો કે નક્સલવાદીઓ શરણે આવવા લાગ્યા હતા. લોકો સરકારની ટીકા કરતા હતા કે ત્રાસવાદ માટે પાકિસ્તાન જવાબદાર છે, પરંતુ દેશની અંદર ત્રાસ ફેલાવતા નક્સલવાદનો સફાયો કેમ નથી કરાતો? મોદી સરકારે નક્લવાદીઓનો સફાયો કરવાનું શરૂ કર્યું હતું. ૨૦૧૪માં ૧૨૬ વિસ્તારો નક્સલગ્રસ્ત હતા, જે ઘટીને ૨૦૨૫માં માત્ર ૧૧ થઈ ગયા હતા. સૌથી વધુ અસરગ્રસ્ત ૩૬ જીલ્લા હતા. આ આંકડો ઘટીને ત્રણ પર આવી ગયો હતો.

અંતરિયાળ ગામો સુધી મોબાઈલ અને સીસીટીવી પહોંચી ગયા હોવાથી નક્સલવાદીઓને મદદ કરનારા પણ ફસાતા હતા.

૨૦૨૫ના છેલ્લા અઠવાડિયામાં સુરક્ષા દળોએ ટોચના નક્સલવાદી ગણેશ સહિત છને ઢાળી દઈને ઓરિસ્સાને નક્સલમુક્ત કરવાનો દાવો કર્યો હતો. ઓરિસ્સાના કંદમાલ જીલ્લામાં પ્રતિબંધિત એવા સીપીઆઈ (માઓવાદી) સાથે સંકળાયેલા નક્સલવાદીઓનો સફાયો બોલાવવાની સરકારે નીતિ અપનાવી હતી. પ્રતિબંધિત સંગઠનોના લીડરના મોતથી આ જૂથોની કમર તૂટી જતી હોય છે અને માળખું વિખરાઈ જતું હોય છે. સત્તાવાળાઓની નજરે ઓરિસ્સામાં નક્સલવાદ પરનો આ છેલ્લો ઘા હતો. જેમાં જેના માથે ૧.૧ કરોડ રૂપિયાનું ઈનામ હતું તેવો ગણેશ માર્યો ગયો છે. અંતરિયાળ ગામોમાં તેના કારણે લોકોમાં ફફડાટ હતો. સુરક્ષા દળોએ તેને ટાર્ગેટ બનાવીને ઢાળી દીધો હતો. ગણેશ ૬૯ વર્ષનો હતો. પોતાના છ સાથીઓ - જેમાં બે મહિલાઓ પણ હતી - તેમની સાથે એ જંગલમાં છુપાયો હતો. હજુય જંગલોમાં કેટલાંક સંગઠનો કામ કરતાં હશે, પરંતુ તેમને મળતી આર્થિક સહાય બંધ થઈ ગઈ છે. સ્થાનિક ગ્રામ્ય જનતા હવે તેમનાથી ડરતી નથી.

**બાંગ્લાદેશનું રંગપુર ડિવિઝન જેને ત્યાંનું ચિકનનેક ગણવામાં આવે છે તેને વિખુટું પાડી દેવામાં આવે તો બાંગ્લાદેશોનો મોટો પ્રદેશ મુક્ત થઈ જાય. મહત્ત્વની વાત એ છે કે, આ ડિવિઝનની લગભગ 90 ટકા સરહદ પશ્ચિમ બંગાળ સાથે જોડાયેલી છે : બાંગ્લાદેશના સત્તાધિશો અને કટ્ટરવાદીઓ જાણી જોઈને ભારતને ઉશ્કેરવાનું અને કનડવાનું કામ કરી રહ્યા છે. તે ભારત વિરોધી તાકાતો જોડે ભાગીદારીના પ્રયાસ કરી રહ્યું છે. આ સંજોગોમાં જો ભારતને રાષ્ટ્રીય સુરક્ષા જોખમનો અણસાર આવ્યો તો તે સૈન્ય પગલાં ભરી લેશે : રંગપુરની ભૌગોલિક સ્થિતિ એટલી પ્રબળ છે કે, તેને સરળતાથી આઝાદ પણ કરી શકાય છે અને આઝાદ થયેલું હિન્દુ બહુમતી ધરાવતું રંગપુર ઈચ્છે તો ભારત તેની દેખરેખ કરી શકે છે. આ રીતે બાંગ્લાદેશમાં હિન્દુઓ જુદા પડી જશે અને જરૂર પડયે તેમને ભારતની મદદ પણ મળશે**

# બાંગ્લાદેશમાં આઝાદી ઝંખી રહેલા હિન્દુઓને ભારત હુંફ આપે

## બાંગ્લાદેશના હિન્દુઓ સ્વયંભુ આંદોલન કરીને રંગપુરમાં ભેગા થઈ અલગ પ્રદેશની માગણી કરી રહ્યા છે જેની ભારતે નોંધ લેવી જોઈએ

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર પડયા બાદ જે કટ્ટરવાદ, હિંસા, રાજકીય ઉથલપાથલ ચાલી રહ્યા છે તેનો અંત આવે તેમ દેખાતું નથી. ખાસ કરીને મોહમ્મદ યુનુસના હાથમાં સત્તા સોંપવામાં આવ્યા બાદ બાંગ્લાદેશની વધારે અધોગતિ થઈ હોય તેમ દેખાઈ રહ્યું છે. બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓએ જાણે કે યુનુસને કઠપુતળી બનાવી દીધા હોય તે રીતે નિવેદનો આવી રહ્યા છે અને કામગીરી થઈ રહી છે. જે બાંગ્લાદેશનું સર્જન જ ભારતે કરાવ્યું છે તેના વિરુદ્ધ હવે ઝેર ઓકવામાં આવી રહ્યું છે. ભારત સામે બાંગ્લાદેશની ક્ષમતા સામાન્યની કક્ષાએ પણ આવે તેવી નથી છતાં બાંગ્લાદેશ અને તેના કટ્ટરવાદીઓ દ્વારા ભારતને ધમકી આપવામાં આવી રહી છે. તેઓ મર્યાદા અને કક્ષાની બહાર જઈને એલફેલ નિવેદનો કરી રહ્યા છે. તાજેતરમાં કેટલાક કટ્ટરવાદીઓએ ભારતને ધમકી આપી છે કે, તેઓ ભારતના સેવન સિસ્ટર્સ ગણાતા પૂર્વોત્તર રાજ્યોને ભારતથી અલગ કરી દેશે. બાંગ્લાદેશી કટ્ટરવાદીઓ ભારતના સિલિગુડી સેક્ટર કે જેને ચિકન નેક પણ કહેવામાં આવે છે તેને સૈન્ય કાર્યવાહી કરીને કાપવાની વાત કરી રહ્યા છે.

અહીંયા સમજવા જેવી વાત એ છે કે, બાંગ્લાદેશ પાસે પણ એવો વિસ્તાર છે જે તેનાથી સરળતાથી અલગ થઈ શકે તેમ છે. જાણકારો માને છે કે, ભારત ખરેખર જો ૭૧ જેવું કોઈ પગલું ભરશે તો બાંગ્લાદેશના ટૂકડા નિશ્ચિત છે. બાંગ્લાદેશનું રંગપુર ડિવિઝન જેને ત્યાંનુ ચિકનનેક ગણવામાં આવે છે તેને વિખુટું પાડી દેવામાં આવે તો બાંગ્લાદેશોનો મોટો પ્રદેશ ભારતને આધિન થઈ જાય. મહત્ત્વની વાત એ છે કે, આ ડિવિઝનની લગભગ ૯૦ ટકા સરહદ પશ્ચિમ બંગાળ સાથે જોડાયેલી છે. તેના કારણે અહીંયાના લોકો બધા જ ભારત સાથે સરળતાથી જોડાઈ શકે તેમ છે. આ વિસ્તારમાં હિન્દુઓની વસતી પણ વધારે હોવાના અહેવાલો છે.

જાણકારો માને છે કે, ઉન્માદમાં આવીને બંને દેશોની પ્રજા આવું કરવાનું વિચારી રહી છે પણ દેખીતી રીતે તેમ કરવું શક્ય નથી. ખાસ કરીને ભારત એક જવાબદાર દેશ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું વિશેષ સન્માન છે અને ભારત આંતરરાષ્ટ્રીય કાયદાનું માન જાળવે છે. જો કે, મહત્ત્વની વાત એવી છે કે, ભવિષ્યમાં એવી કોઈ પરિસ્થિતિ ઊભી થઈ અને ભારતે વળતો જવાબ આપવાનો આવ્યો અથવા તો સ્વબચાવ કરવાનો આવ્યો તો કંઈપણ થઈ શકે છે. આ સંજોગોમાં બાંગ્લાદેશમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈ પણ પગલાં લેવા ભારત માટે ફરજિયાત બની જાય છે. જ્યારે એક દેશ આક્રમણ કરે અથવા યુદ્ધની સ્થિતિ ઊભી કરે તો બીજો દેશ સ્વાભાવિક રીતે બેસી રહેવાનો નથી. તે વળતા પગલાં ચોક્કસ લેશે. બાંગ્લાદેશ ભારતને બિલકુલ અડીને આવેલો દેશ છે. બંનેની સરહદો એક જ છે. આ સંજોગોમાં બાંગ્લાદેશમાં કોઈપણ બાબત આડીઅવળી થાય છે અથવા તો તે કોઈ આડોડાઈ કરે છે તો ભારત ઉપર તેની અસર પડવાની જ છે અને ત્યારે ભારતે પગલાં લેવા જ જોઈએ.

ઉલ્લેખનીય છે કે, કેટલાક જાણકારો આ બાબતને સમજાવવા માટે યુક્રેન અને રશિયાના યુદ્ધને પણ ઉદાહરણ તરીકે રજૂ કરી રહ્યા છે. આમ જોવા જઈએ તો યુક્રેન સોવિયેત સંઘનો ભાગ હતું. ઈતિહાસમાં તેના પુરાવા છે. સોવિયેત સંઘનું વિઘટન થયું તેમાંથી યુક્રેનનું સર્જન થયું છે. તે એક સ્વતંત્ર દેશ બન્યો છે. તે સ્વતંત્ર થયા બાદ પશ્ચિમી પ્રભાવમાં આવવા લાગ્યો હતો. રશિયાને આ બાબત ગમતી નહોતી. તેમ છતાં રશિયા શાંત રહ્યું હતું. બીજી તરફ યુક્રેન પણ રશિયાને જાણે ઉશ્કેરવા માગતું હોય તેમ રશિયા વિરોધી દેશો સાથે જોડાણ કરતું રહ્યું. તે



રશિયા વિરોધી સૌથી મોટી નાટો સૈન્યનો ભાગ બનવા માટે પણ વલખાં મારતું હતું. તેના પગલે જ રશિયાનું ધૈર્ય તુટી ગયું અને તે આક્રમણકારી થયું. હકિકત એવી હતી કે, રશિયા કોઈપણ ભોગે પોતાની સરહદે નાટો સૈન્ય આવે તેવું પસંદ કરતું નહોતું અને તેના કારણે જ તેણે યુક્રેન ઉપર હુમલો કરી દીધો.

રશિયા પાસે અદ્વિતિય સૈન્ય તાકાત છે અને તે કોઈપણ દેશ ઉપર હુમલો કરવાની હિંમત પણ રાખે છે. આજે સ્થિતિ એવી આવી ગઈ છે કે, અમેરિકા સહિતના પશ્ચિમી દેશો રશિયાને વિનંતી કરવા લાગ્યા છે કે, તે યુદ્ધ વિરામ કરે. તેઓ યુક્રેનને નાટોનું સભ્ય નહીં બનાવવા અને રશિયાએ યુક્રેનના જે વિસ્તારો ઉપર કબજો મેળવ્યો છે તેને માન્યતા આપવા પણ તૈયાર થઈ ગયા છે. સ્થિતિ એવી છે કે, યુક્રેનની આડોડાઈ તેને જ ભારે પડી રહી છે.

આ એક ઘટના જણાવે છે કે, જ્યારે દેશની સંપ્રભુતા સામે ખતરો ઊભો થાય છે અને સુરક્ષા જોખવાની વાત આવે છે ત્યારે કોઈપણ દેશ મજબૂર થઈને પણ તર્કના આધારે પગલા ભરતો હોય છે કે સૈન્ય કાર્યવાહી કરતો હોય છે. બાંગ્લાદેશ હાલના સમયમાં આવી જ કંઈક કામગીરી કરી રહ્યો છે.

બાંગ્લાદેશના સત્તાધિશો અને કટ્ટરવાદીઓ જાણી જોઈને ભારતને ઉશ્કેરવાનું અને કનડવાનું કામ કરી રહ્યા છે. તે સતત ભારત વિરોધી કામગીરી કરી રહ્યું છે અને ભારત વિરોધી તાકાતો જોડે ભાગીદારીના પ્રયાસ કરી રહ્યું છે. આ સંજોગોમાં જો ભારતને રાષ્ટ્રીય સુરક્ષા જોખમનો અણસાર આવ્યો તો તે સૈન્ય પગલાં ભરી લેશે. એક વાત સ્પષ્ટ છે કે, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે જો યુદ્ધ શરૂ થયું તો તે પણ રશિયા અને યુક્રેનની જેમ લાંબુ ચાલનારું અને મોટું આર્થિક નુકસાન લાવનાર બનશે.

ઉલ્લેખનીય છે કે, ૧૯૭૧માં બાંગ્લાદેશના નિર્માણ સમયે ભારત પાસે એક સુવર્ણ અવસર હતો કે, તે પોતાના સિલિગુડી કોરિડોરને પહોળો કરી નાખે અને બાંગ્લાદેશના આ રંગપુર ડિવિઝનને પોતાનામાં ભેળવી દે અથવા તો આઝાદ પ્રદેશ જાહેર કરીને પોતાને હસ્તક કરી લે. તે સમયે ભારતે જ બાંગ્લાદેશની આઝાદી માટે જંગ લડયો હતો તેથી ભારતે તેમ કરી લીધું હોત તો પણ કોઈ કહેનાર નહોતું. તે સમયે ભારતે સમગ્ર દુનિયા સામે ઝિંક ઝીલીને પણ બાંગ્લાદેશને મુક્ત કરાવ્યું હતું. તે સમયે જગતજમાદાર અમેરિકા પણ ભારત વિરોધી હતું છતાં તત્કાલિન પૂર્વ પીએમ ઈન્દિરા ગાંધીએ પોતાના દ્રઢ મનોબળ અને મજબૂત નેતૃત્વનો પરિચય આપીને બાંગ્લાદેશનું નિર્માણ કરાવ્યું હતું.

રંગપુર ડિવિઝન એક એવો વિસ્તાર છે જે સંપૂર્ણ રીતે પશ્ચિમ બંગાળને અડીને આવેલો છે. આ એક એવો વિસ્તાર છે જેનું કુલ ક્ષેત્રફળ ૧૬,૧૮૫ વર્ગ કિ.મી. છે. અહીંયાની કુલ વસતી ૧.૯ કરોડ છે. તેમાં અંદાજે પ્રતિ કિ.મી ૧૨૦૦ લોકો રહે છે. અહીંયા એક વિસ્તાર એવો છે જ્યાં ૨૩ લાખ હિન્દુઓની વસતી છે. આ પ્રદેશની કુલ વસતીના ૨૩ ટકા લોકો હિન્દુ સમુદાયના છે. જો આ ડિવિઝનની વાત કરીએ તો વસતીની સરેરાશ પ્રમાણે રંગપુર ડિવિઝન બાંગ્લાદેશનો બીજા ક્રમનો સૌથી વધુ વસતી ધરાવતો વિસ્તાર છે. બાંગ્લાદેશના સિલહટ ડિવિઝન બાદ રંગપુર ડિવિઝનમાં સૌથી વધારે વસતી છે. સિલહટ ડિવિઝનમાં ૧૩.૫૧ ટકા હિન્દુઓ છે. સંખ્યાના આધારે હિન્દુઓની સૌથી વધારે વસતી ઢાકા ડિવિઝનમાં છે. બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં ૨૮ લાખ હિન્દુઓ રહે છે. ઢાકાની કુલ વસતી ૪.૪૨ કરોડ છે અને તેમાં હિન્દુઓની વસતી ૬.૨૬ ટકા જ છે. આમ સરેરાશ હિન્દુ વસતીની સૌથી વધારે સરેરાશ રંગપુરમાં છે. તેના કારણે જ જો રંગપુર ડિવિઝનને ભારત સાથે જોડી દેવામાં આવે તો હિન્દુઓની મોટી વસતી ભારતમાં આવી જાય તેમ છે.

બાંગ્લાદેશ સામે સીધી રીતે હાલમાં કોઈ પગલાં લઈ શકાય તેમ નથી. તે ઉપરાંત બાંગ્લાદેશ સાથે યુદ્ધ કરવાનું પણ હાલ કોઈ નક્કર કારણ નથી. માત્ર ઉશ્કેરણીજનક નિવેદનો અને બેજવાબદાર નિવેદનોને પગલે બાંગ્લાદેશ સામે સૈન્ય પગલાં ભરી શકાય નહીં. તેવી જ રીતે સૈન્ય પગલા ભરીને રંગપુર ડિવિઝનને બાંગ્લાદેશથી અલગ પણ કરી શકાય તેમ નથી. સીધી રીતે આ કામ ઘણું કપરું છે. જાણકારો માને છે કે, રંગપુરને અલગ પાડવું હોય તો તેને સ્થાનિક લોકો દ્વારા જ અલગ પાડવું પડે. હાલમાં હિન્દુઓ તે કામ કરવા માટે નથી રહ્યા છે. બાંગ્લાદેશમાં ઈસ્લામિક કટ્ટરવાદ એટલો વકરી રહ્યો છે કે, હિન્દુઓને ભયાકન ત્રાસનો સામનો કરવો પડી રહ્યો છે. તેના કારણે બાંગ્લાદેશમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. ગમે ત્યારે કોમી હિંસા અને અન્યાયનો આ જ્વાળામુખી ફાટે તેવી સ્થિતિ છે. જાણકારોના મતે બાંગ્લાદેશમાં રહેતા તમામ હિન્દુઓ ધીમે ધીમે એકજૂથ થઈને રંગપુર આવીને વસવાટ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. અહીંયાની ડેમોગ્રાફીમાં જ મોટાપાયે પરિવર્તન આણી શકાય તેમ છે. એક વખત હિન્દુઓ આ વિસ્તારમાં એકજૂથ થઈને મજબૂત થઈને રહેવા લાગે તો તેમના માટે આંતરિક ભય ઓછો થઈ જાય. ખાસ કરીને જો હિંસા થાય અને બાહ્ય સમર્થન કે મદદની જરૂર પડે તો ભારત પરોક્ષ રીતે કોઈપણ મદદ આપી શકે અને હિન્દુઓને ભારતની મદદ મળે તો હુંફ બની રહે. બીજી બાબત એવી છે કે, આ વિસ્તારમાં હિન્દુઓ આવીને વસવાટ કરવા લાગે અને ત્યારબાદ તેમની સામે અન્ય થાય, હિંસા થાય કે તેમનું શોષણ કરવાની વાતો આવે તો તેઓ અલગ પ્રદેશની માગણી કરી શકે છે.

એક વખત અલગ હિન્દુ પ્રદેશની માગણી ઉગ્ર બને તો આ મુદ્દો આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી જાય. ત્યારબાદ જરૂર પડે તો ભારત આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવીને સૈન્ય કામગીરી કરીને રંગપુરને આઝાદ કરાવી શકે છે. રંગપુરની ભૌગોલિક સ્થિતિ એટલી પ્રબળ છે કે, તેને સરળતાથી આઝાદ પણ કરી શકાય છે અને જરૂર પડયે ભારતમાં તેનો વિલય પણ કરી શકાય તેમ છે. આ રીતે બાંગ્લાદેશમાં હિન્દુઓ જુદા પડી જશે અને જરૂર પડયે તેમને ભારતમાં પણ ભેળવી શકાશે. હાલમાં એકજબાબત મહત્ત્વની છે કે, બાંગ્લાદેશમાં પીડાઈ રહેલા હિન્દુઓને ભારતે કોઈપણ રીતે હુંફ મળે અને હિંમત મળે તેવી કામગીરી કરવી જોઈએ.

# અમેરિકા, યુરોપમાં સફેદ ક્રિસમસ ઈતિહાસ બની રહી છે

## ગ્લોબલ વોર્મિંગના કારણે અમેરિકામાં ક્રિસમસ ટાણે બરફની જગ્યાએ ભારે વરસાદ પડયો અને યુરોપમાં બરફ પડયો જ નહીં

ક્રિસમસ એક એવો તહેવાર છે જેમાં મોટાભાગે પશ્ચિમી દેશો, પશ્ચિમી સંસ્કૃતિ અને ત્યાંના લોકોનું એક ચોક્કસ પ્રકારનું પારંપરિક ઉજવણીનું દ્રશ્ય સદીઓથી લોકોમાનસમાં કંડારાયેલું છે. ખાસ કરીને બરફ પડતો હોય અથવા તો પડી ગયો હોય અને ચારે તરફ બરફની નાની ચાદર ફેલાયેલી હોય, પર્વતો, નદી કિનારી, મેદાનોમાં બરફમાં બાળકો રમતા હોય, મોજમજા કરતા હોય. આ એક એવી તસવીર હતી જે ભૂતકાળમાં અસ્તિત્વ ધરાવતી હતી પણ ધીમે ધીમે તેનું અસ્તિત્વ ભુંસાઈ રહ્યું છે. વ્હાઈટ ક્રિસમસ હકિકતે એક ઉત્સવ ગણાતો હતો પણ આ વર્ષે અમેરિકા, યુરોપ અને અન્ય પશ્ચિમી દેશોમાં વ્હાઈટ ક્રિસમસ જેવું વાતાવરણ મળ્યું નહીં. યુરોપના ઘણા દેશોમાં બરફ પડયો જ નહીં જ્યારે અમેરિકા જ્યાં બરફ પડવાની લોકો આતુરતાથી રાહ જોતા હતા ત્યાં મુશળધાર વરસાદ, પૂર અને વાવાઝોડાએ કેર વર્તાવી દીધો.



ઉલ્લેખનીય છે કે, આ વખતે હવામાન ખાતાએ પણ વ્હાઈટ ક્રિસમસ લગભગ નહીં થાય તેવી જાહેરાત કરી જ દીધી હતી. ખાસ કરીને જો યુરોપની અને અમેરિકાની વાત કરીએ તો ચેતવણી હતી કે, વાતાવરણમાં મોટાપાયે પલટો છે. તેમાંય યુરોપમાં તો માત્ર ઉત્તર-પૂર્વી યુરોપમાં જ બરફ પડવાની શક્યતાઓ જોવાઈ હતી. બાકી સમગ્ર યુરોપમાં ક્યાંય ક્રિસમસ કે તેની આસપાસ બરફ પડે તેવું લાગતું નહોતું. જાણકારોના મતે વાતાવરણ ઠંડુ હતું પણ તેના કારણે સુસવાટા મારતા ઠંડા પવન ચાલતા હતા પણ બરફ પડયો નહીં. બીજી તરફ અમેરિકામાં તો તદ્દન વિપરિત સ્થિતિ જોવા મળી હતી. અમેરિકામાં બરફની જગ્યાએ કેલિફોર્નિયા અને અન્ય કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડયો હતો. એકંદરે જોવા જઈએ તો પશ્ચિમી દુનિયામાં ગ્લોબલ વોર્મિંગની મોટી અસર જોવા મળી હતી અને વ્હાઈટ ક્રિસમસની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું.

અમેરિકાની જ વાત કરીએ તો ત્યાં એટમોસ્ફિયરિક રિવર અને વાવાઝોડાની વ્યાપક અસર જોવા મળી હતી. તેના કારણે બરફવર્ષા થઈ જ નહીં. અમેરિકાના પશ્ચિમી કિનારે ખાસ કરીને કેલિફોર્નિયામાં ક્રિસમસના દિવસે સ્નોફોલ થવાની જગ્યાએ ભારેથી અતિભારે વરસાદ પડયો હતો. હવામાન ખાતાના જાણકારો દ્વારા તેને એટમોસ્ફિયરિક રિવર તરીકે પણ ઓળખમાં આવે છે. તેઓ જણાવે છે કે, આકાશમાં ભેજની સ્થિતિ એક વિશાળ નદી જેવી થઈ જાય છે જે ભારે વરસાદ બનીને જમીન ઉપર વરસે છે. કેલિફોર્નિયાને આ એટમોસ્ફિયરિક રિવરે ઘમરોળી કાઢયું હતું.

બીજી તરફ લોસ એન્જેલસ અને સેન ડિઆગો જેવા શહેરોમાં પણ તોફાની વરસાદ પડયો હતો. ડિસેમ્બરમાં પડતા વરસાદના તમામ રેકોર્ડ આ વરસાદે તોડી કાઢયા હતા. વરસાદ એટલો વ્યાપક હતો કે, શહેરના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘણા વિસ્તારોમાં લેન્ડ સ્લાઈડનું જોખમ વધી ગયું હતું અને કેટલાક વિસ્તારના લોકોને ઘરબાર છોડીને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. બીજી તરફ પેસેફિક મહાસાગરમાં બોમ્બ સાઈક્લોનની સ્થિતિ ઊભી થઈ હતી. તેના કારણે કિનારાના શહેરો અને વિસ્તારોમાં ચક્રવાતની સ્થિતિ સર્જાઈ હતી. તોફાની પવનને કારણે અનેક જગ્યાએ વીજ પોલ્સ તુડી પડયા હતા અને લોકોને અંધારપટનો ભોગ બનવું પડયું હતું. સરેરાશ જોવા જઈએ તો લોકોએ ક્રિસમસની ઉજવણીના બદલે વાતાવરણના કેરનો સામનો કરવો પડયો હતો.

આ ઉપરાંત ન્યૂયોર્ક અને પૂર્વ કિનારાઓમાં પણ વ્હાઈટ ક્રિસમસની સ્થિતિ આવી નહીં. સામાન્ય રીતે ન્યૂયોર્ક અને પૂર્વના વિસ્તારોમાં ક્રિસમસ આવતા સુધીમાં ફ્રીઝિંગ પોઈન્ટ સુધી તાપમાન જતું રહે છે. આ વર્ષે સ્થિતિ કંઈક જુદી જોવા મળી હતી. ગ્લોબલ વોર્મિંગની અસરને પગલે આ વખતે ડિસેમ્બરનો અંત આવ્યો છતાં અહીંયા પણ બરફ પડયો નહીં. આ વિસ્તારોમાં બરફ પડવાનું તો દૂર રહ્યું પણ સરેરાશ તાપમાન પણ અન્ય વર્ષો કરતા ઉંચું જોવા મળ્યું હતું. ન્યૂયોર્ક શહેરમાં ક્રિસમસના દિવસે બરફનો એક કણ પણ પડયો નહોતો.

બીજી તરફ કેટલાક વિસ્તારોમાં કાળા વાદળા ઉમટી પડયા હતા અને ક્યાંક ક્યાંક સામાન્ય વરસાદ પડયો હતો. જાણકારો માને છે કે, હવે ક્રિસમસ પૂરું થયા પછી આ વિસ્તારોમાં શિયાળો જામશે. વાત એવી છે કે, ક્રિસમસ પૂરી થયા પછી હવે ઢગલાબંધ બરફ પડે તો પણ તેનાથી કોઈ ફેર પડવાનો નથી.

યુરોપની સ્થિતિ પણ આવી જ છે. યુરોપમાં પણ વાતાવરણમાં સતત પલટો આવી રહ્યો છે. છેલ્લાં ઘણા વખતથી ગ્લોબલ વોર્મિંગની અસર યુરોપના ઘણા દેશોને નડી રહી છે. ખાસ કરીને યુરોપ શિયાળા દરમિયાન તેના પર્યટન માટે સૌથી વધારે જાણીતું છે તેમાં જ મોટો ફટકો પડયો છે. યુરોપમાં ધીમે ધીમે બરફ પડવાનું ઓછું થઈ રહ્યું છે. આ વખતે ક્રિસમસ ઉપર પણ ખાસ કોઈ જગ્યાઓએ બરફ પડયો નથી. સ્કીઈંગ માટે લાખો લોકો યુરોપના વિવિધ હિલ સ્ટેશનો આવે છે તેમને પણ નિરાશા સાંપડી છે.

જાણકારોના મતે આ વખતે વ્હાઈટ ક્રિસમસ નહીં પણ ગ્રીન ક્રિસમસ અને ગ્રીન વિન્ટર જેવી સ્થિતિ આવી ગઈ છે. સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ, ઈટાલી અને ઓસ્ટ્રિયામાં ફેલાયેલી આલ્પ્સની પર્વતમાળામાં સામાન્ય રીતે ક્રિસમસ દરમિયાન ખૂબ જ બરફ પડયો હોય છે પણ ૨૦૨૫ સાવ કોરું રહ્યું હતું. અહીંયા શિયાળાની વહેલી શરૂઆત થઈ હતી. શરૂઆતમાં બરફ પડયો અને ક્રિસમસ વખતે બરફ પડયો જ નહીં. પર્વતો અને મેદાની વિસ્તારો ખાલી અને હરિયાળા દેખાયા હતા.

# ઈન્ડીગો સંકટ પરની હાઈલેવલ તપાસ પુરી

થોડા દિવસો પહેલા દેશની અગ્રીમ વિમાન સેવા કંપની ઈન્ડીગોની એક સાથે કેન્સલ થયેલી ફ્લાઈટોને કારણે દેશમાં અફરાતફરી થઈ ગઈ હતી. સરકારના માથે માછલા ધોવાયા હતા. સરકાર અંધારામાં જ રહી હતી. સંકટ પરથી લોકોનું ધ્યાન હટાવવા સરકારે વિવાદની તપાસ ડીજીસીએને સોંપી દીધી હતી. હવે ડીજીસીએના ચાર સભ્યોની કમીટીએ તપાસ રીપોર્ટ સંબંધી અધિકારીઓને આપી દીધો છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે આ રીપોર્ટ દિલ્હી હાઈકોર્ટને સીલ બંધ કવરમાં આપી દેવામાં આવ્યો છે. આ કમીટીનું નેતૃત્વ જનરલ સંજય કે બ્રહ્માણએ કર્યું હતું. આ તપાસ અહેવાલ ૧૫ દિવસોમાં સોંપી દેવાનો હતો, પરંતુ કિસ્સાની ગંભીરતા જોતા તપાસની અવધી ચાર દિવસ લંબાવવામાં આવી હતી. કમીટીએ ફ્લાઈટો કેન્સલ થવાના કારણો તેમજ કર્મચારીઓની અછત બાબતે તપાસ કરી હતી. આ રીપોર્ટ હજી સુધી સામાન્ય જનતા અને મીડિયાથી ગુપ્ત રાખવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ આઈપીએસ અમિતાભ ઠાકુર સામે લગભગ દરેક પક્ષના નેતાઓને વાંધો છે. ચીટીંગના કેસમાં હમણા તેઓ જેલમાં છે. જામીન માટે એમણે કોઈ વકીલ રોકવાને બદલે કોર્ટમાં પોતે જ દલીલો કરી હતી. કોર્ટમાં દલીલ દરમિયાન જજે પૂછેલા કેટલાક અગત્યના સવાલના જવાબો તેઓ આપી શક્યા નહોતા. તેઓ જેલમાં હતા ત્યારે વિડિયો કોન્ફરસીંગ દ્વારા એમણે જિલ્લા મેજીસ્ટ્રેટને વિનંતી કરી હતી કે, તેઓ જામીન માટે પોતે જ રજુઆત કરવા માંગે છે. આ



વિનંતીને માન્ય રાખીને કોર્ટે જિલ્લા જેલના અધિકારીને એમને હાજર રાખવા કહ્યું હતું. કોર્ટ સમક્ષ અમિતાભ ઠાકુરે રજૂઆત કરી હતી કે, એક જ ગુના બાબતે એમની સામે બે ફરિયાદો દાખલ કરવામાં આવી હતી જે પોલીસની માનસીકતા બતાવે છે. એમણે કહ્યું હતું કે, થયેલી છેતરપીંડીથી એમને કોઈ લાભ મળ્યો નથી. જે જમીન બાબતે વિવાદ થયો છે એ જમીન ખરીદનારને કોઈ વાંધો નથી. બાંગ્લાદેશમાં આવતા વર્ષે ૧૨મી ફેબુરઆરીએ સામાન્ય ચૂંટણી થવાની છે. આ ચૂંટણી માટે નેશનલ સીટીઝન પાર્ટી (એનસીપી) જમાત-એ-ઈસ્લામી સાથે બેઠકોની વહેંચણી બાબતે ચર્ચા કરી રહી છે. પક્ષના કેટલાક નેતાઓએ પક્ષના ખોટા નિર્ણયોનો આરોપ મુકીને પક્ષમાંથી સામૂહિક રાજીનામા આપ્યા છે. જમાત સાથે ચૂંટણી માટે ગઠબંધન કરવાને કારણે પક્ષમાંથી વધુ નેતાઓ રાજીનામા આપી શકે એમ છે. રાજકીય વિશ્લેશકોનું માનવું છે કે, એનસીપીએ પહેલા ૩૦૦ બેઠકો પર ઉમેદવાર ઉભા રાખવાની વાત કરીને તેમ જ ચૂંટણીમાં જીત મેળવી સરકાર બનાવવાનો દાવો કરીને પોતાનો આત્મવિશ્વાસ બતાવ્યો હતો. જોકે ત્યાર પછી એકાએક જૂની રાજકીય શક્તિ સાથે ગઠબંધન કરીને પોતાની ઈમેજ ખરાબ કરી છે. એનસીપીના કેટલાક નેતાઓનું જોકે કહેવું છે કે, ચૂંટણીમાં ગઠબંધન વિશે હજી સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. પાકિસ્તાન સરકારે ઈસ્લામાબાદમાં બ્રિટનના એમ્બેસેડરને વિદેશ મંત્રાલયની ઓફિસે બોલાવ્યા હતા. બ્રિટનના બ્રેડફોર્ડમાં પાકિસ્તાનની એમ્બેસી સામે વિરોધ પ્રદર્શન થઈ રહ્યું હતું ત્યારે પાકિસ્તાની નાગરીક અને સૈન્યના નેતૃત્વ વિરુદ્ધ નારાઓ બોલવામાં આવ્યા હતા. આ ઘટના પાકિસ્તાન સરકારને પસંદ આવી નહોતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહીર અંદ્રાબીએ બ્રિટીશ એમ્બેસેડરને વિરોધપત્ર આપ્યો હતો. આ પત્રમાં પાકિસ્તાને બ્રિટનને વિનંતી કરી હતી કે, બ્રિટન એમના દેશની જમીનનો ઉપયોગ પાકિસ્તાનના વિરોધ માટે નહીં કરવા દે. પાકિસ્તાનની આ માગણીને કારણે ઘણાને આશ્ચર્ય થયું છે. પાકિસ્તાનસ્થિત આતંકવાદીઓ પાકિસ્તાનની ધરતીનો ઉપયોગ બીજા દેશમાં આતંક ફેલાવવા કરે છે. ઓસામા બીન લાદેનને પણ પાકિસ્તાને જ આશ્રય આપ્યો હતો. હવે પાકિસ્તાનના પગ નીચે રેલો આવ્યો છે ત્યારે પવિત્ર ગાય હોવાનો દેખાડો કરે છે.

આસામના રમત-ગમત ઈતિહાસના સૌથી જૂનું નહેરૂ સ્ટેડિયમ હવે ઈતિહાસ બનવાની તૈયારીમાં છે. ૬૦ વર્ષ સુધી આ સ્ટેડિયમમાં રાજ્યની મુખ્ય રમત-ગમતોનું આયોજન થતું હતું. હવે રી-ડેવલપમેન્ટ માટે નહેરૂ સ્ટેડિયમને સંપૂર્ણ રીતે તોડી પાડવામાં આવશે. આસામ કેબીનેટે ગૌહટ્ટીના નહેરૂ સ્ટેડિયમને ફીફા અને ઓલોમ્પિક સ્ટાન્ડર્ડ ફૂટબોલ સ્ટેડિયમ બનાવવાની મંજૂરી આપી દીધી છે. સરકારના કહેવા પ્રમાણે આ સ્ટેડિયમ એટલા માટે તોડી પાડવામાં આવશે કે નવું આધુનિક વિશ્વ કક્ષાનું સ્ટેડિયમ બનાવી શકાય. રી-ડેવલપમેન્ટ માટે ૭૬૫ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની સંભાવના છે. એવી પણ વાત છે કે સ્ટેડિયમનું નામ હવે નહેરૂ સ્ટેડિયમ નહીં રખાય. વિરોધ પક્ષો માની રહ્યા છે કે, ભાજપ સરકાર નહેરૂનું નામ ભૂલાવવા માંગતી હોવાથી સ્ટેડિયમનું રી-ડેવલપમેન્ટ કરી રહી છે. ઉત્તર પ્રદેશ અને હરિયાણાની કેટલીક ખાપ પંચાયતો વારંવાર ફતવા બહાર પાડતી રહે છે. આ ખાપ પંચાયતોના કેટલાક નિર્ણયોને કારણે હંમેશા વિવાદ થયો છે. સરકારો પણ આ ખાપ પંચાયતોને નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળ ગઈ છે. ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાની ખાપ પંચાયતે કિશોરો માટે સ્માર્ટ ફોન અને છોકરા-છોકરી બંને માટે હાફ પેન્ટ પહેરવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ પગલાને પંચાયતે પશ્ચિમ દેશોના પ્રભાવ અને સાંસ્કૃતિક મૂલ્યોની રક્ષા માટે જરૂરી બતાવ્યો હતો.

# 31 ડિસેમ્બરને લઈ ભાવનગર પોલીસનું શહેરમાં સઘન ચેકિંગ : નિલમબાગ સર્કલ સહિત શહેરના એન્ટ્રી પોઇન્ટ પર ચેકપોસ્ટ એક્ટિવ, તમામ વાહનોનું ચેકિંગ





**ભાવનગર, તા.28**

31 ડિસેમ્બરની ઉજવણીને ધ્યાનમાં રાખીને ભાવનગર પોલીસે શહેરભરમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. આજે શહેરના નિલમબાગ સર્કલ ખાતે સીટી ડીવાયએસપી તથા ટ્રાફિક પોલીસ દ્વારા બાઈક સવારો અને ફોર વ્હીલ વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું.જાહેરમાં શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે માટે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે.

31 ડિસેમ્બરની ઉજવણીને લઈ ભાવનગર શહેર અને જિલ્લામાં અસામાજિક તત્વો સામે કડક ચેકિંગ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પોલીસ દ્વારા શહેરના અનેક વિસ્તારોમાં અને શહેરના એન્ટ્રી પોઇન્ટ પર બેરીકેટ મૂકી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે, અને પસાર થતા વાહનો ચેકિંગ કરવામાં આવી રહ્યું છે, તેમજ શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ ચેકિંગ હાથ ધરાયું છે. સાથે જ હોટલ અને ધાબાઓનું સતત ચેકિંગ, પ્રોહીબીશન સંવેદનશીલ વિસ્તારોમાં અલગ-અલગ પોલીસ ટીમો દ્વારા કોમ્બિંગ, અને અસામાજિક તત્વોના ઘરે જઈ ચકાસણી કરવામાં આવી રહી છે.

આ અંગે સીટી ડિવાઈએસપી આર.આર.સિંઘાલએ જણાવ્યું હતું કે આગામી 31 ડિસેમ્બરની ઉજવણીના અનુસંધાને ભાવનગર એસપી નીતેશ પાંડેની દેખરેખ હેઠળ અસામાજિક તત્વોના ચેકિંગ માટે ત્રણ ટાઈપની રેન્ડમ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવેલી છે, જેમાં ફર્સ્ટ સ્ટેજમાં જિલ્લા ટુ જિલ્લાની અને ભાવનગર જિલ્લાની આઠ જેટલી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે, તેમજ શહેરના એન્ટ્રી પોઈન્ટ લોકેટ કરી અને બેરીકેટ કરી વાહન ચેકિંગ કરવામાં આવેલા છે, તેમજ શહેરના પોલીસ સ્ટેશન ટુ પોલીસ સ્ટેશનના સંવેદનશીલ વિસ્તાર નક્કી કરી તે વિસ્તારમાં વાહન ચેકિંગ કરવામાં આવેલા છે.

તેમાં ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ કરતા જે ઈસમો છે, તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે, તેમજ ફોરવ્હીલમાં હથિયાર રાખીને અથવા પ્રોહીનો મુદામાલ રાખીને પસાર થતા હોય તે વાહનોને ચેકિંગ કરવામાં આવે છે અને કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારના હોટલ ધાબાનું સતત ચેકિંગ શરૂ છે. પ્રોહીનો જે એરિયા છે, ત્યાં દરેક પોલીસ સ્ટેશના એક ટિમની રચના કરી છે, જેમાં મોટી સંખ્યામાં પોલીસ સાથે રાખી તે વિસ્તારમાં કોમ્બિંગ કરવાની કામગીરી હાલમાં ચાલુ છે, તેમજ અસામાજિક તત્વોના ઘરે જઈ તેની ચેકિંગની કામગીરી કરવામાં આવી રહી છે. ઓવરઓલ 31 ડિસેમ્બરની ઉજવણી લોકો શાંતિથી કરે અને સારા માહોલમાં પબ્લિક હરેફરે, તે અનુસંધાને આ રીતની કડક કાર્યવાહી શરૂ છે.

## દસાડાની નવી આંગણવાડી કાર્યકરો સાયબર છેતરપિંડીનો ભોગ બની : પગાર જમા કરાવવાના બહાને ખાતામાંથી પૈસા ઉપાડી લીધા

**સુરેન્દ્રનગર, તા.28**



સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં નવી નિમણૂક પામેલી આંગણવાડી કાર્યકર મહિલાઓ સાયબર છેતરપિંડીનો ભોગ બની છે. સાયબર ગઠિયાઓએ 'પગાર જમા થયો નથી' તેમ કહીને અનેક કાર્યકરોના બેંક ખાતામાંથી નાણાં ઉપાડી લીધા હતા. આ મામલે ભોગ બનનાર કાર્યકરો દ્વારા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગત 4 ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગર ખાતે રાજ્યની 9,000 આંગણવાડી કાર્યકરો અને તેડાગર મહિલાઓને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. નિમણૂક મળ્યાના એક મહિનાની અંદર જ દસાડા તાલુકાના શેડલા, કામલપુર અને મજેઠી સહિતના ગ્રામ્ય વિસ્તારોની નવી કાર્યકર મહિલાઓ આ છેતરપિંડીનો શિકાર બની છે. આવી જ રીતે, દસાડા તાલુકાના કામલપુર ગામની એક નવી આંગણવાડી કાર્યકરને પણ સાયબર ગઠિયાએ ફોન કરીને છેતરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેઓ સફળ ન થતાં, ગઠિયાએ તે જ ગામના એક લાભાર્થીને કોન્ફરન્સ કોલમાં લઈને તેમના ખાતામાંથી રૂ. 5,000 ઉપાડી લીધા હતા. આ કાર્યકરને પણ ફરી ફોન કરતા અપશબ્દો સાંભળવા મળ્યા હતા.

દસાડા તાલુકાના શેડલા ગામના આંગણવાડી મહિલા કાર્યકરને એક મોબાઈલ નંબર પરથી ગાંધીનગરથી બોલતા હોવાનું જણાવીને ફોન આવ્યો હતો. તેમને પગાર જમા ન થયો હોવાનું કહી, તેમના પરિવારના મોહીબખાન કરીમખાનના ખાતામાંથી રૂ. 3,700 ઉપાડી લેવામાં આવ્યા હતા. બાદમાં જ્યારે મહિલાએ ફોન કર્યો ત્યારે સામેથી ગાળો બોલવામાં આવી હતી.

આવી જ રીતે, દસાડા તાલુકાના કામલપુર ગામની એક નવી આંગણવાડી કાર્યકરને પણ સાયબર ગઠિયાએ ફોન કરીને છેતરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેઓ સફળ ન થતાં, ગઠિયાએ તે જ ગામના એક લાભાર્થીને કોન્ફરન્સ કોલમાં લઈને તેમના ખાતામાંથી રૂ. 5,000 ઉપાડી લીધા હતા. આ કાર્યકરને પણ ફરી ફોન કરતા અપશબ્દો સાંભળવા મળ્યા હતા.

મોટી મજેઠી ગામની નવી આંગણવાડી કાર્યકર સાથે પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી થઈ હતી. સાયબર ગઠિયાએ તેમને વાતોમાં ભોળવી, અમદાવાદમાં કારખાનામાં કામ કરતા તેમના દીકરાનો મોબાઈલ નંબર મેળવ્યો હતો. દીકરા સાથે વાત કરીને તેના ખાતામાંથી રૂ. 10,000 સેરવી લેવામાં આવ્યા હતા. દસાડા તાલુકાની અન્ય નવી આંગણવાડી કાર્યકરો પણ આ પ્રકારે સાયબર ક્રાઈમનો ભોગ બની હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાઓને કારણે કાર્યકરોમાં ચિંતાનો માહોલ છે.

## શાહ અમદાવાદમાં અને ટીમ પંચાલ જાહેર : 10 મંત્રી, 10 ઉપપ્રમુખ, 4 મહામંત્રી સહિત 27ની ટીમ, ચારમાંથી ત્રણ મહામંત્રી સૌરાષ્ટ્ર-કચ્છમાંથી

**ગાંધીનગર, તા.28**

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની જાહેરાત કરાયા બાદ શનિવારે મોડી રાત્રે તેમની ટીમની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનની નવી ટીમમાં 10 ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. જ્યારે અનિરુદ્ધ દવે, ડો. પ્રશાંત કોરાટ, હિતેન્દ્રસિંહ ચૌહાણ અને અજય બ્રહ્મભટ્ટને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. પાર્ટી દ્વારા જાહેર કરાયેલ યાદી મુજબ પ્રદેશ ઉપાધ્યક્ષ પદે અનુભવી નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે મહામંત્રી અને મંત્રી તરીકે સંગઠનને મજબૂત બનાવવા માટે સંતુલિત અને પ્રતિનિધિત્વ ધરાવતી ટીમ બનાવવામાં આવી છે. સાથે સાથે કિસાન મોરચા, યુવા મોરચા, મહિલા મોરચા, એસસી-એસટી, ઓબીસી અને અલ્પસંખ્યક મોરચાના પ્રદેશ પ્રમુખોની પણ જાહેરાત કરાઈ છે.

ગુજરાતના ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા આજે રાત્રે સંગઠનના હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે. મહામંત્રી તરીકે કચ્છ જિલ્લાના અનિરુદ્ધ દવે, સુરેન્દ્રનગર જિલ્લાના હિતેન્દ્રસિંહ ચૌહાણ, રાજકોટ જિલ્લાના ડો. પ્રશાંત કોરાટ અને ખેડા જિલ્લાના અજય ભાઈ ભટ્ટની નિમણૂક કરવામાં આવી છે. કોષાધ્યક્ષ તરીકે ડો. પરિન્દુ ભગતની નિમણૂક કરવામાં આવી છે. ગુજરાત ભાજપ સંગઠનની ટીમમાં ઉપપ્રમુખ તરીકે અમદાવાદના સિનિયર નેતા ભરત પંડ્યાની નિમણૂક કરવામાં આવી છે. કાર્યાલય મંત્રી તરીકે શ્રીનાથભાઈ શાહની નિમણૂંક કરાઈ છે. મુખ્ય પ્રવક્તા તરીકે ડો. અનિલ પટેલ જ્યારે મીડિયા ઈન્ચાર્જ તરીકે ડો. પ્રશાંત વાળાને મૂકવામાં આવ્યા છે.

ગુજરાત ભાજપે સંગઠનાત્મક નિમણૂકો જાહેર કરીને જ્ઞાતિ સમીકરણને કેન્દ્રમાં રાખતી સ્પષ્ટ રણનીતિ અપનાવી છે. પ્રદેશ ઉપપ્રમુખ પદે ક્ષત્રિય, પટેલ, બ્રાહ્મણ, અનુસૂચિત જાતિ, આદિવાસી તેમજ ઓબીસી સમાજના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ નિમણૂકોને 2026ની ચૂંટણી પૂર્વે તમામ સમાજોને સાથે લઈને ચાલવાની તૈયારી તરીકે જોવામાં આવી રહી છે.

પાર્ટીની નવી ટીમમાં ઉપપ્રમુખ પદે વિવિધ સામાજિક વર્ગોનું સંતુલિત પ્રતિનિધિત્વ જોવા મળે છે, જેમાં પરંપરાગત વોટબેંક ધરાવતા પટેલ સમાજથી લઈને ઓબીસી, એસસી-એસટી વર્ગ સુધીના નેતાઓને મહત્વની



જવાબદારી સોંપાઈ છે. સાથે જ ઠાકોર સમાજને પણ સ્થાન આપીને ઉત્તર ગુજરાત અને ગ્રામ્ય વિસ્તારોના સમીકરણને ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

મહામંત્રી પદે બ્રાહ્મણ, ક્ષત્રિય અને બ્રહ્મભટ્ટ સમાજના નેતાઓની પસંદગી કરવામાં આવી છે. સંગઠનના જાણકારો મુજબ મહામંત્રી પદે અનુભવ અને સંકલન ક્ષમતાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જેથી સંગઠન અને સરકાર વચ્ચે વધુ મજબૂત સંવાદ સ્થાપી શકાય.

રાજકીય વિશ્લેષકોના મતે ભાજપની આ સંગઠન રચના માત્ર આંતરિક ગોઠવણી નહીં પરંતુ સંપૂર્ણપણે ચૂંટણીલક્ષી છે. જ્ઞાતિ, પ્રદેશ અને અનુભવના સંતુલન સાથે રચાયેલી નવી ટીમ દ્વારા ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આગામી ચૂંટણીમાં કોઈપણ સમાજ અવગણાયો નથી અને સૌને સાથે લઈને આગળ વધવાની તૈયારી છે.

પાર્ટી દ્વારા જાહેર કરાયેલ યાદી મુજબ પ્રદેશ ઉપાધ્યક્ષ પદે અનુભવી નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે મહામંત્રી અને મંત્રી તરીકે સંગઠનને મજબૂત બનાવવા માટે સંતુલિત અને પ્રતિનિધિત્વ ધરાવતી ટીમ બનાવવામાં આવી છે. સાથે સાથે કિસાન મોરચા, યુવા મોરચા, મહિલા મોરચા, એસસી-એસટી, ઓબીસી અને અલ્પસંખ્યક મોરચાના પ્રદેશ પ્રમુખોની પણ જાહેરાત કરાઈ છે.

ગુજરાત ભાજપ સંગઠનમાં મહિલાઓને પણ જવાબદારી સોંપવામાં આવી છે જેમાં 10 ઉપપ્રમુખમાં 2 મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે સુરત શહેરના ઝંખનાબેન પટેલ અને છોટાઉદેપુર ના ગીતાબેન રાઠવાને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે. જ્યારે 10 મંત્રીઓમાંથી 6 મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે. મહિલા મોરચાના પ્રમુખ તરીકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના અંજુબેન વેકરીયાને મૂકવામાં આવ્યા છે. ઓબીસી પ્રમુખ તરીકે ગીર સોમનાથ જિલ્લાના માનસિંહ પરમારની નિમણૂક કરાઈ છે.

ગુજરાત ભાજપ સંગઠનમાં સૌરાષ્ટ્ર કચ્છ અને મધ્ય ગુજરાતના નેતાઓનો દબદબો જોવા મળ્યો છે. સામાન્ય રીતે ગુજરાત ભાજપ સંગઠનમાં મહામંત્રી તરીકે રાજ્યના ઉત્તર, મધ્ય, સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ઝોન માંથી નિમણૂક કરવામાં આવતી હોય છે પરંતુ ટીમ જગદીશ વિશ્વકર્મામાં ઉત્તર અને દક્ષિણ ગુજરાતને સ્થાન આપવામાં આવ્યું નથી. સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી ત્રણ અને મધ્ય ગુજરાતમાંથી એક મહામંત્રી બનાવવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાતમાંથી મોરચાના પ્રમુખોને સ્થાન આપવામાં આવ્યું છે મહિલા અને એસટી મોરચાના પ્રમુખમાં સુરત શહેર અને જીલ્લા નિમણૂક કરવામાં આવી છે.

ઉત્તર ગુજરાતમાંથી ઉપપ્રમુખ અને મંત્રીઓને સ્થાન મળ્યું છે. બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. યુવા મોરચાના પ્રમુખ તરીકે મધ્ય ગુજરાતમાંથી જ સાંસદ ડો. હેમાંગ જોશીને મૂકવામાં આવ્યા છે. ગુજરાત ભાજપની ટીમમાં મહામંત્રીઓ યુવા મૂકવામાં આવ્યા છે જ્યારે અનુભવી અને સિનિયર નેતાઓને ઉપપ્રમુખ અને મોરચાના પ્રમુખ તરીકે મૂકવામાં આવ્યા છે. ગુજરાત ભાજપ સંગઠનની ટીમમાં દક્ષિણ ગુજરાતના નેતાઓનો ખાસ સમાવેશ કરવામાં આવ્યો નથી. પૂર્વ મંત્રી અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રહેલા ગણપત વસાવાને મોરચાના પ્રમુખ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

## ચોટીલામાં 10 એકર સરકારી જમીન પરથી દબાણ હટાવાયું : ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતી બે હોટલો પર બુલડોઝર ફેરવાયું

**સુરેન્દ્રનગર, તા.28**



સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે ચોટીલા નજીક નેશનલ હાઈવે પર આવેલી બે ગેરકાયદેસર હોટલો પર બુલડોઝર ફેરવી દીધું છે. આ કાર્યવાહીમાં આશરે 10 એકર સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે. આ હોટલો ગેરકાયદેસર બાંધકામ ઉપરાંત પ્રોહીબિશન અને કેમિકલ ચોરી જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હતી. રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર યાદવ અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સૂચના અને માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં ગંભીર ગુનાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. નાયબ પોલીસ અધિક્ષક વી.એમ. રબારીના માર્ગદર્શન હેઠળ ચોટીલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન. સોલંકીએ ચોટીલા વિસ્તારમાં નેશનલ હાઈવે પરની હોટલો અને ધાબાઓની ખરાઈ કરી માહિતી એકત્રિત કરી હતી. જે હોટલોમાં અગાઉ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઝડપાઈ હતી, તેવી હોટલોના માલિકો અને સંચાલકો પાસેથી આધાર-પુરાવા રજૂ કરવા સૂચના આપવામાં આવી હતી.

નાની મોલડી ગામ પાસે આવેલી 'ન્યુ નાગરાજ હોટલ' અને 'જય વડવાળા હોટલ' દ્વારા કોઈ આધાર-પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. આ બંને હોટલો મહેસૂલ વિભાગની મંજૂરી વિના સરકારી જમીનમાં આશરે 10 એકર જેટલું દબાણ કરીને ઊભી કરવામાં આવી હતી. 'જય વડવાળા હોટલ'ના સંચાલક સંજયભાઈ અનકભાઈ ખાચર પર ગેરકાયદેસર રીતે પરપ્રાંતીય દારૂનો મોટો જથ્થો રાખી કટિંગ કરાવવાનો આરોપ હતો, જ્યાં રેડ દરમિયાન દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે 'ન્યુ નાગરાજ હોટલ'માં અગાઉ ગેરકાયદેસર કેમિકલ/ડિઝલ ચોરી ઝડપાઈ હતી. આ બંને હોટલો ગેરકાયદેસર રીતે સરકારી જમીનમાં બાંધકામ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરતી હોવાનું જણાતા, સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે કુલ 10 એકર સરકારી જમીન પરથી દબાણ દૂર કર્યું છે.

## કલોલમાં શાળાએ જતી કિશોરીની છેડતી કરનાર રોમિયોને અભયમનો પરચો પાડોશીના પુત્ર એ હેરાન-પરેશાન કરી હતી, 181 ટીમે માફી મંગાવી મામલો થાળે પાડ્યો

**ગાંધીનગર, તા.28**

કલોલ તાલુકામાં એક 15 વર્ષની કિશોરીનો રસ્તો રોકી અશોભનીય ઈશારા કરી હેરાન કરતા પાડોશી યુવકને 181 અભયમ ટીમે કાયદાનું ભાન કરાવ્યું છે. વારંવાર સમજાવવા છતાં ન સુધરતા યુવક સામે પરિવારે અભયમની મદદ માંગી હતી. ટીમે સ્થળ પર પહોંચી યુવકને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો ફરી આવી હરકત કરી તો સીધા જેલમાં જવું પડશે. અંતે યુવકે ભૂલ સ્વીકારી લેખિત ખાતરી આપતા બંને પક્ષે સુખદ સમાધાન થયું હતું.

શાળાએ જતી દીકરીઓની સુરક્ષા માટે કાર્યરત 181 અભયમ હેલ્પલાઈન ફરી એકવાર વરદાન સાબિત થઈ છે.



કલોલ તાલુકાની એક 15 વર્ષીય સગીરાને રસ્તામાં રોકી અશોભનીય ઈશારા કરી હેરાન કરતા પાડોશીના યુવકને અભયમ ટીમે કડક શબ્દોમાં સમજાવી કાયદાકીય કાર્યવાહીની ચીમકી આપતા રોમિયોના હોશ ઉડી ગયા હતા.

કલોલ તાલુકાની 15 વર્ષની દીકરીએ અભયમ હેલ્પલાઈન પર કોલ કરીને પોતાની વ્યથા ઠાલવી હતી. તેણે જણાવ્યું હતું કે, જ્યારે તે સ્કૂલે જાય છે ત્યારે પાડોશમાં રહેતો એક યુવક વારંવાર તેનો રસ્તો રોકે છે અને તેની સાથે વાત કરવાની કોશિશ કરી ખોટી રીતે હેરાન કરે છે. આ બાબતે સગીરાના પરિવારે અગાઉ પાડોશીને જાણ કરી હતી, પરંતુ ઉકેલ આવવાને બદલે બંને પક્ષે ઝગડો થયો હતો. સમજાવટ છતાં યુવકની હેરાનગતી ચાલુ રહેતા અંતે દીકરીએ હિંમત દાખવી અભયમની મદદ માંગી હતી.

આ કોલ મળતાની સાથે જ અભયમ ટીમ તાત્કાલિક આપેલા સરનામે પહોંચી હતી. અને ટીમે પાડોશીના ઘરે જઈ યુવકને રૂબરૂમાં બોલાવ્યો હતો અને તેની કરતૂતો સામે કાયદાની ગંભીરતા સમજાવી હતી. અભયમ ટીમે કડક ચેતવણી આપી હતી કે જો હવે પછી દીકરીની પજવણી કરવામાં આવશે તો કાયદેસર કાર્યવાહી કરી જેલ ભેગો કરી દેવામાં આવશે.

ત્યારે પોલીસ કાર્યવાહીના ડર અને અભયમ ટીમની સમજાવટ બાદ રોમિયો યુવક ફફડી ઉઠ્યો હતો. અને તેણે પોતાની ભૂલ સ્વીકારી ભવિષ્યમાં આવી ભૂલ ક્યારેય નહીં કરવાની ખાતરી આપી હતી. બીજી તરફ મદદ માંગનાર દીકરી અને તેના માતા-પિતાએ ઉદારતા દાખવી યુવકનું ભવિષ્ય ન બગડે તે હેતુથી તેને સુધરવાનો એક મોકો આપવાનું નક્કી કર્યું હતું. અંતે અભયમ ટીમે બંને પક્ષોને યોગ્ય માર્ગદર્શન આપી આ મામલાનો સુખદ અંત લાવવામાં આવ્યો હતો.

## ગાંધીનગરમાં રાજપૂત સમાજનું શક્તિ પ્રદર્શન : શંકરસિંહ વાઘેલા સહિત દિગ્ગજ રાજકીય નેતાઓની ઉપસ્થિતિમાં વાર્ષિક સ્નેહમિલન યોજાશે

**ગાંધીનગર, તા.28**

ગાંધીનગર શહેર અને જિલ્લાના વિવિધ રાજપૂત સંગઠનોના સંયુક્ત ઉપક્રમે આજે રવિવારના રોજ વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ગાંધીનગરના સેક્ટર-12 સ્થિત શ્રી રાજપૂત સમાજ ભવન ખાતે યોજાશે. સમાજના ઉત્કર્ષ અને સંગઠનને મજબૂત કરવાના આશય સાથે આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના અનેક દિગ્ગજ મહાનુભાવો હાજરી આપશે. આ સમારોહના અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા હાજર રહેશે.જ્યારે મુખ્ય મહેમાન તરીકે પૂર્વ મંત્રી બળવંતસિંહ રાજપૂત, વિજાપુરના ધારાસભ્ય સી.જે. ચાવડા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી સમાજને માર્ગદર્શન પૂરું પાડશે.આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે વિવિધ રાજપૂત મંડળોના પ્રમુખો, આઈઆરએસ અને આઈએએસ અધિકારીઓ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ પણ હાજર રહેશે. શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર, રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ અને યુવા વિકાસ પરિષદ ગાંધીનગરના સંયુક્ત આયોજન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં સામાજિક વિકાસ માટે ચર્ચાઓ કરવામાં આવશે.

## ફ્રાન્સની ઇમ્પોર્ટેડ દારૂની 13 બોટલો સાથે મુંબઈનો બુટલેગર ઝડપાયો : 49 હજારની એક બોટલ, બસમાં ઇમ્પોર્ટેડ બોટલની હેરાફેરી

**ગાંધીનગર, તા.28**

સરકાર દ્વારા ગિફ્ટ સિટીમાં પ્રીમિયમ દારૂની સુવિધા આપવાની જાહેરાત બાદ બજારમાં આવી બ્રાન્ડ્સની ચર્ચા વધી છે. ત્યારે થર્ટી ફર્સ્ટની ઉજવણી પૂર્વે ગાંધીનગરની ચિલોડા પોલીસે એક હાઈપ્રોફાઈલ દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. ચંદ્રાલા નાકા પોઈન્ટ પર હાથ ધરવામાં આવેલા વાહન ચેકિંગ દરમિયાન પોલીસે લક્ઝરી બસમાંથી ફ્રાન્સની અત્યંત મોંઘી ઈમ્પોર્ટેડ બ્રાન્ડની 13 બોટલો સાથે મુંબઈના બુટલેગરને ઝડપી લીધો છે. જેની પાસેની દારૂની બોટલોની કિંમત જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કેમકે ફ્રાંસની ચોક્કસ બ્રાન્ડની એક જ બોટલની કિંમત રૂ.49,403 હોવાનું તપાસમાં ખુલ્યું છે. હાલમાં તો પોલીસે મુંબઈના બુટલેગરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્ય સરકારે તાજેતરમાં જ ગિફ્ટ સિટીમાં વિદેશી મહેમાનો અને રોકાણકારો માટે દારૂ પીવાના નિયમોમાં મોટી છૂટછાટ જાહેર કરી



છે. ગિફ્ટ સિટીમાં મોંઘીદાટ અને ઈમ્પોર્ટેડ બ્રાન્ડની વધતી જતી માંગ વચ્ચે ગાંધીનગરની ચિલોડા પોલીસ મથકના પીઆઈ એસ.જે.ચૌહાણ ની ટીમ ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી ફ્રાન્સની અત્યંત કિંમતી 13 બોટલો સાથે મુંબઈના એક બુટલેગરને દબોચી લીધો છે. ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર હિંમતનગરથી આવતી ગુજરાત ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન બસની સીટ નંબર X પર બેઠેલા મુંબઈના દાદર વિસ્તારના બુટલેગર ભૂપેશ રામકૃષ્ણ જોશીને દબોચી લેવામાં આવ્યો હતો. આ કેસમાં પકડાયેલા દારૂની બોટલો એટલી મોંઘી અને દુર્લભ હતી કે તેની કિંમત નક્કી કરવા માટે પોલીસને પણ ભારે મથામણ કરવી પડી હતી. આખરે પોલીસે ઓનલાઈન માધ્યમનો સહારો લઈ યુરોમાં રહેલી દારૂની બોટલોની કિંમતને ભારતીય ચલણમાં કન્વર્ટ કરી હતી. તપાસમાં બહાર આવ્યું કે માત્ર 13 બોટલોની કુલ કિંમત રૂ.4,67,804 થાય છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે જેમાં ફ્રાન્સની 'એન્જલસ પ્રીમિયર' બ્રાન્ડની માત્ર એક જ બોટલની કિંમત રૂ.49,403 જેટલી હોવાનું સામે આવ્યું છે. આ અંગે ચિલોડા પીઆઈ એસ. જે. ચૌહાણે જણાવ્યું કે, પોલીસની ટીમે હિંમતનગર તરફથી આવતી ગુજરાત ટ્રાવેલ્સની બસ (AR-11-E-0026) માં ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં સીટ નંબર X પર બેઠેલા ભૂપેશ રામકૃષ્ણ જોશી (રહે. દાદર, મુંબઈ)ના થેલામાંથી આ જથ્થો મળી આવ્યો હતો. આરોપીએ પ્રાથમિક પૂછપરછમાં કબૂલાત કરી હતી કે તે આ મોંઘો દારૂ જયપુર એરપોર્ટ પરથી કોઈ ઈસમ પાસેથી મેળવીને લક્ઝરી બસ મારફતે મુંબઈ લઈ જતો હતો.

# 129 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ક્રિકેટના રોમાંચ વચ્ચે કરોડોનું નુકસાન, એશિઝમાં આ શું થયું....?

નવી દિલ્હી, તા.28

ક્રિકેટ જગતની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી 'એશિઝ સીરિઝ' અત્યારે વિવાદોના વમળમાં ફસાઈ છે. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) પર રમાયેલી ચોથી ટેસ્ટ મેચ માત્ર બે દિવસ (6 સેશન)માં જ પૂર્ણ થઈ જતાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને આર્થિક ફટકો પડ્યો છે. પિચ પરના અતિશય ઘાસ અને બોલરોની ઘાતક બોલિંગ સામે બેટર્સ લાચાર જણાતા મેચનું પરિણામ ગણતરીના કલાકોમાં આવી ગયું હતું.



ક્રિકેટના ઈતિહાસમાં 129 વર્ષ પછી પહેલીવાર એવું બન્યું છે કે એક જ ટેસ્ટ સીરિઝમાં બે મેચ માત્ર બે દિવસમાં સમાપ્ત થઈ હોય. આ પહેલા પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ પણ બે દિવસમાં જ પૂર્ણ થઈ હતી. આ અસાધારણ ઘટનાએ ટેસ્ટ ક્રિકેટની ગુણવત્તા અને પિચની તૈયારીઓ પર સવાલો ઊભા કર્યાં છે.

MCGની પિચ પર આ વખતે 10mm ઘાસ રાખવામાં આવ્યું હતું, જે સામાન્ય કરતા 3mm વધુ હતું. મેચની ચારેય ઈનિંગ્સમાં એક પણ ટીમ 200 રનના આંકડા સુધી પહોંચી શકી નહોતી. અહેવાલો મુજબ, આ પિચને ICC દ્વારા 'સબ-પાર' રેટિંગ આપવામાં આવી શકે છે, જેના કારણે MCG ને એક 'ડિમેરિટ પોઈન્ટ' મળશે.

ટેસ્ટ મેચ પાંચ દિવસને બદલે બે દિવસમાં પૂર્ણ થવાથી બ્રોડકાસ્ટર્સ અને ક્રિકેટ બોર્ડને મોટું નુકસાન થયું છે. MCGમાં પર્થ કરતા 40,000 વધુ સીટો હોવાથી ટિકિટના વેચાણમાં મોટો ફટકો પડ્યો છે. રિપોર્ટ્સ મુજબ, આ મેચ વહેલી પૂરી થવાથી અંદાજે 16 મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર એટલે કે ભારતીય ચલણમાં 96 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. જાહેરાતો અને ટેલિકાસ્ટ સમય ઘટવાના કારણે બ્રોડકાસ્ટર્સમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ચોથી ટેસ્ટમાં ઈંગ્લેન્ડે શાનદાર જીત મેળવી સીરિઝમાં વાપસી કરી છે, પરંતુ મેચના આટલા ટૂંકા ગાળાએ ચાહકોને નિરાશ કર્યા છે. સ્ટેડિયમમાં ત્રીજા, ચોથા અને પાંચમાં દિવસની ટિકિટ બુક કરાવનારા હજારો પ્રેક્ષકોને રિફંડ અને અન્ય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે.

# ગૌતમ ગંભીરને હટાવી VVS લક્ષ્મણને ટેસ્ટ ટીમનો કોચ બનાવાશે? અટકળો બાદ BCCIનું મોટું નિવેદન

નવી દિલ્હી, તા.28

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરને લઈને કેટલાક લોકો સવાલ ઉઠાવી રહ્યા છે. એવામાં ટેસ્ટ ટીમમાં ગૌતમ ગંભીરને બદલે અન્ય કોઈ વ્યક્તિને કોચ બનાવવાની અટકળો ચાલી રહી છે. એવામાં BCCIના સચિવ દેવજીત સાઈકિયાએ જવાબ આપ્યો છે.

મીડિયા સાથે વાતચીતમાં BCCI સચિવે કહ્યું છે, કે ગૌતમ ગંભીરને ટેસ્ટ કોચ પદથી હટાવવા મુદ્દે કોઈ ચર્ચા નથી થઈ. આવી વાતો માત્ર અફવા છે. તેમના કોન્ટ્રાક્ટનો અંત ન થાય ત્યાં સુધી તેઓ કોચ તરીકે જવાબદારી નિભાવતા રહેશે.

ટેસ્ટ ક્રિકેટમાં છેલ્લા કેટલાક સમયથી ભારતીય ક્રિકેટ ટીમ સારો દેખાવ નથી કરી રહી. હાલમાં જ દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લૅન્ડ સામે ટેસ્ટ સીરિઝમાં ભારતનો પરાજય થયો હતો. જે બાદથી જ ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટ અને હેડ કોચ ગૌતમ ગંભીર સામે સવાલો ઊભા થયા હતા. એવામાં ન્યૂઝ એજન્સી PTI અનુસાર BCCIના એક અધિકારીએ ગૌતમ ગંભીરને બદલે નવા કોચ માટે VVS લક્ષ્મણનો સંપર્ક કર્યો હતો.



નોંધનીય છે કે વ્હાઇટ બોલ ક્રિકેટમાં તો ગૌતમ ગંભીરનો રૅકોર્ડ સારો છે. તેમના નેતૃત્વમાં ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી અને એશિયા કપમાં જીત હાંસલ કરી. જોકે ટેસ્ટ ક્રિકેટમાં ગંભીરનો રેકોર્ડ સારો નથી. SENA દેશો સામે ભારત ટેસ્ટ ક્રિકેટમાં 10 મેચો હાર્યું. એવામાં ગયા મહિને દક્ષિણ આફ્રિકા સામે ભારતની ભૂંડી હાર બાદ BCCI હરકતમાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર BCCIના એક અધિકારીએ અનૌપચારિક રીતે VVS લક્ષ્મણનો સંપર્ક કર્યો હતો અને તેમને ટેસ્ટ ક્રિકેટ માટે ટીમને કોચિંગ આપવા પૂછ્યું હતું. જોકે સામે એક સમયના દિગ્ગજ ક્રિકેટર VVS લક્ષ્મણે જવાબ આપ્યો હતો કે તેઓ બેંગલુરુમાં સેન્ટર ઑફ એક્સિલેન્સમાં પ્રમુખ તરીકે કામ કરીને ખુશ છે.

# રિષભ પંતનું વન-ડેમાંથી કપાશે પત્તું! 2 ઘરેલુ ટુર્નામેન્ટમાં તોફાની બેટિંગ કરનાર સ્ટાર ખેલાડીને મળશે મોકો......

નવી દિલ્હી, તા.28

ભારતીય વનડે ટીમમાં મોટા ફેરફારના સંકેત મળી રહ્યા છે. વિકેટકીપર અને બેટર રિષભ પંતને ન્યૂઝીલેન્ડ સામેની આગામી ત્રણ મેચની ઘરેલુ વનડે સિરીઝમાંથી બહાર કરવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યાનુસાર, ટીમ મેનેજમેન્ટ 2025-26 સિઝનની છેલ્લી ઘરેલુ સિરીઝ પહેલા ફોર્મ અને ટીમના સંતુલનને પ્રાથમિકતા આપવા માંગે છે. રિષભ પંતે ભારત માટે છેલ્લી વનડે 7 ઓગસ્ટ 2024ના રોજ શ્રીલંકા સામે રમી હતી. તે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 અને દક્ષિણ આફ્રિકા સામેની તાજેતરની વનડે સિરીઝમાં પણ ભારતીય ટીમનો ભાગ હતો, પરંતુ તેને એક પણ મેચમાં રમવાની તક મળી ન હતી. આ પહેલા તેને ICC



T20 વર્લ્ડ કપ 2026 માટે પણ ભારતીય ટીમમાં સ્થાન મળ્યું ન હતું. હવે પસંદગીકારો ન્યૂઝીલેન્ડ સિરીઝ માટે આગળ વધવાનું મન બનાવી ચૂક્યા છે. હાલમાં ઋષભ પંત વિજય હઝારે ટ્રોફીમાં દિલ્હીની કેપ્ટનશીપ કરી રહ્યો છે, પરંતુ તેનું પ્રદર્શન પણ ઉતાર-ચઢાવવાળું રહ્યું છે, તેણે શરૂઆતની બે મેચોમાં 5 અને 70 રન બનાવ્યા છે. જો પંતને બહાર કરવામાં આવશે તો ઈશાન કિશનની બે વર્ષ કરતાં વધુ સમય બાદ વનડે ટીમમાં વાપસી લગભગ નિશ્ચિત છે. ઈશાને છેલ્લે 11 ઓક્ટોબર 2023ના રોજ વનડે વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન સામે રમ્યો હતો. ત્યારપછી તેણે ઘરેલુ ક્રિકેટમાં શાનદાર વાપસી કરી છે. ઈશાન કિશને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025-26માં સૌથી વધુ રન બનાવ્યા અને ઝારખંડને તેનું પ્રથમ ટાઈટલ જીતાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ જ પ્રદર્શનના આધારે તેને T20 વર્લ્ડ કપની ટીમમાં પણ સ્થાન મળ્યું હતું. આ પછી, વિજય હઝારે ટ્રોફીમાં તેણે કર્ણાટક સામે માત્ર 33 બોલમાં સદી ફટકારી, જે કોઈ પણ ભારતીય બેટર દ્વારા બીજી સૌથી ઝડપી લિસ્ટ-A સદી હતી. શુભમન ગિલની વનડે કેપ્ટન તરીકે વાપસી નિશ્ચિત માનવામાં આવી રહી છે. ગરદનની ઈજાને કારણે તે દક્ષિણ આફ્રિકા સિરીઝમાંથી બહાર હતો.

# 122 છગ્ગા અને 1488 રન... 'અજાણ્યા' ક્રિકેટરે બનાવ્યાં 2 વર્લ્ડ રેકોર્ડ, 2025માં T20Iનો ટોપ બેટર

નવી દિલ્હી, તા.28

વર્ષ 2025 T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતીય ટીમ માટે શાનદાર રહ્યું, જેમાં ઓપનર અભિષેક શર્માએ સૌથી વધુ રન બનાવ્યા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ વર્ષે T20 ક્રિકેટનો અસલી 'કિંગ' કોઈ ભારતીય નહીં, પરંતુ ઓસ્ટ્રિયાનો એક એવો ખેલાડી બન્યો છે, જેનું નામ કદાચ મોટાભાગના ક્રિકેટ ચાહકોએ સાંભળ્યું પણ નહીં હોય. ઓસ્ટ્રિયાના કરણબીર સિંહે પોતાની વિસ્ફોટક બેટિંગથી સૌને ચોંકાવી દીધા છે અને બે મોટા વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યા છે. વર્ષ 2025માં ભારતે 21 T20 મેચોમાંથી 16માં જીત મેળવી અને એશિયા કપ પણ જીત્યો. આ શાનદાર પ્રદર્શનમાં ઓપનર



અભિષેક શર્માએ મહત્ત્વની ભૂમિકા ભજવી, જેણે 21 મેચોમાં 1 સદી અને 5 અડધી સદીની મદદથી 895 રન બનાવ્યા. તે ભારત માટે આ વર્ષનો ટોપ સ્કોરર રહ્યો. પરંતુ, આટલા શાનદાર પ્રદર્શન છતાં અભિષેક વિશ્વમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓની યાદીમાં સાતમા સ્થાને રહ્યો. આ યાદીમાં પ્રથમ સ્થાને ઓસ્ટ્રિયાના કરણબીર સિંહે કબજો જમાવ્યો. ઓસ્ટ્રિયાના કરણબીર સિંહે 2025માં T20 ક્રિકેટમાં રનનો વરસાદ કર્યો. તેણે 32 T20 મેચોમાં 51.31ની શાનદાર એવરેજ અને 174.85ના સ્ટ્રાઈક રેટથી 1488 રન બનાવ્યા, જેમાં 2 સદી અને 13 અડધી સદી સામેલ છે. આ સાથે જ કરણબીર કોઈ એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ T20I રન બનાવનાર બેટર બની ગયો છે. તેણે પાકિસ્તાનના મોહમ્મદ રિઝવાનનો રેકોર્ડ તોડ્યો, જેણે 2021માં 1326 રન બનાવ્યા હતા. આ મામલે ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ (1164 રન, 2022) હવે ચોથા સ્થાને છે. રણબીર સિંહે માત્ર રન જ નહીં, પરંતુ છગ્ગા ફટકારવામાં પણ એક અનોખો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. તેણે આ વર્ષે T20 ઈન્ટરનેશનલમાં 122 છક્કા ફટકાર્યા. આવું પ્રથમ વખત બન્યું છે જ્યારે કોઈ બેટ્સમેને એક કેલેન્ડર વર્ષમાં T20 ઈન્ટરનેશનલમાં 100 કે તેથી વધુ છગ્ગા ફટકાર્યા હોય. આ યાદીમાં બીજા સ્થાને બહેરીનના ફિયાઝ અહેમદ છે, જેણે આ વર્ષે 69 છગ્ગા ફટકાર્યા છે. કરણબીરે જે બે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે, તેને તોડવું ભવિષ્યમાં ખૂબ જ મુશ્કેલ હશે. જમણેરી બેટ્સમેન કરણબીર સિંહના આ શાનદાર પ્રદર્શને તેને ક્રિકેટ જગતમાં ચર્ચામાં લાવી દીધો છે. તેણે ઓસ્ટ્રિયા માટે અત્યાર સુધીમાં 41 T20 ઈન્ટરનેશનલ મેચોમાં 169.22ની સ્ટ્રાઈક રેટ અને 47.80ની એવરેજથી 1721 રન બનાવ્યા છે. આ દરમિયાન તેના બેટમાંથી 2 સદી અને 16 અડધી સદી નીકળી છે.

# 2025ના ચર્ચિત ટીવી કપલ્સ જેમણે સંબંધોનો અંત આણ્યો અને ફેન્સના દિલ તૂટ્યાં

મુંબઈ, તા.28

જોત-જોતામાં વર્ષ 2025 વીતી ગયું. આ વર્ષ પોતાની સાથે ઘણી ખાટી-મીઠી યાદો છોડીને જઈ રહ્યું છે. આ વર્ષે ઘણા ટીવી સેલેબ્સના ઘરમાં ખુશીઓનું આગમન થયું તો કેટલાકના દિલ પણ તૂટ્યા. ટીવીની ઘણી પોપ્યુલર જોડીઓ હતી, જેમના બ્રેકઅપના સમાચારે ચાહકોને ચોંકાવી દીધા હતા. કારણ કે એક સમયે આ કપલ્સે સાત જન્મો સુધી સાથે રહેવાનો વાયદો કર્યો હતો.

જન્નત ઝુબૈર અને મિસ્ટર ફૈજુ વર્ષોથી એક-બીજાની સાથે હતા. તેમની મિત્રતા સૌથી મીઠી હતી. તેઓ સુખમાં હોય કે દુઃખમાં બંને એક-બીજાની સાથે જોવા મળતા હતા. સોશિયલ મીડિયા પર જન્નત અને ફૈજુનો પોતાનો મોટો ફેન બેઝ છે. એક સમયે એવું લાગતું હતું કે તેઓ લગ્ન કરી લેશે. પરંતુ 2025ના મધ્યમાં તેમના બ્રેકઅપના સમાચાર આવ્યા અને ચાહકોનું દિલ તૂટી ગયું. આજ સુધી જન્નત કે ફૈજુ બંનેમાંથી કોઈએ પોતાના



સંબંધો પર ઓફિશિયલ સ્ટેટમેન્ટ નથી આપ્યું.

શિવાંગી જોશી અને કુશાલ ટંડનની જોડી 'બરસાતેં' સીરિયલના સેટ પર બની હતી. કુશાલ શિવાંગી કરતા 13 વર્ષ મોટો હતો, પરંતુ બંનેએ તેની પરવા નહોતી કરી. કુશાલે તો એક ઈન્ટરવ્યુમાં પોતાના સંબંધોને ઓફિશિયલ પણ કરી દીધા હતા. તેમના લગ્નની ચર્ચા પણ ખૂબ ચાલી રહી હતી, પરંતુ તે પહેલાં જ આ કપલનું બ્રેકઅપ થઈ ગયું.

પ્રિયંકા ચહર ચૌધરી અને અંકિત ગુપ્તાની જોડીને ઉડારિયાં શોથી ખૂબ પ્રેમ મળ્યો હતો. ત્યારબાદ બંને બિગ બોસ 16માં દેખાયા હતા. અંકિત અને પ્રિયંકાના બોન્ડે ચાહકોના દિલમાં ખાસ જગ્યા બનાવી લીધી હતી. ભલે તેઓએ કંઈ કહ્યું ન હોય પરંતુ ચાહકો જાણતા હતા કે અંકિત અને પ્રિયંકા એકબીજા માટે જ બન્યા છે. પરંતુ કપલના બ્રેકઅપના સમાચાર સામે આવતા જ ચાહકોને મોટો ઝટકો લાગ્યો હતો. જોકે, અંકિત કે પ્રિયંકા બંનેમાંથી કોઈએ બ્રેકઅપ અંગે કોઈ ટિપ્પણી નથી કરી.

ટીવી સ્ટાર્સ ફહમાન ખાન અને અદિતિ શેટ્ટી ટૂંક સમયમાં લગ્ન કરવાના હોવાની અફવાએ જોર પકડ્યું હતું. જોકે, લાંબા સમય સુધી એક-બીજાને ડેટ કર્યા બાદ આ કપલે પોતાના રસ્તા અલગ કરી લીધા હતા.

હર્ષદ ચોપડા અને પ્રણાલી રાઠોડ શો 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'માં સાથે જોવા મળ્યા હતા. શોમાંથી જ તેમના લવ-અફેરની ચર્ચાઓ શરૂ થઈ હતી. જોકે, શો છોડ્યા પછી પ્રણાલી અને હર્ષદનો સાથ પણ છૂટી ગયો.

આ તમામ ટીવી કપલ્સને ચાહકો નો ખૂબ પ્રેમ મળ્યો. ચાહકો એવી અટકળો લગાવી રહ્યા હતા કે, તેમનો સાથે સાત જન્મોનો છે, પરંતુ એવું ન થઈ શક્યું અને તેમણે પોતાના સબંધોનો અંત આણ્યો.

# આદિત્ય ચોપરાને ફડક પેઠી, આલિયાની આલ્ફા ફરી મુલત્વી

## યશરાજનાં સ્પાય યુનિવર્સની ઠેકડીઓ ઉડી હોવાથી ધુરંધર ટુ સામે પણ ટક્કર ટાળશે

મુંબઈ, તા.28

આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની સ્પાય યુનિવર્સની ફિલ્મ 'આલ્ફા' મૂળ આ ડિસેમ્બરના અંતમાં રીલિઝ થવાની હતી. પરંતુ, સ્પાય યુનિવર્સની 'વોર ટુ' નિષ્ફળ જતાં પ્રોડયૂસર આદિત્ય ચોપરાએ ફિલ્મમાં અનેક ફેરફારો કરાવ્યા હતા. તેના કારણે 'આલ્ફા'ની રીલિઝ ઠેલાઈને એપ્રિલ ૨૦૨૬માં નક્કી થઈ હતી. જોકે, હવે ફરી આદિત્ય ચોપરાએ આ જ સમયગાળામાં રીલિઝ થનારી સલમાન ખાનની 'બેટલ ઓફ ગલવાન ' સામે ટક્કર ટાળવા ફિલ્મની રીલિઝ ફરી મુલત્વી કરી દીધી હોવાની વાત પ્રસરી છે. જોકે, ટ્રેડ વર્તુળોમાં ચર્ચા મુજબ આદિત્ય ચોપરાને વાસ્તવમાં સલમાનની ફિલ્મ નહિ પરંતુ




'ધુરંધર'ની સફળતાની ફડક પેઠી છે. 'ધુરંધર'માં જે રીતે ભારતીય સ્પાયને બતાવાયો છે તે પછી આદિત્ય ચોપરાનાં સ્પાય યુનિવર્સમાં ભારતીય સ્પાયની વાર્તાઓનું કેવું તદ્દન અવાસ્તવિક અને અતાર્કીક તથા બેહદ ગ્લેમરાઈઝ ચિત્રણ થતુમ હતું તે સામે આવી ગયું છે. સોશિયલ મીડિયા પર યશરાનાં સ્પાય યુનિવર્સની ઠેકડી ઉડાડતી અનેક રીલ્સ વાયરલ થઈ છે. આદિત્ય ચોપરાને બીક પેઠી છે કે હવે 'આલ્ફા' રીલિઝ થશે ત્યારે લોકો ફરી તેની 'ધુરંધર' સાથે સરખામણી કરી શકે છે. વધુમાં આગામી ઉનાળા વખતે જ 'ધુરંધર ટુ' પણ રીલિઝ થવાની છે. આ સંજોગોમાં આલ્ફા માટે અનુકૂળ તારીખ શોધવાનું વધુ મુશ્કેલ બની ગયું છે.

# કપિલ શર્મા સાથે કોમેડી થઈઃ ફિલ્મ ફરી રીલિઝ કરવી પડશે



## ધુરંધર સામે ધોવાઈ જતાં હવે ખોટ ભરપાઈ કરવા હવે જાન્યુ.માં ફરી રીલિઝ

મુંબઈ, તા.28

રણવીરની 'ધુરંધર'નાં વાવાઝોડાંમાં ધોવાઈ ગયેલી કપિલ શર્માની ફિલ્મ હવે રીરીલિઝ કરવાનો નિર્ણય લેવાયો છે.

કપિલ શર્માની ફિલ્મ 'કિસ કિસ કો પ્યાર કરું ટુ' ગઈ તા. ૧૨મી ડિસેમ્બરે રીલિઝ થઈ હતી. પરંતુ હજુ આગલાં સપ્તાહે જ રજૂ થયેલી રણવીરની 'ધુરંધર' બોક્સ ઓફિસ પર સફળ થતાં મોટાભાગના થિયેટર માલિકોએ કપિલની ફિલ્મ માટે સ્ક્રીન ફાળવવાનો જ ઈન્કાર કરી દીધો હતો. આ ફિલ્મ કુલ ૧૨ કરોડ રુપિયા માંડ કમાઈ શકી હતી. તેના કારણે નિર્માતાઓને ભારે મોટી ખોટ સહન કરવી પડી હતી.

હવે નિર્માતાઓએ જાન્યુઆરીમાં જ્યારે કોઈ મોટી ફિલ્મ સ્પર્ધામાં ન હોય ત્યારે તેને નવેસરથી રીલિઝ કરવાનો તખ્તો ગોઠવ્યો છે. નાનાં-મોટાં થિયેટરોમાં પણ થોડાંઘણાં સ્ક્રીન મળી જાય તો એટલિસ્ટ ફિલ્મનો ખર્ચો નીકળી જાય તેવો તેમનો હેતુ છે.

# અમિતાભ બચ્ચને એવોર્ડ ન ખરીદ્યો એટલે અનિલ કપૂરને મળ્યો...', જાણીતા પ્રોડ્યુસરનો સનસનાટીભર્યો દાવો....

મુંબઈ, તા.28

બોલિવૂડમાં છેલ્લા ઘણા વર્ષોથી એવોર્ડ સેરેમનીની પરંપરા ચાલતી આવી છે. એવું માનવામાં આવે છે કે, જે પણ એક્ટરને 'બેસ્ટ એક્ટર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે તેની ઈન્ડસ્ટ્રીમાં વેલ્યૂ ખૂબ વધી જાય છે. આના ચક્કરમાં ઘણા લોકો એવોર્ડ ખરીદવા પણ લાગ્યા છે. આ વાતનો ખુલાસો ઘણા એક્ટર અને સ્ટાર્સ કરી ચૂક્યા છે.

હવે તાજેતરમાં જ બોલિવૂડના જાણીતા પ્રોડ્યૂસર અને મુંબઈના ફેમસ થિયેટર ગેટી ગેલેક્સીના માલિક મનોજ દેસાઈએ ઈન્ડસ્ટ્રી સાથે સબંધિત કેટલાક સનસનાટીભર્યા દાવા કર્યા છે. તેણે દાવો કર્યો છે કે, આ વખતે અમિતાભ બચ્ચનને એવોર્ડ ખરીદવાની ઓફર મળી હતી, જેનો



અભિનેતાએ ઈનકાર કરી દીધો અને એવોર્ડ ન ખરીદ્યો. પરંતુ પછી તે એવોર્ડ અનિલ કપૂરને મળ્યો. પ્રોડ્યૂસરનો દાવો છે કે અનિલ કપૂરે તે એવોર્ડ ખરીદ્યો હતો.

એક યુટ્યુબ ચેનલ પર મનોજ દેસાઈએ કહ્યું કે, 'એકવાર હું અને અમિતાભ બચ્ચન સાથે બેઠા હતા. તે સમયે એક એવોર્ડ ફંક્શન ચાલી રહ્યો હતો. ત્યારે રઉફ અહેમદ જે તે સમયે ફિલ્મ રાઈટર હતા, મારી પાસે આવ્યા અને કહ્યું કે, 'જો હું અમિતાભ બચ્ચનને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપું તો શું તમે આખી પાર્ટીનો ખર્ચ ઉઠાવશો?' હું અમિતાભ બચ્ચન પાસે ગયો અને તેમને આ જ વાત કહી. તો તેમણે કહ્યું કે, 'અમિતાભ બચ્ચન એવોર્ડ નથી ખરીદતો.'

મનોજ દેસાઈએ આગળ જણાવ્યું કે, 'અમિતાભ બચ્ચને બેસ્ટ એક્ટરનો એવોર્ડ અનાઉન્સ થાય તે પહેલા જ વિજેતાનું નામ જણાવી દીધું હતું. અમિતાભ બચ્ચને કહ્યું કે, મને ખબર છે કે આ એવોર્ડ કોને મળશે. આ એવોર્ડ અનિલ કપૂરને મળશે. કારણ કે અનિલે પહેલાથી જ પોતાના ઘરની છત પર એક મોટી પાર્ટીનું આયોજન કરી રાખ્યું છે. તે વર્ષે અનિલ કપૂરને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. મને લાગે છે કે તે ફિલ્મ મિસ્ટર ઈન્ડિયા માટે મળ્યો હતો. અનિલ કપૂરે ફિલ્મફેર પાર્ટીનો તમામ ખર્ચ ઉઠાવવાનો વાયદો કર્યો હતો તેથી તેને એવોર્ડ મળી ગયો.'

તમને જણાવી દઈએ કે, અનિલ કપૂરની ફિલ્મ 'મિસ્ટર ઈન્ડિયા' 1987માં આવી હતી, જે સુપરહિટ રહી હતી. જોકે, તેને આ ફિલ્મ માટે કોઈ એવોર્ડ નહોતો મળ્યો. વાસ્તવમાં અનિલ કપૂરને પોતાની 1988માં આવેલી ફિલ્મ 'તેજાબ' માટે 1989માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. તે વર્ષે તેની સામે અમિતાભ બચ્ચન તેમની ફિલ્મ 'શહેનશાહ' માટે બેસ્ટ એક્ટર નોમિનેટ થયા હતા. તેથી, મનોજ દેસાઈનો અનિલ કપૂર માટે'મિસ્ટર ઈન્ડિયા' માટે એવોર્ડ જીતવાનો દાવો ખોટો સાબિત થયો છે.

# પલક તિવારી મોઢું ઢાંકીને ઈબ્રાહિમ સાથે ફરવા ઉપડી



મુંબઇ, તા.28

પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન સાથે સાથે નવાં વર્ષની રજાઓ માણવા ફરવા ઉપડયાં હતાં. પલક તિવારીએ પોતાની ઓળખ છૂપાવવા માટે મોઢે માસ્ક પહેરી રાખ્યું હતું. તે અને ઈબ્રાહિમ થોડું અંતર જાળવીને આગળ પાછળ આવ્યાં હતાં. જોકે, બંને પાપારાઝીઓનાં કેમેરામાં કેદ થઈ ગયાં હતાં. પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા ૨૦૨૨થી થઈ રહી છે. બન્ને જણા વારંવાર સાથે વેકેશન અને પાર્ટીઓમાં પણ સાથે દેખાતા હોય છે. જોકે, ઈબ્રાહિમના દાવા અનુસાર પલક તેની ફક્ત સારી મિત્ર જ છે. જોકે, બંનેના ફરી સાથે આઉટિંગથી તેના આ દાવાની પોલ ઉઘાડી પડી ગઈ છે.

# સોનામાં આ વર્ષે 1 લાખ પર 80 હજારનો નફો: 2026માં ગોલ્ડ, શેર, પ્રોપર્ટીમાં 15% સુધી રિટર્નની આશા....

**મુંબઈ, તા.28**

આ વર્ષે સોનાએ 1 લાખ રૂપિયાના રોકાણને 1.80 લાખ બનાવી દીધું. અહીં, 80% રિટર્ન મળ્યું. જ્યારે શેરબજાર અને FDમાં માત્ર 8% રિટર્ન મળ્યું. એટલે કે 1 લાખનું રોકાણ 1.08 લાખ જ બન્યું.

માર્કેટ એક્સપટ્ર્સના જણાવ્યા અનુસાર 2026માં સોનું, શેર અને પ્રોપર્ટીમાં 12 થી 15% સુધી રિટર્ન મળી શકે છે. એટલે કે, 1 લાખના રોકાણ પર આશરે 15 હજારનો નફો થઈ શકે છે.

રોકાણ કેવી રીતે કરી શકાય: પ્રતિષ્ઠિત જ્વેલર્સ પાસેથી ગોલ્ડ-સિલ્વરના સિક્કા અથવા જ્વેલરી ખરીદી શકાય છે. પરંતુ ફિઝિકલ ગોલ્ડમાં સ્ટોરેજ અને અસલી-નકલીની ઓળખ એક સમસ્યા છે. બીજી તરફ ગોલ્ડ-સિલ્વર ETFમાં રોકાણ કરવા માટે ડીમેટ એકાઉન્ટ હોવું જોઈએ. આમાં સ્ટોરેજ અને અસલી-નકલી ઓળખની સમસ્યા નથી. કોણે રોકાણ કરવું જોઈએ: ગોલ્ડ-સિલ્વરમાં રોકાણ એ લોકો કરી શકે છે જેઓ ઓછા જોખમમાં વધુ સારું રિટર્ન ઈચ્છે છે. જેમ કે રિટાયરમેન્ટ પ્લાન કરનારાઓ, નવા રોકાણકારો અથવા એવા લોકો જે શેરબજારથી ડરે છે. જૂનો રેકોર્ડ જણાવે છે કે ગોલ્ડએ છેલ્લા 5 વર્ષમાં 34% અને સિલ્વરએ 45% વાર્ષિક રિટર્ન આપ્યું છે.

કેટલું રિટર્ન મળી શકે: કેડિયા એડવાઈઝરીના ડાયરેક્ટર અજય કેડિયાના જણાવ્યા મુજબ, આવતા વર્ષ સુધી સોનું 1.60 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર કરી શકે છે. એટલે કે, વર્તમાન ભાવથી 12-15% રિટર્ન મળી શકે છે. અન્ય એક માર્કેટ એક્સપર્ટ અનુજ ગુપ્તા પણ સોનું 1.50 લાખને પાર થવાની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે.

જ્યારે અજય કેડિયાના જણાવ્યા અનુસાર સિલ્વર 2.5 લાખ રૂપિયા પ્રતિ કિલોને પાર કરી શકે છે. અત્યારે સિલ્વર 2.15 લાખ રૂપિયાની આસપાસ ચાલી રહ્યું છે. એટલે કે, આમાં પણ આશરે 15% રિટર્ન મળી શકે છે. છેલ્લા એક વર્ષમાં સિલ્વરએ 150% રિટર્ન



આપ્યું છે. ડિસેમ્બર 2024માં સિલ્વરના ભાવ 85 હજારની આસપાસ હતા.

ડિસેમ્બર 2020માં ચાંદી 65 હજાર પ્રતિ કિલોની આસપાસ હતી. હવે ચાંદી 2.15 લાખ પ્રતિ કિલો ચાલી રહી છે. એટલે કે, 5 વર્ષમાં ચાંદીએ 230% રિટર્ન આપ્યું છે. વાર્ષિક ધોરણે આ 46% ની આસપાસ છે.

ડાયરેક્ટ કંપનીઓના શેર ખરીદવા: આમાં હાઈ રિટર્ન મળી શકે છે, પરંતુ રિસ્ક પણ વધારે છે. માર્કેટ ક્રેશ, કંપની સ્પેસિફિક પ્રોબ્લેમ્સ, ભારે ઉતાર-ચઢાવને કારણે રિસર્ચ અને ટાઈમિંગની જરૂર પડે છે. જો ખોટી પસંદગી કરી તો મોટું નુકસાન થઈ શકે છે.

મ્યુચ્યુઅલ ફંડ્સ અથવા ઈન્ડેક્સ ETF: આનાથી પણ રોકાણ કરી શકાય છે. આમાં રિસ્ક ઓછું છે, કારણ કે ફંડ મેનેજર્સ રોકાણને મેનેજ કરે છે. આમાં અલગ-અલગ શેરો કે સેક્ટરમાં પૈસા લાગે છે. મ્યુચ્યુઅલ ફંડ સ્ટોક એક્સચેન્જ પર ટ્રેડ થતા નથી, જ્યારે ETF BSE અને NSE પર ટ્રેડ થાય છે.

રોકાણ કેવી રીતે કરી શકાય: ડાયરેક્ટ સ્ટોક્સ અને ETF માટે ડીમેટ એકાઉન્ટ જરૂરી છે. ઝિરોધા, ગ્રો, એન્જલ વન જેવી એપ્સથી આને ઓનલાઈન ઓપન કરી શકાય છે. આ પ્લેટફોર્મ્સ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણની પણ સુવિધા આપે છે. આમાં વન ટાઈમ અથવા SIPથી રોકાણ કરી શકાય છે.

કોણે રોકાણ કરવું જોઈએ: ઈક્વિટીમાં રોકાણ એ લોકો કરે જેઓ હાઈ રિસ્ક લઈ શકે છે અને લોંગ ટર્મ (5-10 વર્ષ+) માટે સારું રિટર્ન ઈચ્છે છે. જેમ કે યંગ ઈન્વેસ્ટર્સ, વેલ્થ ક્રિએશન માટે, રિટાયરમેન્ટ પ્લાનિંગ. જૂનો રેકોર્ડ જણાવે છે કે બજાર લોંગ ટર્મમાં બેસ્ટ પરફોર્મિંગ એસેટ ક્લાસ છે.

કેટલું રિટર્ન મળી શકે: ICICI ડાયરેક્ટ, એક્સિસ સિક્યોરિટીઝના જણાવ્યા પ્રમાણે, 2026ના અંત સુધીમાં નિફ્ટી 29,000ને પાર કરી શકે છે. એટલે કે, વર્તમાન 26,000ના સ્તરથી 12-15% નું રિટર્ન શક્ય છે. લોંગ ટર્મમાં ઈક્વિટીથી 12-15% વાર્ષિક રિટર્નની આશા રાખવામાં આવે છે. ડાયરેક્ટ રિયલ એસ્ટેટ: એટલે કે, ઘર/પ્લોટ/કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદવી. આમાં લોંગ ટર્મમાં પૈસા વધે છે અને રેન્ટલ ઈનકમનો ફાયદો મળે છે. પરંતુ હાઈ ઈનિશિયલ કોસ્ટ, મેન્ટેનન્સ, ભાડુઆત, વેચવામાં સમય લાગવો, સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ચાર્જીસ જેવી સમસ્યાઓ છે. REITs: એટલે કે, રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ. આનો સૌથી મોટો ફાયદો એ છે કે નાની રકમથી કોમર્શિયલ પ્રોપર્ટી (ઓફિસ, મોલ્સ)માં હિસ્સેદારી મળી જાય છે. આમાં પ્રોફેશનલ મેનેજમેન્ટ, હાઈ લિક્વિડિટી અને રેગ્યુલર ડિવિડન્ડનો ફાયદો મળે છે.

રોકાણ કેવી રીતે કરી શકાય: ડાયરેક્ટ પ્રોપર્ટી માટે રિયલ એસ્ટેટ એજન્ટ્સ અથવા ડેવલપર્સ (જેમ કે DLF, ગોદરેજ, લોઢા) પાસેથી ખરીદી શકાય છે. જ્યારે REITs માં રોકાણ માટે ડીમેટ એકાઉન્ટ જોઈએ. પોપ્યુલર REITs જેવા કે એમ્બેસી ઓફિસ પાર્ક્સ, માઈન્ડસ્પેસ બિઝનેસ પાર્ક્સને ઝિરોધા, ગ્રો જેવી એપ્સથી સ્ટોકની જેમ ખરીદી શકાય છે.

## રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલની નવી વિંગ 'જીવન'ના ઉદ્ઘાટનમાં ભાવુક થયા નીતા અંબાણી, સ્વર્ગસ્થ પિતાને આપી શ્રદ્ધાંજલિ




**મુંબઈ, તા.28**

રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણીએ રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલમાં એક નવી વિંગનું ઉદ્ઘાટન કર્યું. જેનું નામ JEEVAN ( જીવન ) રાખવામાં આવ્યું છે. 'જીવન'ના લોકાર્પણના અવસરે પૂજા પણ કરવામાં આવી. ત્યારે નીતા અંબાણીએ તેમના પિતા રવીન્દ્રભાઈ દલાલને શ્રદ્ધાંજલિ આપી.

'જીવન'ના લોકાર્પણમાં નીતા અંબાણીની સાથે મુકેશ અંબાણી તથા અંબાણી પરિવારના અન્ય સભ્યો પણ પૂજામાં સામેલ થયા હતા. નોંધનીય છે કે આજે જ ફાઉન્ડર ચેરમેન શ્રી ધીરુભાઈ અંબાણીની પણ જન્મતિથિ છે. એવામાં આજથી જ રિલાયન્સ ફાઉન્ડેશનની હોસ્પિટલ 'જીવન'ના દ્વાર અનેક દર્દીઓ માટે ખૂલ્યા છે.

આ અવસરે નીતા અંબાણીએ કહ્યું હતું, કે પપ્પા સૌથી ઉદાર વ્યક્તિ અને કરુણાની મૂર્તિ હતા. હું આ હોસ્પિટલ પપ્પાને સમર્પિત કરું છું. તેમણે તેમના બાળકો અને પૌત્રોમાં સેવાના મૂલ્યો સ્થાપિત કર્યા. આપણે 'જીવન'માં તેમના સેવા અને કરુણાના મૂલ્યોને જીવંત રાખવા પ્રયાસ કરીશું.

## ઝેપ્ટો ₹11,000 કરોડનો IPO લાવશે: સેબીને કોન્ફિડેંશિયલ રૂટથી પેપર્સ જમા કરાવ્યા; આવતા વર્ષે લિસ્ટિંગની તૈયારી

**મુંબઈ, તા.28**

ક્વિક કોમર્સ કંપની ઝેપ્ટો આવતા વર્ષે 11 હજાર કરોડ રૂપિયાનો IPO લાવશે. કંપનીએ પોતાની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ લાવવા માટે માર્કેટ રેગ્યુલેટર સેબી (SEBI) પાસે શરૂઆતી દસ્તાવેજો જમા કરાવી દીધા છે. ખાસ વાત એ છે કે કંપનીએ IPO માટે કોન્ફિડેન્શિયલ રૂટ પસંદ કર્યો છે.

ઝેપ્ટોના આ પગલાથી ક્વિક કોમર્સ સેક્ટરમાં સ્પર્ધા વધશે અને ગ્રાહકોને વધુ વિકલ્પો મળશે. આ IPO મેઈન બોર્ડ પર હશે. જો બધું બરાબર રહ્યું, તો ઝેપ્ટો ઝોમેટો અને સ્વિગી પછી ક્વિક કોમર્સ સેક્ટરની ત્રીજી લિસ્ટેડ કંપની બનશે. ઝોમેટો 2021માં લિસ્ટ થઈ હતી, જ્યારે સ્વિગીએ નવેમ્બર 2024માં ડેબ્યૂ કર્યું હતું.




કોન્ફિડેંશિયલ રૂટ દ્વારા DRHP ફાઈલ કરવાનો ફાયદો એ છે કે કંપની પહેલા SEBI સાથે દસ્તાવેજો શેર કરે છે, પરંતુ જાહેર જનતા સમક્ષ વધુ વિગતો આવતી નથી. આનાથી કંપનીને ફિડબેક મળે છે અને જરૂરી ફેરફારો કરવાની તક મળે છે. ઝેપ્ટોએ પ્રી-ફાઈલિંગનું કામ પૂર્ણ કરી લીધું છે, એવી અપેક્ષા છે કે આવતીકાલે તે સ્ટોકહોલ્ડર્સને આ વિશે જાણ કરશે.

રિપોર્ટ્સ અનુસાર, ઝેપ્ટોનો IPO લગભગ 11,000 કરોડ રૂપિયાનો હોઈ શકે છે. તેમાં ફ્રેશ શેર્સની સાથે-સાથે હાલના રોકાણકારોનો ઓફર ફોર સેલ (OFS) પણ સામેલ હશે.

એકત્ર કરાયેલા પૈસાનો મોટો ભાગ કંપની પોતાના ક્વિક કોમર્સ બિઝનેસને વિસ્તૃત કરવામાં ખર્ચ કરશે. કારણ કે કંપનીનો આ સેક્ટરના મોટા પ્લેયર્સ - બ્લિંકિટ, સ્વિગી ઈન્સ્ટામાર્ટ, બિગ બાસ્કેટ અને ફ્લિપકાર્ટ મિનિટ્સ સાથે કોમ્પિટેશન છે.

ઝેપ્ટો સાથે કામ કરી રહેલા બેન્કર્સમાં એક્સિસ બેન્ક, મોતીલાલ ઓસવાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ, મોર્ગન સ્ટેનલી, HSBC અને ગોલ્ડમેન સૅક્સના ભારતીય યુનિટ્સ સામેલ છે. કંપનીનું લેટેસ્ટ વેલ્યુએશન 7 બિલિયન ડોલર (લગભગ 63,000 કરોડ) છે, જે આ વર્ષે ઓક્ટોબરમાં 450 મિલિયન ડોલર (4,200 કરોડ)ના ફંડિંગ રાઉન્ડ પછી આવ્યું હતું.

ઝેપ્ટો બેંગલુરુ સ્થિત કંપની છે. તેની શરૂઆત 2020માં થઈ હતી. તેના સ્થાપકો આદિત પાલિચા અને કૈવલ્ય વોહરા છે. માત્ર 5-6 વર્ષમાં કંપનીનો ગ્રોથ ઘણો સારો રહ્યો છે. હવે કંપની પાસે સારો રોકડ રિઝર્વ પણ છે.

ફંડિંગની વાત કરીએ તો, 2023માં કંપનીએ જૂનમાં 6,000 કરોડ, ઓગસ્ટમાં 3,050 કરોડ અને નવેમ્બરમાં 3,100 કરોડ એકત્ર કર્યા હતા. આ વર્ષે ઓક્ટોબરમાં 4,042 કરોડનું ફંડ એકત્ર કરવામાં આવ્યું હતું, જેનો રાઉન્ડ US પેન્શન ફંડ દ્વારા લીડ કરવામાં આવ્યો હતો.

## 'અર્થ'નું અર્થઘટન: વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 7 : જીવન ધોરણને અપગ્રેડ કરવું ખૂબ જ જરૂરી

**મુંબઈ, તા.28**

છેલ્લા લેખમાં, standard of Living (જીવન ધોરણ અથવા જીવન સ્તર) વિશે વાત કરી. જીવન ધોરણ અથવા જીવન સ્તરને અપગ્રેડ કરવું અને સતત જાળવી રાખવું એ ખૂબ જ જરૂરી છે. આજે, જીવન સ્તરને મહત્વનો ટેકો આપે છે એ પરિબળ વિશે વિસ્તૃત વાત કરીશું. છેલ્લાં લેખમાં, મેં એક ડાયાગ્રામ બતાવ્યો હતો અને એમાં getting by અને comfortની વચ્ચે LIનો ટેકો બતાવ્યો છે. આ LI એટલે Life Insurance. આપણા જીવનમાં, ક્યારેક એવાં સમાચાર મળ્યા હશે કે ઘરનાં મુખ્ય કમાનાર વ્યક્તિનું આકસ્મિક અવસાન થયું છે એમના પરિવારની હાલત કફોડી બની ગઈ છે. ઘરનો એકનો એક દીકરો આ દુનિયામાં ન રહ્યો માટે ઘરની આર્થિક સ્થિતિ કપરી બની ગઈ, વહુએ સામાન્ય નોકરી



કરવાની ફરજ પડી. આવા તો અનેક પ્રકારના કિસ્સા આપણી સામે આવતા રહે છે. હવે, આવી કોઈ ઘટના આપણી સાથે ન બને એના માટે આપણે અત્યારથી જ એવું કોઈ સુંદર આયોજન કરવું જોઈએ કે કોઈ પણ પ્રકારની પરિસ્થિતિમાં રૂપિયાની તકલીફ તો ક્યારે પણ ન જ પડે. જો તમારી પાસે આવા કોઈ પ્રકારના પ્લાન્સ હોય તો ખૂબ જ સારું આયોજન કર્યું કેહવાય. ટર્મ પ્લાન અને પર્સનલ અકસ્માત પોલિસી એટલા માટે ખૂબ જ ફાયદાકારક છે કારણ કે તેમાં ખૂબ જ ઓછા પ્રીમિયમ માં તમને મોટા પ્રમાણમાં સુરક્ષા મળે છે. એટલે એવી કોઈ પણ આકસ્મિક જરૂરિયાત આવી પડે તો આ પોલિસી તાત્કાલિક રૂપિયા આપે છે. દરેક વ્યક્તિ એ પોતાના વાર્ષિક બજેટમાં આને પ્રાધાન્ય આપવું જ જોઈએ. કારણ કે તમારા ઉપર તમારું પરિવાર નભે છે અને આપણે કેવી રીતે એવું કરી શકીએ કે આપણી ગેરહાજરી માં એ પરિવાર પર આર્થિક બોજો અને સંકળાશ આવી જાય. ઘણી વખતે લોકો મને પૂછતાં હોય છે કે તમારી દૃષ્ટિ એ ટર્મ પ્લાન કેટલાનો હોવો જોઈએ..?? મારા જવાબમાં હું હંમેશા એવું જ કહું છું કે આ દરેક વ્યક્તિની જરૂરિયાત પર નિર્ભર કરે છે અને સાથે સાથે તેમની Human Life Value પર આધારિત છે. એના થોડા calculations છે એના આધારે હું એ વ્યક્તિની actual HLV ગણી શકું અને એના આધારે પ્લાન સજેસ્ટ કરી શકાય.

# નિફ્ટી 26311 ઉપર બંધ થતાં 26577 અને સેન્સેક્સ 85888 ઉપર બંધ થતાં 867પપ જોવાશે

## KOTAK BANK એ અપેક્ષિત શેર દીઠ આવક રૂ.87.4 અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.742 સામે રૂ.૫ પેઈડ-અપ શેર રૂ.2164 ભાવે 24.5ના પી/ઈએ ટ્રેડ થઈ રહ્યો છે

**મુંબઈ, તા.28**

વર્ષ ૨૦૨૫નો અંત ભારતીય શેર બજારોમાં સેન્સેક્સ, નિફ્ટીમાં રેકોર્ડ તેજી સાથે થઈ રહ્યો છે. ઈન્ડેક્સ મેનેજમેન્ટ સામે બજારમાં અન્ય ઘણા સેક્ટર ઉદ્યોગો અને ખાસ સ્મોલ, મિડ કેપ શેરોમાં રોકાણકારો માટે નેગેટીવ વળતર હાથ લાગતા નિરાશા છવાયેલી છે. વૈશ્વિક જીઓપોલિટીકલ પડકારો અને અમેરિકામાં ટ્રમ્પ સરકારના ટેરિફ યુદ્ધને કારણે અન્ય દેશોની સાથે ભારતીય ઉદ્યોગો, કોર્પોરેટ ઈન્ડિયાની નિકાસ મોરચે કામગીરી પર અનિશ્ચિતતાને લઈ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો પણ નવા રોકાણનું કમિટમેન્ટ કરવાથી દૂર રહી દરેક લેવલે શેરોમાં વેચીને એક્ઝિટ લેતાં જોવાયા છે. આમ એકંદર વર્ષ ૨૦૨૫માં વિદેશી ફંડોની એક્ઝિટ રહી છે. પરંતુ સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ દરેક ઘટાડે શેરોમાં મ્યુચ્યુઅલ ફંડોમાં રિટેલ રોકાણકારોના સતત રોકાણ પ્રવાહ થકી ખરીદી કરતાં રહી બજારને ટકાવી રાખવાના પ્રયાસો કર્યા છે. વર્ષાંતે પોર્ટફોલિયોમાંથી નબળા શેરોને એક્ઝિટ આપીને ફંડો છેલ્લા કેટલાક દિવસોથી વેચવાલી કરી રહ્યા હોઈ અનેક રોકાણકારોના પોર્ટફોલિયો ડામાડોળ થયા છે. વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક પડકારોની સાથે કોર્પોરેટ ઈન્ડિયા માટે પણ આરંભિક દિવસો કઠીન બની રહેવાની પૂરી શકયતા છે. જેથી શેરોમાં હાલ તુરત નવી મોટી ખરીદીમાં સાવચેત રહી સિલેક્ટિવ રહેવું ખૂબ જ જરૂરી છે. અમેરિકા સાથે ટેરિફ મામલે ટ્રેડ ડિલ ન થાય અને વૈશ્વિક યુદ્ધનો વંટોળ શાંત થઈ કોઈ સ્પષ્ટ સ્થિરતાનો સંકેત ન આપે ત્યાં સુધી જે તે શેરો સસ્તા સમજીને રોકાણ દોટ મૂકવી હિતાવહ નથી. આગામી નવા સપ્તાહમાં નિફ્ટી સ્પોટ ૨૫૭૭૭ની ટેકાની સપાટીએ ૨૬૩૧૧ ઉપર બંધ આવતા ૨૬૫૭૭ અને સેન્સેક્સ ૮૪૧૮૮ના સપોર્ટે ૮૫૮૮૮ ઉપર બંધ થતાં ૮૬૭૫૫ જોવાઈ શકે છે.

બીએસઈ (૫૦૦૨૪૭), એનએસઈ (KOTAKBANK) લિસ્ટેડ, રૂ.૫ પેઈડ-અપ, કોટક મહિન્દ્રા બેંક લિમિટેડKOTAK MAHINDRA BANK LIMITED), વર્ષ ૧૯૮૫માં બિલ ડિસ્કાઉન્ટિંગ બિઝનેસ શરૂ કરી કોટક મહિન્દ્રા ફાઈનાન્સ લિમિટેડ તરીકે સ્થપાયેલઅને વર્ષ૨૦૦૩માં બેંકિંગ લાઈસન્સ સાથે ભારતની પ્રથમ કમર્શિયલ બેંકમાં કન્વર્ટ થયેલી નોન-બેંકંગ ફાઈનાન્સ કંપની બની હતી. કોટક ભારતના અગ્રણી વૈવિધ્યસભર અને સંકલિત ફાઈનાન્શિયલ સર્વિસિઝ ગ્રુપો પૈકી એક છે. જે ભારતમાં ગ્રાહકો અને ભૌગોલિક વિભાગોમાં વ્યાપક શ્રેણીના નાણાકીય ઉકેલો પૂરા પાડે છે. એક ગ્રુપ તરીકે કોટક મુખ્ય ભૌગોલિક સ્થળોએ આંતરરાષ્ટ્રીય સબસીડિયરી કંપનીઓ અને બ્રાન્ચો થકી વિદેશના બજારોમાં પણ કાર્ય કરે છે. ૧, એપ્રિલ ૨૦૧૫માં આઈએનજી વૈશ્ય બેંક લિમિટેડનું કોટક મહિન્દ્રા બેંક લિમિટેડમાં મર્જર થયું હતું. બેંક વ્યુહાત્મક ચાર બિઝનેસ યુનિટો કન્ઝયુમર બેંકિંગ, કોર્પોરેટ બેંકિંગ, કમર્શિયલ બેંકિંગ અને ટ્રેઝરી ધરાવે છે. આ અલગ અલગ યુનિટો થકી બેંક હોમ




લોન, પર્સનલ લોન, બચત ખાતા, ચાલુ ખાતા, ક્રેડિટ કાર્ડસ, નેશનલ પેન્શન સ્કિમ-એનપીએસ, બિઝનેસ લોન, ઝીરો બેલેન્સ સેવિંગ્સ એકાઉન્ટ, લાઈફ ઈન્સ્યોરન્સ, ફિક્સ્ડ ડિપોઝિટ, રીકરીંગ ડિપોઝિટ, પ્રોપર્ટી સામે લોન, ગોલ્ડ લોન, એજ્યુકેશન લોન, પ્રીપેઈડ કાર્ડ, સેલેરી એકાઉન્ટ, સોવરેઈન ગોલ્ડ બોન્ડ અને બીબીપીએસ, ફોરેક્સ કાર્ડ સહિતની પ્રોડક્ટ અને સર્વિસિઝ ઓફર કરે છે.

બેંક લગભગ દરેક ફાઈનાન્શિયલ સર્વિસિઝ પ્રોડક્ટ ઓફર કરે છે. જે બેંકની વૈવિધ્યીકૃત ફાઈનાન્શિયલ હાઉસની સ્પષ્ટ ઓળખ છે, ચાર સેગ્મેન્ટ ધરાવતું આ ફાઈનાન્સ જાયન્ટ બેંકિંગ અને ધિરાણ, કેપિટલ માર્કેટ્સ, એસેટ મેનેજમેન્ટ અને પ્રોટેકશન સર્વિસિઝ ક્ષેત્રે સક્રિય છે. ૫.૩ કરોડ ગ્રાહકો, ૧,૧૪,૦૦૦થી વધુ પૂર્ણ સમયના કર્મચારીઓ, ૯,૨૦,૦૦૦ કરોડથી વધુ રિલેશનશીપ વેલ્યુ, રૂ.૬,૯૯,૮૮૫ કરોડની એયુએમ, કુલ થાપણો રૂ.૫,૨૮,૭૭૬ કરોડ, કુલ ધિરાણ રૂ.૪,૪૪,૮૦૦ કરોડ ધરાવે છે.

નેટવર્ક : કોટક મહિન્દ્રા કોન્સોલિડિટેડ ધોરણે બેંક ૨૧૪૮ શાખા-બ્રાન્ચ, ૩૨૯૫ એટીએમ, દેશભરમાં ૯૬૧ ઓપરેટીંગ લોકેશન, ભારતમાં ૫૩૭૮ ગ્રુપ બ્રાન્ચ નેટવર્ક ધરાવે છે. આ સિવાય ભારતમાં ગ્રુપ બ્રાન્ચ નેટવર્કમાં ૧૫૯ કોટક મહિન્દ્રા પ્રાઈમ, ૧૧૪૩ કોટક સિક્યુરિટીઝ, ૩૨૩ કોટક મહિન્દ્રા લાઈફ ઈન્સ્યોરન્સ, ૧૦૬ કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ, ૮૭૮ બીએસએસ માઈક્રોફાઈનાન્સ, ૬૨૧ સોનાટા ફાઈનાન્સ નેટવર્ક ધરાવે છે. આ સિવાય કોટક મહિન્દ્રા બેંક ડીઆઈએફસી(દુબઈ) અને ગિફ્ટ સિટી(ગુજરાત)માં શાખા ધરાવે છે.

બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ત્રિમાસિકમાં રૂ.૩૨૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અન્ય આવક મંદ(ટ્રેઝરી ખોટ) રહ્યા સામે ઓપરેટીંગ ખર્ચ નિયંત્રણ દ્વારા સરભર કરી આ નફો હાંસલ કરાયો છે. આરઓએ ૧.૯ ટકા મજબૂત રહ્યો છે. બેંકે વાર્ષિક ૧૬થી ૧૭ ટકા લોન વૃદ્ધિ જાળવી રાખી છે. જો કે ચોખ્ખું વ્યાજ માર્જિન-એનઆઈએમ ૧૧ બેઝિઝ પોઈન્ટ ઘટીને ૪.૫૪ ટકા રહ્યું છે. ગ્રોસ સ્લિપેજીસમાં નજીવો ઘટાડો થયો છે, પરંતુ નેટ સ્લિપેજીસમાં સ્વસ્થ ગતિએ સુધારો થયો છે. ધિરાણ ખર્ચમાં પણ ત્રિમાસિક ધોરણે ઘટાડો થયો છે.

બેંકે બીજા ત્રિમાસિકમાં એસએમઈ બુકમાં સતત સારી વૃદ્ધિ જાળવી વાર્ષિક ધોરણે ૧૬ ટકા વૃદ્ધિ નોંધાવી છે. થાપણોમાં સ્વ-રોજગાર ગ્રાહક પર ધ્યાન કેન્દ્રિત કરવાથી ગ્રાહક સંપાદનમાં સારા પરિણામો મેળવ્યા છે. બેંકની એસેટ ગુણવતામાં પણ સુધારો થયો છે. બેંકની કુલ એનપીએ ૧.૫ ટકાથી ઘટીને ૧.૪ ટકા અને નેટ એનપીએ ૦.૪ ટકાથી ઘટીને ૦.૩ ટકા રહી છે. થાપણો પરના દરોમાં ઘટાડાનો ફાયદો આગામી બે ત્રિમાસિકમાં અપેક્ષિત છે. ચોખ્ખા વ્યાજ માર્જિનમાં પણ થાપણ પરના દરોમાં ઘટાડા અને સીઆરઆર ઘટાડાના લાભ થકી ધીમી ગતિએ સુધારો અપેક્ષિત છે.

પ્રમોટર્સ પાસે ૨૫.૯ ટકા, સંસ્થાકીય રોકાણકારો પાસે ૬૧.૮ ટકા પૈકી મ્યુચ્યુઅલ ફંડો અને અન્યો પાસે ૨૦.૮ ટકા, બેંકો-નાણા સંસ્થાઓ પાસે ૧.૭ ટકા, ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસે ૯ ટકા, એફઆઈઆઈઝ પાસે ૩૦.૩ ટકા અને રિટેલ સહિત પાસે ૧૨.૩ ટકા છે.

કોટક મહિન્દ્રા બેંકની સબસીડિયરી કંપનીઓમાં કોટક પ્રાઈમ, કોટક લાઈફ ઈન્સ્યોરન્સ, કોટક એસેટ મેનેજમેન્ટ કંપની, કોટક સિક્યુરિટીઝ, કોટક ઈન્વેસ્ટમેન્ટ્સ, કોટક મહિન્દ્રા કેપિટલ, કોટક ઓફશોર એએમસી, કોટક ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ,નો સમાવેશ છે.

બુક વેલ્યુ : માર્ચ ૨૦૨૪ના રૂ.૪૮૭, માર્ચ ૨૦૨૫ના રૂ.૫૯૦, અપેક્ષિત માર્ચ ૨૦૨૬ના રૂ.૬૫૮, અપેક્ષિત માર્ચ ૨૦૨૭ના રૂ.૭૪૨

ચોખ્ખી વ્યાજ આવક રૂ.૨૫,૯૯૦ કરોડની તુલનાએ ૨૮,૩૪૦ કરોડ મેળવી ચોખ્ખો નફો રૂ.૧૩,૭૮૦ કરોડથી વધીને રૂ.૧૬,૪૫૦ કરોડ નોંધાવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૬૯.૨થી વધીને રૂ.૮૨.૭ હાંસલ કરી હતી.

ચોખ્ખી વ્યાજ આવક રૂ.૭૦૧૯.૬ કરોડની તુલનાએ ૪.૧ ટકા વધીને રૂ.૭૩૧૦.૭ કરોડ મેળવી ચોખ્ખો નફો રૂ.૩૩૪૩.૭ કરોડની તુલનાએ ઘટીને રૂ.૩૨૫૩.૩ કરોડ નોંધાવ્યો છે.

અપેક્ષિત ચોખ્ખી વ્યાજ આવક રૂ.૩૦,૩૯૮ કરોડ મેળવી ચોખ્ખો નફો રૂ.૧૩,૯૩૯ કરોડ નોંધાવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૭૦.૧ અપેક્ષિત છે.

અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૩૬,૧૩૬ કરોડ થકી અપેક્ષિત ચોખ્ખો નફો રૂ.૧૭,૩૮૨ કરોડ મેળવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૮૭.૪ અપેક્ષિત છે.

આમ(૧) લેખક ઉપરોકત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨) ભારતના બેંકિંગ ઉદ્યોગમાં અગ્રણી બેંકો પૈકી એક કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ, અપેક્ષિત પૂર્ણ વર્ષ ૨૦૨૬-૨૭માં અપેક્ષિત શેર દીઠ આવક રૂ.૮૭.૪ અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૭૪૨ સામે રૂ.૫ પેઈડ-અપ શેર એનએસઈ, બીએસઈ પર રૂ.૨૧૬૪ ભાવે ૨૪.૫ના પી/ઈએ ટ્રેડ થઈ રહ્યો છે.

# '2029માં પણ મોદી જ PM, રાહુલ બાબા હારથી ન થાકો': શાહનો કોંગ્રેસ પર પ્રહાર, કહ્યું જનતાને જે ગમે, તેનો વિરોધ કરો, તો મત ક્યાંથી મળે, 27 કિમી ડ્રેનેજ લાઇનનું લોકાર્પણ

**અમદાવાદ, તા.28**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આધુનિક ટેકનોલોજીની મદદથી ખાડો ખોદ્યા વિના તૈયાર થયેલી 27 કિમી લાંબી ડ્રેનેજ લાઇનનું લોકાર્પણ કરતા વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. આ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે, વર્ષ 2029માં પણ નરેન્દ્ર મોદી જ દેશના વડાપ્રધાન બનશે, સાથે જ તેમણે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે 'રાહુલ બાબા, હારથી થાકો નહીં'. શાહે વિપક્ષની ટીકા કરતા ઉમેર્યું હતું કે, જે બાબતો જનતાને ગમે છે તમે હંમેશા તેનો જ વિરોધ કરો છો, તો પછી જનતા તમને મત ક્યાંથી આપે? વિકાસના કાર્યોની પ્રશંસા કરતા તેમણે આ નવી ડ્રેનેજ લાઇનને એન્જિનિયરિંગનો ઉત્તમ નમૂનો ગણાવ્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજે આનંદ થાય તેવી કાર્યક્રમ છે. ખૂબ નાનકડો પણ મોટો પ્રસંગ વણઝરમાં થયો છે. 73માં જેમનું બધું જ ઉજડી ગયું તેવા કેટલાક લોકો તે સમયે અહીંયા આવીને વસ્યા. 50 વર્ષ પેઢીએ સુધી રહ્યા પરંતુ પ્લોટની માલિકી કોઈક કારણસર અટકી ગઈ હતી. અમિત ઠાકરે આ મુદ્દાનો ઉકેલ લાવવા કામ કર્યું તે મહત્વનું છે. ફાઈલોને અંજામ સુધી અમિત ઠાકરે કામ કર્યું છે. લોકોના જીવનમાં આજે ઘણો મોટો પ્રસંગ છે. આજથી આ તમામ લોકો માટે આ પ્રક્રિયા કાયદેસર થઈ ગઈ છે.

બીજી સમસ્યા અમદાવાદના 9 વોર્ડમાં રહેતા 15 લાખ લોકો અને 4500 સોસાયટીના ગટરના પાણીની નિકાલની વ્યવસ્થા નહતી. આખી ક્ષેત્ર વસતા વસતા ગામડાઓ જઈ શહેર બન્યું. જેથી તેની ચિંતા કરવી હોય તો સમય અને બજેટ બંનેની જરૂર હતી. કેટલીક જગ્યાએ ગટર ઉભરાતી હતી જેનાથી દુઃખ થતું હતું. 400 કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને વ્યાસની પાઈપો પણ ઉતારવામાં આવી છે. નદી જતી હોય તે પાણી જતું મેં જોયું છે. ગટરના પાણીના કારણે લોકોના સ્વાસ્થ્ય પર અસર



થતી હતી. 15 લાખ લોકોમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા થઈ છે. વેસ્ટર્ન ટ્રન્ક લાઈનનું લોકાર્પણ ઓછા સમયમાં થશે તેનો મને પણ વિશ્વાસ નહતો. 15 લાખનો આબાદી એટલે એક શહેર કહેવાય તેની સમસ્યા દૂર થઈ છે. જ્યારે પણ ફોન કરતો ત્યારે ગુસ્સો થઈને વાત કરવી પડતી હતી. પરંતુ તે લોકો કહેતા કે સાહેબ જલ્દી કામ પૂરું થઈ જશે તે થઈ ગયું છે.

'ગટરની વ્યવસ્થા ન હોવા છતાં ક્યારેય આંદોલન કર્યું નથી, જેથી રાહુલ ગાંધીએ આ સમજવાની જરૂર' અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ સંસદમાં એક વિચિત્ર સવાલ કર્યો કે દર વખતે અમે કેમ ચૂંટણી હારી જઈએ છીએ અરે રાહુલ ગાંધી અમારી વિનંતી છે કે આ બે કાર્યક્રમ સમજી લો તો તમને સમજાઈ જશે કે તમે કેમ ચૂંટણી હારો છો. કોઈ મોટું આંદોલન થયું નથી કોઈએ મને રોક્યો પણ નથી. કોઈએ પણ કશું પણ કહ્યા વગર વર્ષો જૂની માંગણી સંવેદનશીલતાના કારણે પૂરી થઈ છે. જનતા માંગણી કરે કે ન કરે પરતું તેનું કામ કરવાનું કામ ભાજપ અને નરેન્દ્ર મોદીએ કહ્યું છે. 15 લાખ લોકોની વસ્તીની ગટરની વ્યવસ્થા ન હોવા છતાં ક્યારેય પણ કોઈએ કોઈ આંદોલન કર્યું નથી. જેથી રાહુલ ગાંધીએ આ સમજવાની જરૂર છે પરંતુ જે તેમનો વિષય નથી SIR જેવી વસ્તુઓમાં ધ્યાન આપે છે. શાહે વિપક્ષ પર પ્રહાર કરતાં કહ્યું કે, બંગાળ અને તમિલનાડુમાં પણ હરાવીશું તે નક્કી કરીને રાખ્યું છે. ફરી એક વખત મોદીની સરકાર બનશે. રામ મંદિર બનાવીએ તો તમે તેનો વિરોધ કરો છો. જે પણ નિયમ લાવીએ તેનો તમે વિરોધ કરો છો તો તમને ક્યાંથી મત મળવાના છે. જેને પોતાની પાર્ટી નથી સમજાવી શકી તેને અમે કઈ રીતે સમજાવી શકીશું.

અમે રામ મંદિર બનાવીએ તમે વિરોધ કરો, પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક કરીએ તમે વિરોધ કરો, એર સ્ટ્રાઇક કરીએ તમે વિરોધ કરો, બાંગ્લાદેશી ઘુસણખોરો ભગાવીએ વિરોધ કરો, કાશીનું મંદિર બનાવીએ વિરોધ કરો, ટ્રિપલ તલાક 370ની કલમ હટાવીએ તમે વિરોધ કરો, કોમન સિવિલ કોડ લાવીએ તેનો વિરોધ કરો. જનતાને જે ગમે છે તેનો તમે વિરોધ કરો છો, ક્યાંથી મત મળે ભાઈ. રાહુલ બાબાને સમજાવવાની ક્ષમતા મારી પણ નથી. જેને પોતાની પાર્ટી વાળા સમજાવી ન શકે તેને વિરોધ કરવા વાળા ક્યાંથી સમજાવી શકે. SG હાઈવે અને SP રિંગ રોડની બહાર ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ત્યારે આ વિસ્તારમાં ગટર ઉભરાવાની સમસ્યાના અંત માટે અમદાવાદ મ્યુનિ.એ ગુજરાતમાં પ્રથમ વખત 2500 મીમી વ્યાસની સૌથી મોટી લાઇનો 326 કરોડના ખર્ચે નાખી છે. વૈષ્ણોદેવીથી ફતેવાડી સુધી 27 કિમી લંબાઈની આ લાઈનનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે રવિવારે લોકાર્પણ કર્યું છે. 15 લાખ કરતાં વધારે લોકોને આ વેસ્ટર્ન ટ્રંક લાઈનનો લાભ મળશે.

# અમદાવાદમાં ફરી ડમ્પરચાલકે લીધો નિર્દોષનો જીવ, કઠવાડા રોડ પર ડમ્પરની ટક્કરે મહિલાનું કમકમાટીભર્યું મોત....

**અમદાવાદ, તા.28**

અમદાવાદમાં અકસ્માતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે આજે(28 ડિસેમ્બર) બપોરે અંદાજે 1 વાગ્યાની આસપાસ કઠવાડા તરફ જતાં રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરની ટક્કર વાગતા એક મહિલાનું મોત નીપજ્યું છે. ઘટના સમયે લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. આ દરમિયાન ડમ્પરચાલક ભાગવાનો પ્રયાસ કરતાં લોકોએ તેને પકડીને પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.




મળતી માહિતી મુજબ, અમદાવાદના કઠવાડા તરફ જતાં રોડ પર દાસ્તાન સર્કલથી પસાર થઈ રહેલા 31 વર્ષીય મધુ દેવી નામના મહિલાને પાછળથી પૂરઝડપે આવતા ડમ્પરચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, મધુ દેવીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જે બાદ પોલીસે પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ સિવિલ હોસ્પિટલ મોકલ્યો હતો.

જ્યારે અકસ્માત સર્જીને ભાગવાનો પ્રયાસ કરી રહેલા ડમ્પરચાલકને આસપાસના લોકોએ ઝડપી પાડ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ ડમ્પરચાલકને પોલીસના હવાલે કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને ડમ્પરચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ અકસ્માત સર્જનાર ડમ્પરચાલક અગાઉ પણ ગંભીર અકસ્માતો કરી ચુક્યો છે, જેમાં બે અલગ-અલગ વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. વારંવાર અકસ્માત સર્જતા આ ચાલક સામે હવે પોલીસ કડક હાથે કામગીરી કરી રહી છે.

# અમદાવાદમાં પોલીસની હાજરીમાં યુવકે મહિલાને લાફો ઝીંક્યો : ઘર ઉપર પેવર બ્લોકના છુટ્ટા ઘા કર્યા

**અમદાવાદ, તા.28**

અમદાવાદના ખોખરા વિસ્તારમાં માત્ર સિગરેટના પૈસા માંગવા જેવી નજીવી બાબતે જય અંબે ફાસ્ટ ફૂડની દુકાનમાં વિવાદ સર્જાયો હતો, જેમાં દુકાનદાર અને ગ્રાહક વચ્ચે સામસામે મારામારી થતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ભાઈપુરાની વિશ્વાસ પાર્ક સોસાયટી પાસે થયેલા આ ઝઘડામાં દુકાનદારનો આક્ષેપ છે કે, મોન્ટુ કોસ્ટી નામના શખ્સે પૈસા માંગતા ઉશ્કેરાઈને તેમને લાફા માર્યા હતા અને પોલીસની હાજરીમાં તેમની દીકરી પર પણ હુમલો કર્યો હતો.

સામા પક્ષે મોન્ટુએ વળતો આક્ષેપ કર્યો છે કે, દુકાનદારે ગાળો બોલી તેની સાથે ઝપાઝપી કરી હતી અને તેમની પત્નીએ ચપ્પુ વડે હુમલો કરતા તેને દાઢીના ભાગે ઈજા થઈ હતી. હાલ ખોખરા પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધીને તપાસનો ધમધમાટ શરૂ



કર્યો છે. ખોખરાના ભાઈપુરા વિસ્તારમાં આવેલા વિશ્વાસ પાર્ક સોસાયટી પાસે જય અંબે ફાસ્ટ ફૂડની દુકાનમાં મોન્ટુ કોસ્ટી અને તેના બે મિત્રોએ શનિવારે રાત્રે 9:30 વાગ્યાની આસપાસ આવીને દુકાન પર સિગરેટ માંગી હતી અને મસ્કાબનનો ઓર્ડર આપ્યો હતો. મોન્ટુ પાસે સિગરેટ ના રૂપિયા માંગતા તેણે કહ્યું કે, તું હમારે પાસ પૈસા માંગેગા? તેમ કહી એકદમથી ઉશ્કેરાઈને ગંદી બિભત્સ ગાળો બોલી અને દુકાનદારને મોઢા ઉપર ત્રણ ચાર લાફા મારી દીધા હતા. આટલેથી ન અટકાઈ પોલીસની હાજરીમાં પણ મોન્ટુએ રાજેશભાઈની દીકરી ઉપર પણ હુમલો કર્યો હતો. બાદમાં પોલીસ મોન્ટુ તેના સાથે રાહુલ અને અન્ય સાગરીતોને પકડીને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં પોલીસે રાજેશભાઈની ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવના સંદર્ભે સામે મોન્ટુએ પણ દુકાન માલિક રાજેશભાઈ સામે FIR દાખલ કરાવી છે. જેમાં ફરિયાદ અનુસાર લખાવ્યું છે કે, મેં તેમની દુકાન પર જઈને સિગરેટ અને મસ્કાબનનો ઓર્ડર આપ્યો હતો. ત્યાં રાજેશભાઈએ સિગરેટના રૂપિયા માંગતા મેં કહ્યું હતું કે, હજી તો હું ઉભો છું જતો નથી રહેવાનો પૈસા આપું છું. આવું કહેતા રાજેશ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગંદી ગાળો બોલીને ઝપાઝપી કરીને લાતો અને ફેટો મારી હતી. આ દરમિયાન તેમની પત્ની વચ્ચે આવી ગઈ હતી અને તે પણ ગંદી ગાળો બોલવા લાગી હતી.

# 1 જાન્યુઆરીથી તમામ કોર્ટમાં A-4 સાઈઝ કાગળ જ વપરાશે, ગુજરાતી-ઈંગ્લિશના ફોન્ટ વિશે પણ ફરમાન

**ગાંધીનગર, તા.28**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા નવો એક પરિપત્ર જારી કરી હવેથી ગુજરાત રાજ્યની તમામ જિલ્લા અદાલતો-કોર્ટમાં તમામ પ્રકારની પિટિશન, અપીલ, એફિડેવિટ, એપ્લિકેશન, ઓર્ડર, જજમેન્ટ વગેરે એ-4 સાઈઝના પેપર પર જ દાખલ કરવાનું કડક ફરમાન જારી કરાયું છે. રાજ્યની તમામ જિલ્લા અદાલતો માટે લાગુ પાડવામાં આવેલ આ નિયમની અમલવારી તા. 1 જાન્યુઆરી, 2026થી કરવી પડશે. હાઈકોર્ટ સહિત રાજ્યની તમામ જિલ્લા અદાલતો અને સંબંધિત કોર્ટમાં તમામ પિટિશન, એફિડેવિટ, એપ્લિકેશન, ઓર્ડર અને જજમેન્ટ વગેરે એ-4 સાઈઝના પેપર પર જ દાખલ કરવાની નવી સિસ્ટમના કારણે વર્ષે દહાડે લાખો-કરોડો રૂપિયાનો એ-4 સાઈઝનો કાગળ વપરાશે. તેનો ઉપયોગ અનેકગણો વધી જશે. જેના કારણે તેનું ઉત્પાદન પણ વધશે.

હાઈકોર્ટ દ્વારા અગાઉ 25 ઓક્ટોબર, 2025ના પરિપત્રમાં ફોન્ટ સહિતની કેટલીક બાબતોના ફેરફાર સાથે આ નવો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. કારણ કે, અગાઉ જે ફોન્ટનો ઉલ્લેખ કરાયો હતો તે આઉટડેટેડ અને યુનિકોડ સક્ષમ નહીં હોવાના કારણે ટેક્નિકલ સમસ્યાઓ આવતી હતી. તેથી હવે ફોન્ટમાં લઈને મહત્ત્વનો બદલાવ કરી કેટલીક બાબતોમા સુધારા સાથે નવો પરિપત્ર જારી કરાયો છે. પરિપત્રમાં ચોક્કસ સાઈઝના એ-4 પેપરના ઉપયોગની સાથે સાથે તેની ક્વોલિટી, ગુજરાતી ફોન્ટ, અંગ્રેજી ફોન્ટ, લાઈન સ્પેસિંગ



સહિતની બાબતોનો પણ ખાસ ઉલ્લેખ કરાયો છે અને તે મુજબ, તમામ જિલ્લા અદાલતોમાં 1 જાન્યુઆરી, 2026થી ફરજિયાતપણે અમલવારી કરવાની રહેશે. પેપરની વિગત એ 4 સાઈઝ (29.7 સે.મી બાય 21 સે.મી), ક્વોલિટી ઓછામાં ઓછું 75 જીએસએમ પ્રકારની હોવી જોઈશે, બંને બાજુ પ્રિન્ટિંગ શકય રહેશે, ગુજરાતી ફોન્ટ (યુનિકોડ જ માત્ર), ફોન્ટ સાઈઝ 16, ઇંગ્લિશ ફોન્ટ (ટીએનઆર-ટાઈમ્સ ન્યુ રોમન), ઇંગ્લીશ ફોન્ટ સાઈઝ 14, લાઈન સ્પેસિંગ 1.5 (કવોટેશન અને ઈન્ડેન્ટ મેટર માટે), તેમાં ફોન્ટ સાઈઝ 12 અને લાઈન સ્પેસિંગ સિંગલ રાખવાની રહેશે. ઉપરાંત ડાબે-જમણે ચાર સીએમનું અને ઉપર નીચે 2 સે. મીનું માર્જિન રાખવાનું રહેશે. ગુજરાત રાજ્યની તમામ જિલ્લા અદાલતોમાં એ-4 સાઈઝના પેપર સહિતની ઉપરોકત નિયમો અને નિર્દેશોની 1 જાન્યુઆરી, 2026થી અમલવારી કરવાની રહેશે.

નોંધનીય છે કે, નીચલી અદાલતોમાં અત્યાર સુધી લીગલ સાઈઝ, એ-4 સાઈઝ સિવાયની મોટી સાઈઝમાં પણ ફાઈલિંગ થતુ હતુ. પિટિશનની મુખ્ય કોપી લેજર પેપર પર થતી હતી. કોઈપણ અરજી કે, ફરિયાદ તથા સોગંદનામા કોઈપણ સાઈઝમાં ફાઈલ થઈ શકતા હતા. જો કે, હવે હાઈકોર્ટના પરિપત્રના કારણે એ-4 સાઈઝ પેપર, ફોન્ટ, લાઈન સ્પેસિંગ સહિતની તમામ બાબતોમાં ચોકસાઈ, બારીકાઈ અને એકસમાનતા જળવાશે.

અદાલતોમાં પેપરલેસ સિસ્ટમ, ઈ-કોર્ટ સિસ્ટમ ફ્રેન્ડલી, પીડીએફ સ્કેનિંગ, ઓનલાઈન ફાઈલિંગ અને ભવિષ્યમાં ડિજીટલ રેકોર્ડને ઘ્યાનમાં રાખીને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ નિર્ણય લેવાયો છે. હવેથી ગુજરાત હાઈકોર્ટ સહિત રાજ્યની તમામ જિલ્લા અદાલતોમાં ચોક્કસ પ્રકારના અને ચોક્કસ નિયમો સાથેના એ-ફોર સાઈઝના પેપર અને ફાઈલીંગની નવી સીસ્ટમ તમામ વકીલો, લીટિગન્ટ્સ(પક્ષકારો), કોર્ટ સ્ટાફ, ડ્રાફ્ટિંગ કરનાર તમામ વ્યકિતઓ અને જ્યુડિશિયલ ઓફિસર્સ માટે બહુ મહત્ત્વનો નિર્ણય બની રહેવાનો છે.

# અમદાવાદમાં જ્વેલર્સની દુકાનમાં ટોળકીએ બાળક પાસે ચોરી કરાવી

## વેપારીને વાતચીતમાં વ્યસ્ત રાખીને છોકરાને ઈશારો કર્યો ને સોનાની બુટી ભરેલી થેલી લઈ લીધી

**અમદાવાદ, તા.28**

અમદાવાદ શહેરમાં તસ્કર ટોળકી બાળકને ઢાલ બનાવીને ચોરીની ઘટનાઓને અંજામ આપી રહી છે. જેમાં આનંદનગર વિસ્તારમાં જ્વેલર્સની દુકાનમાં ચોર ટોળકીએ વેપારીને ઘરેણાં ખરીદવાના બહાને વાતોમાં સતત વ્યસ્ત રાખીને અને તે જ સમયે ટોળકીના સભ્યએ સાથે લાવેલા નાના બાળકને ઈશારો કર્યો હતો. ઈશારો મળતાની સાથે જ બાળકે વેપારીની નજર ચૂકવીને સોનાની કાંટીઓ ભરેલી આખી થેલી અત્યંત ચપળતાથી ઉઠાવી લીધી હતી.

આ સમગ્ર મામલો દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. જેથી જ્વેલર્સ દ્વારા આ મામલે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

અમદાવાદ શહેરના આનંદનગર વિસ્તારમાં આવેલા સોના ચાંદીના જ્વેલર્સની દુકાનમાંથી નજર ચૂકવીને ચોરી થઈ છે. ગ્રાહકના સ્વાંગમાં આવેલી ટોળકીએ બાળકને સાથે રાખી



સોનાના દાગીનાની ચોરી કરી છે. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

અમદાવાદના આનંદનગર વિસ્તારમાં શ્રી લક્ષ્મી જ્વેલર્સ નામની સોના ચાંદીની દુકાન આવેલી છે જેમાં વેજલપુર વિસ્તારમાં રહેતા ભાવેશ માળી દુકાનમાં નોકરી કરે છે. તેમની સાથે સુરેશભાઈ નામના વ્યક્તિ પણ નોકરી કરે છે. ગત નવેમ્બર મહિનામાં બપોરના સમયે સુરેશભાઈ જમવા માટે ગયા હતા ત્યારે ભાવેશભાઈ તેમની દુકાન ઉપર હાજર હતા.

બપોરના સમયે એક અજાણી મહિલા અને પુરુષ નાના 12 વર્ષના બાળક સાથે દુકાનમાં આવ્યા હતા. કાનમાં અને નાકમાં પહેરવાની સોનાની કાંટીઓ બતાવવાની વાત કરી હતી. બે મિનિટ બાદ અન્ય એક મહિલા અને પુરુષ દુકાનમાં આવ્યા હતા અને ચાંદીનું છતર જોવા માંગ્યું હતું. પરંતુ ભાવેશભાઈએ તેમને બતાવ્યું નહીં જેથી તેઓ ત્યાંથી જતા રહ્યાં હતાં.

નાના બાર વર્ષના બાળક સાથે આવેલી મહિલા અને પુરુષને ભાવેશભાઈ દ્વારા સોનાની કાંટીઓ બતાવવામાં આવી રહી હતી. બાદમાં તેઓ કોઈપણ ખરીદી કરાવી ના જતા રહ્યા હતાં. જે બાદ તેઓએ સોનાની કાંટીઓની ગણતરી કરતા તેમાંથી ત્રણ લાખ રૂપિયાની સોનાની કાંટીઓ ગાયબ હતી.

સીસીટીવી ફૂટેજમાં જોતા મહિલા અને પુરુષ સોનાની કાંટીઓ જોઈ રહ્યાં હતા. ક્યારે વાતચીતમાં વ્યસ્ત રાખીને નાના છોકરાને ઈશારો કરતા 12 વર્ષના બાળકે સોનાની કાંટીઓ ભરેલી થેલી લઈ લીધી હતી. જેથી આ મામલે દુકાન માલિકને જાણ કરતા તેઓ દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાનું કહેતા આનંદનગર પોલીસે ગુનો નોધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




